અમદાવાદથી પ્રકાશિત થતું ગુજરાતી દૈનિક

# ચેનલ નાઈન નેટવર્ક ગુજરાત

તારીખ : ૨૭ ફેબ્રુઆરી ૨૦૨૫, ગુરુવાર
વિક્રમ સંવત ૨૦૮૧, મહા વદ ૧૪
વર્ષ : ૧૬
અંક : ૨૩૬
તંત્રી : પટેલ સુરેશ રમણલાલ
અમદાવાદ
કિંમત : રૂા. ૨.૦૦
પાના : ૮

ઓફિસ : ૩૧૫, સુપર પ્લાઝા, સંદેશ પ્રેસ રોડ, વસ્ત્રાપુર, અમદાવાદ - ૩૮૦ ૦૧૫. ટેલિફોન : ૦૭૯-૨૬૭૬૫૭૩૩ e-mail : cnngujarat@yahoo.com, cnngujarat@gmail.com RNI Reg. No. GUJGUJ/2009/28886

### બોર્ડની પરીક્ષામાં ૧૪ લાખ વિદ્યાર્થીઓ ભાગ લેશે

# આજથી ગુજરાત બોર્ડની ધોરણ ૧૦-૧૨ની પરીક્ષાનો પ્રારંભ થશે

## બોર્ડ પરીક્ષાને લઈને કલેકટર દ્વારા શહેર અને ગ્રામ્યમાં વર્ગ ૧-૨ના ૫૫ અધિકારીઓ ફાળવાશે, જેઓ નક્કી કરાયેલી બિલ્ડીંગોમાં સ્થાયી સ્કવોડ તરીકે રહેશે

। (એજન્સી) ગાંધીનગર, તા.૨૬ ।

ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ દ્વારા રાજ્યભરમાં આવતીકાલે ૨૭ ફેબ્રુઆરીને ગુરૂવારથી ધો.૧૦ અને ધો.૧૨ના બંને પ્રવાહોની બોર્ડની પ રીક્ષાનો પ્રારંભ થશે. ગત વર્ષની સરખામણીએ આ વર્ષે ૧૧ દિવસ વહેલી શરૂ થનાર બોર્ડ પરીક્ષાને લઈ એક તરફ જિલ્લા વહિવટી તંત્રએ છેલ્લી ઘડીની તૈયારીઓને આખરી ઓપ આપ્યો છે. તો બીજી તરફ, વિદ્યાર્થી- વાલીઓમાં પ રીક્ષાને લઈ સજ્જતા જોવા મળી રહી છે. આવતીકાલથી રાજ્યમાં ધોરણ ૧૦ અને ૧૨ના વિદ્યાર્થીઓની બોર્ડની પરીક્ષાનો પ્રારંભ થઈ રહ્યો છે. ત્યારે શિક્ષણમંત્રીએ એક્સ પર પોસ્ટ કરીને શુભેચ્છા પાઠવી હતી. તેમણે કહ્યું હતું કે ‘આ પરીક્ષામાં ગુજરાતના અંદાજે ૧૪ લાખ જેટલા વિદ્યાર્થીઓ દીકરા દીકરીઓ બેસવા જઈ રહ્યા છે. આ તમામ વિદ્યાર્થીઓને સફળતાની ખૂબ ખૂબ શુભકામનાઓ પાઠવું છું.’ આવતીકાલથી ધો.૧૦ અને ૧૨ની પરીક્ષા શરૂ થઈ રહી છે, ત્યારે સૌથી વધુ વિદ્યાર્થીઓ ધરાવતા અમદાવાદ જિલ્લામાં આ વર્ષે ધોરણ ૧૦ અને ૧૨ના ૧૩ હજારથી વધુ વિદ્યાર્થીઓ ઘટ્યા છે. બોર્ડ પરીક્ષાને લઈને કલેકટર દ્વારા શહેર અને ગ્રામ્યમાં વર્ગ ૧-૨ના ૫૫ અધિકારીઓ ફાળવાશે, જેઓ નક્કી કરાયેલી બિલ્ડીંગોમાં સ્થાયી સ્કવોડ તરીકે રહેશે. ધોરણ ૧૦ અને ૧૨ની બોર્ડની પરીક્ષામાં અમદાવાદ શહેરમાં આ વર્ષે ધો. ૧૦માં ૫૪૬૧૬ વિદ્યાર્થીઓ છે અને ૭ ઝોનમાં ૩૩ કેન્દ્રોમાં ૧૮૫ બિલ્ડીંગોના ૧૮૪૨ બ્લોકમાં પરીક્ષા લેવાશે. ધો.૧૨ સા.પ્ર.માં ૨૯૭૨૬ વિદ્યાર્થીઓ નોંધાયા છે અને પાંચ ઝોનમાં ૨૬ કેન્દ્રોમાં ૧૦૦ બિલ્ડીંગોમાં ૯૩૭ બ્લોકમાં પરીક્ષા લેવાશે. જ્યારે ધોરણ ૧૨ સાયન્સમાં ૭૮૫૩ વિદ્યાર્થી નોંધાયા છે અને પાંચ ઝોનમાં ૧૦ કેન્દ્રોમાં ૩૭ બિલ્ડીંગોના ૪૦૩ બ્લોકમાં પરીક્ષા લેવાશે. અમદાવાદ શહેરમાં આ વર્ષે કુલ ૬૯ કેન્દ્રોમાં ૯૨૭૨૬ વિદ્યાર્થીઓ પરીક્ષા આપ શે. ગત વર્ષે ૭૦ કેન્દ્રોમાં ૧૦૧૩૫૨ વિદ્યાર્થીઓ નોંધાયા હતા.આમ શહેરમાં ૮૬૨૬ વિદ્યાર્થીઓ ઘટ્યા છે. અમદાવાદ ગ્રામ્યમાં ધો ૧૦માં ૪૬૦૨૦ વિદ્યાર્થીઓ નોંધાયા છે અને ચાર ઝોનમાં ૩૬ કેન્દ્રોમાં ૧૪૬ બિલ્ડીંગોમાં ૧૫૩૪ બ્લોકમાં પરીક્ષા લેવાશે. ધો.૧૨ સામાન્ય પ્રવાહમાં ૨૧૮૪૦ વિદ્યાર્થીઓ નોંધાયા છે અને ચાર ઝનોમાં ૩૧ કેન્દ્રોમાં ૭૧ બિલ્ડીંગોમાં ૭૨૮ બ્લોકમાં પરીક્ષા લેવાશે. જ્યારે ધો.૧૨ સાયન્સમાં ૫૪૦૦ વિદ્યાર્થીઓ નોંધાયા છે અને ચાર ઝોનમાં ૨૮ બિલ્ડીંગોમાં ૨૭૦ બ્લોકમાં પરીક્ષા લેવાશે. ગ્રામ્યમાં આ વર્ષે કુલ ૬૭ કેન્દ્રોમાં ૨૪૫ બિલ્ડીંગોમાં ૭૩૨૬૦ વિદ્યાર્થીઓ પરીક્ષા આપશે. ગત વર્ષે ૬૭ કેન્દ્રોમાં ૨૬૧ બિલ્ડીંગોમાં ૭૭૮૩૦ વિદ્યાર્થી નોંધાયા હતા. આમ ગ્રામ્યમાં ૪૫૭૦ વિદ્યાર્થીઓ ઘટ્યા છે. મહાશિવરાત્રીની સ્કૂલોમાં જાહેર રજા હતી પરંતુ બોર્ડ પ રીક્ષાને લઈને સ્કૂલો ચાલુ રહી હતી. વિદ્યાર્થીઓ બિલ્ડીંગ-બેઠક નંબર જોવા પહોંચ્યા હતા. દરેક સ્કૂલોને બપોરે સ્કૂલો ચાલુ રાખવા માટે આદેશ કરાયો હતો કારણકે ૨૭મીથી બોર્ડ પરીક્ષા શરૂ થઈ રહી છે. વિદ્યાર્થીઓ-વાલીઓ બપોરે ૩થી ૫ દરમિયાન સ્કૂલે જઈને બેઠક વ્યવસ્થા-નંબર જોયા હતા.



### ટ્રમ્પની ગોલ્ડ કાર્ડ યોજના

## ૪૩.૫૫ કરોડ રૂપિયા આપીને બનો અમેરિકાના નાગરિક

### આ ગોલ્ડ કાર્ડ, ગ્રીન કાર્ડનું પ્રીમિયમ વર્ઝન હશે, ગોલ્ડ કાર્ડ મેળવ્યા બાદ વ્યકિતને ગ્રીન કાર્ડથી વિશેષ અધિકાર આપવામાં આવશે

। (એજન્સી) વોશિંગ્ટન ડીસી, તા.૨૬ ।

અમેરિકા જઈને વસવા ઈચ્છતા ધનાઢ્ય લોકો માટે ટ્રમ્પે સારા સમાચાર આપ્યા છે. આ માટે તેમણે મોટી રકમ ખર્ચ કરવી પડશે. ટ્રમ્પની યોજના મુજબ જે લોકો અમેરિકાની નાગરિકતા મેળવવા ઈચ્છતા હોય તેમણે ૫ મિલિયન ડૉલર (આશરે ૪૩ કરોડ ૫૫ લાખ રૂપિયા) ખર્ચ કરવા પડશે. આ યોજનાને ગોલ્ડ કાર્ડ યોજના નામ આપવામાં આવ્યું છે.આ ગોલ્ડ કાર્ડ, ગ્રીન કાર્ડનું પ્રીમિયમ વર્ઝન હશે. ગોલ્ડ કાર્ડ મેળવ્યા બાદ વ્યકિતને ગ્રીન કાર્ડથી વિશેષ અધિકાર આપવામાં આવશે. તેનાથી અમેરિકામાં રોકાણ કરવામાં અને નાગરિકતા મેળવવાનો મોકો પણ મળશે. ભવિષ્યમાં એક મિલિયન એટલે કે ૧૦ લાખ કાર્ડ વેચવામાં આવશે.આ યોજનાનો ટાર્ગેટ વિશ્વભરમાંથી ધનવાન લોકોને અમેરિકા તરફ ખેંચવાનો છે. જે દેશમાં નોકરીઓની તકો પણ વધારશે. ટ્રમ્પે કહ્યું, અમે એક ગોલ્ડ કાર્ડ વેચવા જઈ રહ્યા છીએ. આ કાર્ડની કિંમત લગભગ ૫ મિલિયન ડૉલર હશે. ઑવલ ઓફિસમાં વાણિજ્ય સચિવ હાર્વર્ડ લુટનિક સાથે કાર્યકારી આદેશ પર સહી કરતાં ટ્રમ્પે કહ્યું, અમે એક ગોલ્ડ કાર્ડ વેચવા જ રહ્યા છીએ. તમારી પાસે ગ્રીન કાર્ડ છે, પરંતુ આ ગોલ્ડ કાર્ડ છે. તેની કિંમત ૫ મિલિયન ડૉલર હશે અને તેનાથી તમને ગ્રીન કાર્ડ જેવા વિશેષ અધિકાર મળશે. ટ્રમ્પે કહ્યું, ઈબી ૫ વીઝા કાર્યક્રમને ગોલ્ડ કાર્ડમાં બદલવામાં આવશે. જે મોટી રકમવાળા વિદેશી નાગરિકોને અમેરિકામાં નોકરી સર્જન કરવા માટે કાયમી રહેઠાણની મંજૂરી આપે છે. USCIS વેબસાઈટ મુજબ, ઈબી ૫ ની શરૂઆત ૧૯૯૦માં કૉંગ્રેસે વિદેશી રોકાણકારો દ્વારા રોજગારી સર્જન અને મૂડી રોકાણના માધ્યમથી અમેરિકાના અર્થતંત્રને પ્રોત્સાહિત કરવા માટે કરી હતી.

## ફડણવીસ સરકારે કર્મચારીઓના મોંઘવારી ભથ્થામાં ૧૨%નો વધારો કર્યો

। (એજન્સી) મુંબઈ, તા. ૨૬ ।

હોળીનો તહેવાર આવે તે પહેલા સરકારી કર્મચારીઓ માટે ખુશખબર આવી છે. મહારાષ્ટ્રની દેવેન્દ્ર ફડણવીસ સરકારે કર્મચારીઓના મોંઘવારી ભથ્થામાં ૧૨ ટકાનો વધારો કર્યો છે. મહારાષ્ટ્ર સરકારે મંગળવારે એક આદેશ જાહેર કરીને પોતાના કર્મચારીઓના મોંઘવારી ભથ્થામાં ૫માં પગારપંચ અંતર્ગત ૧૨ ટકાનો વધારો કર્યો છે. જે ૧ જૂલાઈ ૨૦૨૪થી લાગૂ થશે. સરકારી પ્રસ્તાવ અનુસાર ડીએને ૪૪૩ ટકાથી સંશોધિત કરીને ૪૫૫ ટકા કરી દેવામાં આવ્યું છે. તેની ચુકવણી ૨૦૨૫ની ફેબ્રુઆરીમાં આવતી સેલરી સાથે જોડી દેવામાં આવશે. તેમાં ૧ જૂલાઈ ૨૦૨૪થી ૩૧ જાન્યુઆરી ૨૦૨૫ સુધીનું બાકી પણ સામેલ છે. રાજ્યના નાણા વિભાગના એક અધિકારીએ જણાવ્યું કે, ડીએ વધારાથી લગભગ ૧૭ લાખ કર્મચારીઓને લાભ મળે તેવી આશા છે. આદેશમાં કહેવાયું છે કે સંશોધિત મોંઘવારી ભથ્થા પર થનારો ખર્ચને સરકારી કર્માંરીઓ માટે સંબંધિત વેતન અને ભથ્થામાં વહેંચવા માટે બજેટમાંથી જોગવાઈ પુરી કરવામાં આવશે. અહીં ઉલ્લેખનિય છે કે રાજ્ય સરકારી કર્મચારીઓ લાંબા સમયથી મોંઘવારી ભથ્થામાં વધારાની માંગ કરી રહ્યા હતા. કર્મચારીઓની માંગ અને વર્તમાન ફુગાવાને ધ્યાનમાં રાખીને, સરકારે ભથ્થામાં વધારો કરવાનું વિચાર્યું અને અંતે ડીએમાં ૧૨ ટકાનો સીધો વધારો જાહેર કર્યો. રાજ્યના લાખો સરકારી કર્મચારીઓએ સરકારના આ નિર્ણયનું સ્વાગત કરીને ખુશી વ્યક્ત કરી છે. બીજી તરફ, કેન્દ્ર સરકાર પણ તેના કર્મચારીઓ માટે ૮મા પગાર પંચને લાગુ કરવાની તૈયારીમાં વ્યસ્ત છે. ૮મું પગાર પંચ ૧ જાન્યુઆરી, ૨૦૨૬ થી લાગુ થવાનું છે. જોકે, કેટલાક નિષ્ણાતો માને છે કે વિલંબ થઈ શકે છે. ૮મા પગાર પંચના અમલ પછી, કેન્દ્ર સરકારના કર્મચારીઓના પગારમાં નોંધપાત્ર વધારો થશે.

## વૈશ્વિક સ્તરે સોનું મોંઘું થતા ભારતમાં સોનાની આયાત નીચા મથાળે

। (એજન્સી) નવી દિલ્હી, તા.૨૬ ।

વૈશ્વિક સ્તરે સોનાના ભાવ સર્વોચ્ચ સ્તરે પહોંચતા ચાલુ મહિનાની ભારતની સોનાની આયાત વાર્ષિક ધોરણે ૮૫ ટકા જેટલી નીચી અલબત્ત કહીએ તો ફેબ્રુઆરીની આયાત વીસ વર્ષના તળિયે જોવા મળી રહી છે. વાણિજ્ય મંત્રાલયના ડેટા અનુસાર ફેબ્રુઆરી ૨૦૨૪માં ૧૦૩ ટનની સામે વર્તમાન વર્ષના આ મહિનામાં સોનાની આયાત ૧૫ ટન જેટલી રહ્યાનો અંદાજ છે, જે છેલ્લા બે દાયકામાં કોઈ એક મહિનાની સૌથી નીચી આયાત છે. જાન્યુઆરીની સોનાની આયાત વોલ્યુમની દ્રષ્ટિએ ૩૫ ટનથી ઓછી રહી છે જ્યારે મૂલ્યની દ્રષ્ટિએ ૨.૬૮ અબજ ડોલર સાથે ડિસેમ્બરની સરખામણીએ ૪૩ ટકા નીચી રહી હતી. વિશ્વમાં સોનાના બીજા મોટા આયાતકાર દેશ ભારતમાં ગોલ્ડની નીચી આયાતથી વેપાર ખાધ અંકૂશમાં રાખવામાં મદદ મળશે એટલું જ નહીં ડોલર સામે રૂપિયાને વધુ નબળો પડતો અટકાવી શકાશે એવો પણ મત વ્યકત કરવામાં આવી રહ્યો છે. ભૂ-રાજકીય અશાંતિને કારણે ૨૦૨૪માં મોટાભાગની વૈશ્વિક કેન્દ્રીય બેક્રો દ્વારા સોનાની નોંધપાત્ર ખરીદી રહી હતી જેને કારણે સોનાના ભાવમાં વિક્રમી ઉછાળો જોવા મળ્યો હતો. વર્તમાન સપ્તાહમાં સોનાના ઔંસ દીઠ ભાવ ઉછળી ૨૯૫૬ ડોલરની વિક્રમી સપાટીએ પહોંચ્યા હતા. ઊંચા ભાવને કારણે ભારતના ટ્રેડરો તથા જ્વેલર્સ દ્વારા ખરીદી ધીમી પડી છે. ભાવ ઊંચા જળવાઈ રહેશે તો ભારત દ્વારા ખરીદીમાં વધુ ઘટાડો જોવા મળે તેમ સૂત્રો જણાવે છે. નોંધનીય છે કે ૨૦૨૪માં દેશની ગોલ્ડ માગ ઊંચી રહ્યા બાદ વર્તમાન વર્ષમાં તેમાં ઘટાડો જોવા મળવાની સંભાવના છે. સોનાના ભાવમાં સતત વધારાને કારણે વર્તમાન વર્ષમાં જ્વેલરીની માગ નીચી રહેવા સંભવ છે, એમ વર્લ્ડ ગોલ્ડ કાઉન્સિલના રિપોર્ટમાં તાજેતરમાં જણાવાયું હતું.

### ન્યૂઝ બ્રિફ

## માતા વિરુદ્ધ અદાલતમાં દીકરાએ દાખલ કરી અરજી

। (એજન્સી) નવી દિલ્હી, તા.૨૬ ।

જસ્ટિસ જસગુરપ્રીત સિંહ અરજીની સુનાવણી કરી રહ્યા હતા. બાર અને બેન્ચના અહેવાલ મુજબ, તેમણે અરજદાર પર ૫૦,૦૦૦ રૂપિયાનો દંડ ફટકાર્યો છે. આ ઉપરાંત, તેને આ રકમ તેની માતાના નામે ૩ મહિનાની અંદર જમા કરાવવાનો આદેશ આપવામાં આવ્યો છે. તેમણે આ અરજીને કળિયુગનું ઉદાહરણ ગણાવી છે. તેમણે કહ્યું કે, આ કળિયુગનું ઉદાહરણ છે, જે આ ઘટના બને છે. આનાથી કોર્ટનો અંતરાત્મા હચમચી ગયો છે. ફેમિલી કોર્ટના મુખ્ય ન્યાયાધીશ દ્વારા આપવામાં આવેલા આદેશમાં કોઈ ગેરકાયદેસરતા નથી. ૫ હજાર રૂપિયાની રકમ પણ ઓછી હતી એમ કહેવું ખોટું નહીં હોય. જોકે, પ્રતિવાદી વિધવા વતી તેમાં ઉમેરો કરવા માટે કોઈ અરજી દાખલ કરવામાં આવી નથી. ૭૭ વર્ષીય મહિલાના પતિનું ૧૯૯૨માં અવસાન થયું હતું. તેમને એક પુત્ર અને એક પરિણીત પુત્રી છે. તેમનો બીજો દીકરો મૃત્યુ પામ્યો છે અને તેમના પરિવારમાં પત્ની અને બે બાળકો છે. પતિના મૃત્યુ પછી, વૃદ્ધ મહિલાએ તેના પુત્રો અને પૌત્રોમાં ૫૦ વીઘા જમીન વહેંચી દીધી.

### નીતિશ સરકારમાં ભાજપનું વર્ચસ્વ વધ્યું

## ચૂંટણી પહેલા નીતિશ સરકારમાં ૭ ધારાસભ્યે લીધા મંત્રી પદના શપથ

### સાંજે ચાર વાગ્યે રાજ્યપાલે બિહાર સરકારના નવા મંત્રીઓને પદ અને ગુપ્તતાના શપથ લેવડાવ્યા હતા

। (એજન્સી) પટણા, તા.૨૬ ।

બિહાર ચૂંટણી પહેલા આજે નીતિશ કુમાર મંત્રીમંડળનું વિસ્તરણ કરવામાં આવ્યું હતું. આજે સાંજે ચાર વાગ્યે રાજ્યપાલે બિહાર સરકારના નવા મંત્રીઓને પદ અને ગુપ્તતાના શપથ લેવડાવ્યા હતા. નીતિશ મંત્રીમંડળના વિસ્તરણ પહેલા જ દિલીપ જયસ્વાલે મંત્રી પદ પરથી રાજીનામું આપી દીધું હતું. આ મંત્રીમંડળ વિસ્તરણમાં સાત મંત્રીઓએ શપથ લીધા છે. આ બધા સાત મંત્રીઓ ભાજપના ક્વોટામાંથી છે. નીતિશ મંત્રીમંડળનું વિસ્તરણ દરમિયાન એક પછી એક ૭ ભાજપના ધારાસભ્યો મંત્રી તરીકે શપથ લીધા હતા. બિહાર સરકારમાં મંત્રી બનેલા સાત નેતાઓના નામ જાહેર થયા છે. આ યાદીમાં દરભંગાના ધારાસભ્ય સંજય સરાવગીનું નામ પહેલા છે. બિહારશરીફના ધારાસભ્ય સુનીલ કુમાર, જાલેના ધારાસભ્ય જીવેશ મિશ્રા, સાહેબગંજના ધારાસભ્ય રાજુ કુમાર સિંહ, રીગાના ધારાસભ્ય મોતીલાલ પ્રસાદની સાથે વિજય કુમાર મંડલ અને કૃષ્ણ કુમાર મન્ટુ પણ નવા મંત્રીઓની યાદીમાં છે.

વિધાનસભા ચૂંટણીના થોડા મહિના પહેલા જ્યારે મંત્રીમંડળ વિસ્તરણનો સમય આવ્યો,ત્યારે નીતીશે મોટું હૃદય બતાવ્યું અને ભાજપની બધી સાત ખાલી બેઠકો પર મંત્રીઓ બનાવવા સંમતિ આપી. ૨૦૨૫ની ચૂંટણીમાં દ્રઢછ ફક્ત નીતિશના નેતૃત્વમાં જ ચૂંટણી લડવાનો દાવો કરી રહ્યું છે.

બિહાર સરકારના કેબિનેટ વિસ્તરણમાં મંત્રી તરીકે શપથ લેવા જઈ રહેલા સાત ભાજપના ધારાસભ્યોના ચિત્રો સામે આવ્યા છે. આ તસવીરમાં મંત્રી તરીકે શપથ લેવા જઈ રહેલા ભાજપના ધારાસભ્ય બેઠા છે અને અન્ય નેતાઓ તેમને અભિનંદન આપતા જોવા મળે છે. આ તસવીર શપથ ગ્રહણ સમારોહ પહેલા બિહાર ભાજપ કાર્યાલયમાં યોજાયેલી બેઠકની છે. ભાજપના ધારાસભ્ય મોતીલાલ પ્રસાદે મંત્રી પદના શપથ લીધા છે. તે તેલી સમુદાયમાંથી આવે છે. તેઓ બે વાર વિધાનસભાના સભ્ય રહી ચૂક્યા છે.

ભાજપના ધારાસભ્ય રાજુ કુમાર સિંહે મંત્રી પદના શપથ લીધા. રાજુ કુમારે લોક જનશક્તિ પાર્ટીથી પોતાની રાજકીય કારકિર્દીની શરૂઆત કરી હતી. ૨૦૨૨ની ચૂંટણી વીઆઈપી ટિકિટ પર લડી અને જીતી અને થોડા સમય પછી અન્ય ૨ ધારાસભ્યો સાથે ભાજપમાં જોડાયા. તેઓ સાહેબગંજના ભાજપના ધારાસભ્ય છે. રાજપૂત સમુદાયમાંથી આવે છે.

## હઝારીબાગમાં બે જૂથો વચ્ચે પથ્થરમારો અને આગચંપી

। (એજન્સી) હઝારીબાગ, તા.૨૬ ।

હઝારીબાગમાં મહા શિવરાત્રિ નિમિત્તે બે જૂથ વચ્ચે અથડામણ થઈ હતી. મળતી માહિતી મુજબ, ઈચાક બ્લોક હેઠળના ડુમરૌન ગામમાં બે સમુદાયો વચ્ચે હિંસક અથડામણના અહેવાલ છે. આ દરમિયાન બંને જૂથો વચ્ચે ભારે પથ્થરમારો થયો અને આગચંપી થઈ હતી.

આ ઘટનામાં ઘણા લોકો ગંભીર રીતે ઘાયલ થયા છે. બદમાશોએ ત્રણ બાઈક અને એક કારને આગ ચાંપી દીધી હતી. અન્ય કેટલાક ટુ-વ્હીલર અને થ્રી-વ્હીલર વાહનોમાં પણ તોડફોડ કરવામાં આવી હતી. પરિસ્થિતિ તંગ છે પરંતુ નિયંત્રણમાં છે. પોલીસે પરિસ્થિતિને કાબુમાં લીધી છે. મહા શિવરાત્રિ નિમિત્તે હઝારીબાગના ઈચાક બ્લોકમાં આજે બે જૂથો વચ્ચે હિંસક અથડામણ થઈ હતી. આ સમયગાળા દરમિયાન, પથ્થરમારો અને આગચંપીની ઘટનાઓમાં ઘણા વાહનોને પણ નિશાન બનાવવામાં આવ્યા હતા. આ ઘટનાની માહિતી મળતા જ ત્રણ પોલીસ સ્ટેશનની પોલીસ પહોંચી ગઈ હતી. પોલીસ આખા ગામમાં કેમ્પ ગોઠવી રહી છે. બંને તરફથી સ્થિતિ તંગ છે. ASP સહિત જિલ્લા દળ ઘટનાસ્થળે હાજર છે અને સ્થિતિને શાંત કરવામાં વ્યસ્ત છે. મળતી માહિતી અનુસાર આજે સવારે ભારત ચોકમાં મહા શિવરાત્રિ ધ્વજ અને લાઉડ સ્પીકર લગાવવાને લઈને બે જૂથો વચ્ચે વિવાદ શરૂ થયો હતો. આ પછી બદમાશોએ ગુસ્સામાં ત્યાં પાર્ક કરેલી બાઈકને આગ ચાંપી દીધી હતી. બંને પક્ષો વચ્ચે પરિસ્થિતિ વણસતી જોઈને પોલીસને જાણ કરવામાં આવી હતી. પોલીસ ઘટનાસ્થળે પહોંચી મામલો થાળે પાડવાની કામગીરીમાં વ્યસ્ત છે. હાલ પરિસ્થિતિ નિયંત્રણમાં છે. ભારે પોલીસ દળ સ્થિતિ પર ચાંપતી નજર રાખી રહ્યું છે.

## ચેમ્પિયન્સ ટ્રોફી મેચમાં ખેલાડીઓની સુરક્ષામાં ચૂક

। (એજન્સી) રાવલપિંડી, તા.૨૬ ।

પાકિસ્તાનમાં રમાઈ રહેલી ચેમ્પિયન્સ ટ્રોફી મેચમાં ખેલાડીઓની સુરક્ષામાં ચૂક થઈ છે. સોમવારે રાવલપિંડીમાં રમાયેલી એક મેચ દરમિયાન આતંકવાદી મેદાનમાં ઘૂસી ગયો હતો. આ કારણે ટુર્નામેન્ટની સુરક્ષાને લઈને પાકિસ્તાન તરફથી કરવામાં આવી રહેલા દાવા પર સવાલો ઉઠવા લાગ્યા છે. મેચ દરમિયાન આવેલો આતંકવાદી એક દર્શકના રૂપે સ્ટેડિયમમાં ઉપસ્થિત હતો. મેચ વચ્ચે તે મેદાનમાં ઘૂસી ગયો અને ન્યૂઝીલેન્ડના બેટ્સમેન રચિન રવિન્દ્રને ગળે લગાવવા લાગ્યો. બાદમાં ખબર પડી કે તે દર્શક કોઈ સામાન્ય વ્યક્તિ નથી, પરંતુ પ્રતિબંધિત ઈસ્લામિક પાર્ટી તહરીક-એ-લબ્બેક પાકિસ્તાનનો સમર્થક છે. આ ઘટના બાદ પાકિસ્તાનમાં હાજર ખેલાડીઓની સુરક્ષાને લઈને સવાલો ઉઠવા લાગ્યા છે. દરેક એ જ પૂછી રહ્યું છે કે, શું આ પાકિસ્તાનની સુરક્ષા વ્યવસ્થા છે. મહત્વનું છે કે, ૨૦૦૯માં પાકિસ્તાન આવેલી શ્રીલંકન ક્રિકેટ ટીમ પર હુમલો થઈ ચૂક્યો છે. તે સમયે ઘણા ખેલાડી ઘાયલ થયા હતા. ચેમ્પિયન્સ ટ્રોફીમાં પાકિસ્તાનની સતત હાર બાદ આતંકવાદી અન્ય મેચોને નિશાન બનાવી શકે છે. પાકિસ્તાનમાં ચેમ્પિયન્સ ટ્રોફી અંતર્ગત હજુ લગભગ ૧૦ મેચ રમાનાર છે. આતંકવાદી સંગઠન આઈએસઆઈએસનો પ્રમુખ અબ્દુલ કાદિર મુમીનની પાકિસ્તાન યાત્રાને આ હુમલા સાથે જોડીને જોવામાં આવી રહી છે. પ ાકિસ્તાની સુરક્ષા દળોએ સુરક્ષા વધુ મજબૂત કરવાનો દાવો કર્યો છે. પાકિસ્તાનમાં રમાઈ રહેલી ચેમ્પિયન્સ ટ્રોફીમાં પાકિસ્તાનની સતત હાર થઈ રહી છે અને તેને લઈને ત્યાં ઉપસ્થિત આતંકવાદી સંગઠન આ ટ્રોફીની અન્ય મેચોને આતંકવાદની નિશાન બનાવી શકે છે. જણાવવામાં આવી રહ્યું છે કે, આતંકવાદી સંગઠન આઈએસઆઈએસના પ્રમુખે ત્રણ દિવસ પહેલા પાકિસ્તાનની યાત્રા કરી હતી. આ યાત્રા અંતર્ગત તેમણે બલૂચિસ્તાન આતંકવાદી સંગઠન ઈસ્લામિક સ્ટેટ ખુરાસન પ્રોવિન્સના આતંકવાદીઓ સાથે મુલાકાત પણ કરી હતી.

## તેલંગાણાની તમામ સ્કૂલોમાં તેલુગુ ભાષા ફરજિયાત

। (એજન્સી) હૈદરાબાદ, તા.૨૬ ।

તેલંગાણા સરકારે બુધવારે સીબીએસઈ, આઈસીએસઈ, આઈબી અને તેલંગાણાના અન્ય બોર્ડ-સંલગ્ન સ્કુલોમાં તેલુગુને જરૂરી વિષય તરીકે લાગુ કરવાનો આદેશ જાહેર કર્યો. ૨૦૨૫-૨૬ શૈક્ષણિક સત્રમાં ધોરણ ૯ ના વિદ્યાર્થીઓ માટે તેલુગુને જરૂરી વિષય તરીકે લાગુ કરવામાં આવશે. ૨૦૨૬-૨૭ શૈક્ષણિક વર્ષથી ધોરણ ૧૦ના વિદ્યાર્થીઓ માટે આ વિષય જરૂરી હશે. આદેશમાં કહેવામાં આવ્યું છે કે શિક્ષણ અને પરીક્ષાઓ માટે તેલુગુ સિંગીડી ને સીબીએસઈ વિષય યાદી અનુસાર ૦૮૯ કોડ સાથે સરળ તેલુગુ વેનેલા થી બદલી દેવામાં આવશે. નોટિફિકેશનમાં કહેવામાં આવ્યું છે કે તેલંગાણા (સ્કુલોમાં તેલુગુનું જરૂરી શિક્ષણ અને શીખવું) એક્ટ, ૨૦૧૮ અનુસાર સીબીએસઈ, આઈસીએસઈ અને આઈબી સ્કુલોમાં પણ તેલુગુ શિક્ષણ જરૂરી હોવું જોઈએ.

## મહેસાણા જિલ્લામાં છેલ્લા બે વર્ષમાં નસબંધીના ૩૦,૫૪૨ ઓપરેશન

। મહેસાણા,તા.૨૬ ।

ખોટી રીતે પુરૂષ નસબંધીના વિવાદમાં ઘેરાયેલા મહેસાણા જિલ્લામાં છેલ્લા બે વર્ષના સમયગાળામાં આરોગ્ય વિભાગ દ્વારા પુરૂષ અને સ્ત્રી મળીને કુલ ૩૦૫૪૨ નસબંધીના ઓપરેશન કરવામાં આવ્યા છે. જેમાં જિલ્લાના ૧૦ તાલુકા પૈકી સૌથી વધુ મહેસાણા તાલુકામાં ૩૩૦૦ અને સૌથી ઓછા જોટાણા તાલુકામાં ૫૫૧ નસબંધીના ઓપરેશન નોંધાયા છે. બે વર્ષના ગાળામાં સમગ્ર જિલ્લામાં માત્ર બાવન પુરૂષોના નસબંધી ઓપરેશન કરવામાં સફળતા મળી છે.

ગુજરાત વિધાનસભામાં પાટણના કોંગી ધારાસભ્ય કીરીટ પટેલ દ્વારા પુછવામાં આવેલા એક પ્રશ્નના જવાબમાં મહેસાણા જિલ્લામાં વર્ષ ૨૦૨૩ અને ૨૦૨૪ના બે વર્ષના સમયગાળા દરમિયાન આરોગ્ય વિભાગ દ્વારા નસબંધી ઓપરેશનની કરવામાં આવેલી કામગીરીના ચોંકાવનારા આંકડાઓ સામે આવ્યા છે. જેમાં કરવામાં આવેલા ઉલ્લેખ પ્રમાણે, વર્ષ ૨૦૨૩ અને ૨૦૨૪ના સમયગાળા દરમિયાન આરોગ્ય વિભાગ દ્વારા જિલ્લાના ૧૦ તાલુકાઓમાં કુલ ૩૦૫૪૨ નસબંધીના ઓપરેસન કરવામાં સફળતા પ્રાપ્ત કરી છે. જેમાં પુરૂષ નસબંધીના માત્ર બાવન કેસ કરવામાં આવ્યા હોવાનું જાણવા મળે છે. તાલુકાવાર નોંધાયેલા નસબંધીના ઓપરેશનના આંકડાઓ ઉપર દ્રષ્ટિપાત કરીએ તો, પાછલા બે વર્ષના સમયગાળામાં બેચરાજી તાલુકામાં ૧૭૭૬, જોટાણા તાલુકામાં ૧૧૮૫, કડી તાલુકામાં ૫૨૬૩, ખેરાલુ તાલુકામાં ૧૬૯૬, મહેસાણા તાલુકામાં ૭૩૯૭, સતલાસણા તાલુકામાં ૧૬૦૪, ઊંઝા તાલુકામાં ૧૬૫૪, વડનગર તાલુકામાં ૨૩૮૦, વિજાપુર તાલુકામાં ૩૭૪૪ અને વિસનગર તાલુકામાં ૩૮૪૧ મળી કુલ ૩૦૫૪૨ કેસોનો સમાવેશ થાય છે.

ઉલ્લેખપાત્ર છે કે, મહેસાણા જિલ્લામાં વર્ષ ૨૦૨૩માં ૪ પુરૂષ અને ૧૬૯૫૩ સ્ત્રી સહિત કુલ ૧૬૯૫૭



નસબંધી ઓપરેશન કરાયા હતા. તેની સામે વર્ષ ૨૦૨૪ના એક વર્ષ દરમિયાન ૩૩૭૨ કેસો ઓછા થઈને ૧૩૫૮૫ નસબંધીના કેસો નોંધાયા હતા.

કડી તાલુકાના બોરીસણા ગામમાં ત્રણેક માસ અગાઉ અમદાવાદની વિવાદાસ્પદ ખ્યાતિ હોસ્પિટલ દ્વારા મેડીકલ કેમ્પ કર્યા બાદ ૧૯ દર્દીઓને વધુ સારવાર માટે લઈ જવાયા હતા.જેમાંથી ૭ લોકોના એન્જીયોપ્લાસ્ટી ઓપરેશન જરૂર ન હોવા છતાં કરી દેવાતાં તબીયત લથડી હતી અને અત્યારસુધીમાં એક જ ગામના ૩ વ્યકિતઓએ પોતાના જાન ગુમાવતાં વિવાદ સર્જાયો હતો. જેમાં પુરૂષ નસબંધીના માત્ર બાવન કેસ કરવામાં આવ્યા હોવાનું જાણવા મળે છે. તાલુકાવાર નોંધાયેલા નસબંધીના ઓપરેશનના આંકડાઓ ઉપર દ્રષ્ટિપાત કરીએ તો, પાછલા બે વર્ષના સમયગાળામાં બેચરાજી તાલુકામાં ૧૭૭૬, જોટાણા તાલુકામાં ૧૧૮૫, કડી તાલુકામાં ૫૨૬૩, ખેરાલુ તાલુકામાં ૧૬૯૬, મહેસાણા તાલુકામાં ૭૩૯૭, સતલાસણા તાલુકામાં ૧૬૦૪, ઊંઝા તાલુકામાં ૧૬૫૪, વડનગર તાલુકામાં ૨૩૮૦, વિજાપુર તાલુકામાં ૩૭૪૪ અને વિસનગર તાલુકામાં ૩૮૪૧ મળી કુલ ૩૦૫૪૨ કેસોનો સમાવેશ થાય છે.

ઉલ્લેખપાત્ર છે કે, મહેસાણા જિલ્લામાં વર્ષ ૨૦૨૩માં ૪ પુરૂષ અને ૧૬૯૫૩ સ્ત્રી સહિત કુલ ૧૬૯૫૭ નસબંધી ઓપરેશન કરાયા હતા. તેની સામે વર્ષ ૨૦૨૪ના એક વર્ષ દરમિયાન ૩૩૭૨ કેસો ઓછા થઈને ૧૩૫૮૫ નસબંધીના કેસો નોંધાયા હતા.

કડી તાલુકાના બોરીસણા ગામમાં ત્રણેક માસ અગાઉ અમદાવાદની વિવાદાસ્પદ ખ્યાતિ હોસ્પિટલ દ્વારા મેડીકલ કેમ્પ કર્યા બાદ ૧૯ દર્દીઓને વધુ સારવાર માટે લઈ જવાયા હતા. જેમાંથી ૭ લોકોના એન્જીયોપ્લાસ્ટી ઓપરેશન જરૂર ન હોવા છતાં કરી દેવાતાં તબીયત લથડી હતી અને અત્યારસુધીમાં એક જ ગામના ૩ વ્યકિતઓએ પોતાના જાન ગુમાવતાં વિવાદ સર્જાયો હતો.

### વડોદરાની વિશ્વામિત્રીમાં વધુ એક મહાકાય મગરનું મોત, 3 મહિનામાં ૭મો બનાવ

। (એજન્સી) વડોદરા,તા.૨૬ ।

વડોદરા શહેરમાંથી પસાર થતી વિશ્વામિત્રી નદીમાં વધુ એક મગરનું મોત થતા જીવ દયા પ્રેમીઓમાં આઘાતની લાગણી વ્યક્ત થઈ છે. વિશ્વામિત્રી પ્રોજેક્ટની હજી શરૂઆત થઈ નથી ત્યાં મગરોના મૃતદેહ મળવા માંડતા ચકચાર વ્યાપી છે. છેલ્લા કેટલાક સમયથી વિશ્વામિત્રી નદીમાંથી કોઈ અગમ્ય કારણોસર મગરના મૃતદેહ મળી આવવાના બનાવ બની રહ્યા છે. એક મહિના પહેલા એક જ દિવસે બે મગરના મૃતદેહ મળ્યા હતા. જેના મૃત્યુનું કારણ હજુ જાણી શકાયું નથી.

આજે સવારે પરશુરામ ભઠ્ઠા નજીક વધુ એક મહાકાય મગરનો મૃતદેહ નદીમાં તરી આવતા લોકોના ટોળા ભેગા થયા હતા. હેમંત વઢવાણા અને તેમની ટીમે ફાયરબ્રિગેડ તેમજ ફોરેસ્ટ વિભાગની મદદ લીધી હતી અને અંદાજે ૧૦ ફૂટના મગરને ભારે મુશ્કેલી બાદ બહાર કાઢી પોસ્ટમોર્ટમ માટે મોકલી આપ્યો હતો. નોંધનીય છે કે છેલ્લા ત્રણ મહિનામાં મગરના મૃતદેહ મળી આવવાનો આ સાતમો બનાવ છે. જેથી મગરના મોતનું કારણ જાણવું ખૂબ જ જરૂરી બન્યું છે.

### દાદરા નગર હવેલીમાં બેફામ એસટી ચાલકે મોપેડને ફંગોળતા બેના મોત

। (એજન્સી) વલસાડ,તા.૨૬ ।

એસ.ટી. અમારી સલામત સવારી'ના સ્લોગન સાથે ચાલતી બસે દાદરા નગરમાં બે લોકોના જીવ લીધા છે. કેન્દ્રશાસિત પ્રદેશ દાદરા નગર હવેલીમાં બસ ચાલકે સ્ટિયરિંગ પરથી કાબૂ ગુમાવતા બસ રોંગ સાઈડ પર ઘુસી ગઈ હતી. આ દરમિયાન બસે બે લોકોને અડફેટે લેતાં તેમનું ઘટનાસ્થળે જ મોત નિપજ્યું હતું. હાલ પોલીસે આ મામલે તપાસ હાથ ધરી છે. દાદરા નગર હવેલીમાં એસ.ટી. બસે સર્જેલા અકસ્માતમાં બે લોકોના મોત થયા છે. સેલવાસથી વાપી તરફ જઈ રહેલી આ બસના ચાલકે સ્ટિયરિંગ પરથી કાબૂ ગુમાવતા બસ રોંગ સાઈડમાં ઘૂસી ગઈ હતી. આ દરમિયાન સામેથી મોપેડ પર આવતાં બે લોકોને બસે અડફેટે લેતાં અકસ્માત સર્જાયો હતો. આ ગોજારા અકસ્માતમાં લવાસાના બે યુવકોનું ઘટનાસ્થળે જ મોત નિપજ્યા હતાં. હાલ, મૃતકોના મૃતદેહને પોસ્ટમોર્ટમ ખાતે મોકલવામાં આવ્યાં છે. સમગ્ર ઘટનાની જાણ થતાં પોલીસ તાત્કાલિક ઘટના સ્થળે પહોંચી હતી. હાલ પોલીસે અકસ્માતનો ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે. આ દરમિયાન સામેથી મોપેડ પર આવતાં બે લોકોને બસે અડફેટે લેતાં અકસ્માત સર્જાયો હતો. આ ગોજારા અકસ્માતમાં લવાસાના બે યુવકોનું ઘટનાસ્થળે જ મોત નિપજ્યા હતાં. હાલ, મૃતકોના મૃતદેહને પોસ્ટમોર્ટમ ખાતે મોકલવામાં આવ્યાં છે. સમગ્ર ઘટનાની જાણ થતાં પોલીસ તાત્કાલિક ઘટના સ્થળે પહોંચી હતી. હાલ પોલીસે અકસ્માતનો ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

**મહાકુંભમાં ભક્તો આસ્થાની ડૂબકી લગાવી રહ્યા છે**

## સુરતી શ્રદ્ધાળુએ પ્રયાગરાજમાં ડૂબકી લગાવી હતી, ૧૨ દિવસ પછી પણ લાપતા

। (એજન્સી) સુરત,તા.૨૬ ।

વિશ્વના સૌથી મોટા ધાર્મિક અને સાંસ્કૃતિક મેળાવડા મહાકુંભમાં ભક્તો આસ્થાની ડૂબકી લગાવી રહ્યા છે. દેશ અને દુનિયાભરમાંથી લાખો ભક્તો અને પ્રતિષ્ઠિત હસ્તીઓ મહાકુંભમાં સ્નાન કરવા માટે પહોંચી રહી છે. પરંતુ ડૂબકી લગાવતી વખતે ધ્યાન રાખવું જરૂરી છે. કારણ કે, સુરતના કતારગામનો યુવક મહાકુંભમાં ત્રિવેણી સંગમ ખાતે ડૂબકી લગાવી રહ્યો હતો આ દરમિયાન પાણીમાં અચાનક ગરકાવ થઈ ગયો હતો. જેનો મૃતદેહ ૧૨ દિવસ વીતવા છતાં નથી મળ્યો. યુવકના પરિવારે આ મામલે પોલીસ ફરિયાદ નોંધાવી છે. બાર દિવસ થઈ ગયા છતાં પણ તેનું મૃતદેહ ન મળતા આખરે તેના પરિવાર દ્વારા તેને મૃત જાહેર કરી તેનું બેસણું પણ સુરત ખાતે રાખવામાં આવ્યું હતું.હાલ પ્રયાગરાજમાં મહાકુંભનો મેળો ચાલી રહ્યો છે. મહાકુંભમાં સ્નાનનો લ્હાવો લેવા માટે દેશ-વિદેશમાંથી પ્રવાસીઓ અને મોટી મોટી હસ્તીઓ આવી રહી છે. ત્યારે મહાકુંભમાંથી દુખદ સમાચાર સામે આવ્યા છે. સુરતના કતારગામ વિસ્તારમાં રહેતો કમલેશ વઘાસિયા નામનો યુવક મિત્રો સાથે પ્રયાગરાજ ગયો હતો અને ત્રિવેણી સંગમ ખાતે નદીમાં જોખમી ડૂબકી લગાવી રહ્યો હતો. તેનો અન્ય એક મિત્ર વીડિયો ઉતારતો હતો. ત્યારે એ મિત્ર દ્વારા તેને અવારનવાર બહાર નીકળી જવા માટેની સૂચના આપવામાં આવી હતી પણ આ યુવક કોઈની વાત સાંભળતો ન હતો અને ડૂબકી ઉપર ડૂબકી લગાડતો હતો અને અચાનક ડૂબકી લગાવ્યા બાદ પાણીમાં ગરકાવ થઈ ગયો હતો. એક શ્રદ્ધાળુનું મૃત્યુ નીપજતાં શોકનો માહોલ છવાયો છે.

**AMCના કમિશનરને જવાબ આપવા હાજર કરવાનો આદેશ અપાયો છે**

## હાઈકોર્ટના આદેશ છતાં AMC દ્વારા જુનિયર ક્લાર્કની જગ્યા ભરી દેવાતા અંતે કન્ટેમ્પ્ટ પિટિશન કરાઈ

। (એજન્સી) અમદાવાદ,તા.૨૬ ।

વર્ષ ૨૦૧૯માં AMC દ્વારા યોજાયેલ જુનિયર ક્લાર્કની ભરતી કર્યા બાદ ૬ જગ્યાઓ ખાલી હતી, આ ૬ જગ્યાઓ વેઈટિંગથી (પ્રતીક્ષા યાદીથી) ભરવાના બદલે AMC દ્વારા નવી ભરતી જાહેર કરી દેવામાં આવી. જેને કારણે આ ૬ ઉમેદવારોએ આ બાબતને હોઈકોર્ટમા પડકારી હતી.

મળતી માહિતી મુજબ હાઈકોર્ટના આદેશ છતાં છસ્ઝ્ર દ્વારા જગ્યા ભરી દેવાતા અંતે કન્ટેમ્પ્ટ પિટિશન દાખલ કરાઈ છે. અને AMCના કમિશનરને જવાબ આપવા હાજર કરવાનો આદેશ અપાયો છે. અગાઉ કોર્પોરેશન અને નગરપાલિકાઓમાં ભરતીને પડકારતા હાઈકોર્ટે ૬ ખાલી જગ્યા પર ભરતી નહી કરવા આદેશ કર્યો હતો. તેમ છતાં તે જગ્યા પર સિનિયર અધિકારીએ ભરતી કરી હતી. કંન્ટેમ્પ્ટ પિટિશનમાં રજૂઆત કરાઈ છે કે હાઈકોર્ટે અનેક વખત પાલિકા અને કોર્પોરેશનના ઉચ્ચ અધિકારીને ભરતી નહીં કરવા ટકોર કરી છે પરતું ગણકારતા નથી. હાઈકોર્ટે વધુમાં કહ્યું હતું કે, તમારા અધિકારીઓ અમારા હુકમને સહેલાઈથી લઇ રહ્યા છે. પોતાની જાતને હાઈકોર્ટથી ઉપર સમજે છે. તેમની સામે ચાર્જફ્રેમ થશે ત્યારે તેમને સમજાશે કે સામાન્ય માણસ માટે નોકરી કેટલી મહત્વની છે.

જસ્ટિસ નિર્ઝર દેસાઈએ સરકારી વકીલને એવી ટકોર કરી હતી કે, તમારા અધિકારીઓને કાયદાની ખબર ના પડતી હોય તો તમારે કાયદાના કલાસ લેવા જોઈએ.હાઈકોર્ટ જે હુકમ કરે તેનું પાલન તો કરવું પડશે.સરકારે નવા મ્યુનિ.કમિશનરને હાજર રાખવા ખાતરી આપી હતી. પરતું હાઈકોર્ટે એવી ટકોર કરી હતી કે જે કમિશનરે ભરતી કરી છે તેમણે હાજર રહેવું જોઈએ.

**મેકડોનાલ્ડ્સમાં ગંભીર બેદરકારી સામે આવી**

## રાજકોટના મેકડોનાલ્ડ્સમાં વેજના બદલે નોન વેજ બર્ગર મળ્યું

। (એજન્સી) રાજકોટ,તા.૨૬ ।

રાજકોટના રિલાયન્સ મેગામોલમાં આવેલા મેકડોનાલ્ડ્સમાં ગંભીર બેદરકારી સામે આવી છે. એક એવો કિસ્સો પ્રકાશમાં આવ્યો છે જેમાં એક વ્યક્તિની ધાર્મિક લાગણીઓને ઠેસ પહોંચી છે. વિરાણી નામના યુવકે વેજ બર્ગરનો ઓર્ડર આપ્યો હતો, પરંતુ વેજ બર્ગરને બદલે ચિકનવાળું નોન-વેજ બર્ગર મોકલવામાં આવતાં ગ્રાહક રોષે ભરાયો હતો. ગત રવિવારે, કેવલ વિરાણી નામના એક યુવકે સ્વિગી ડિલિવરી એપ દ્વારા મેકડોનાલ્ડ્સમાંથી ૬ વેજ બર્ગરનો ઓર્ડર મંગાવ્યો હતો. જેમાંથી ઓર્ડરમાં ૪ વેજવાળા અને ૨ નોન-વેજવાળા બર્ગર હતા. ભૂલથી કેવલ વિરાણીના પરિવારમાંથી એક વ્યક્તિએ નોન વેજ બર્ગર ખાતા ધર્મ ભ્રષ્ટ થયાની લાગણી અનુભવી હતી. આમ, મેકડોનાલ્ડ્સની આ ભૂલને કારણે, વૈષ્ણવ પરિવારને લાગ્યું કે તેઓ તેમના ધર્મથી ભટકી ગયા છે. પીડિત ગ્રાહકે ગ્રાહક કોર્ટમાં કેસ દાખલ કરવાની પ્રક્રિયા શરૂ કરી છે. તો, આ ઘટના અંગે, મેકડોનાલ્ડ્સના સંપર્ક અધિકારી બિપિન પોપટે કહ્યું, "અમે અમારા સ્તરે તપાસ કરી રહ્યા છીએ. અમને દરરોજ ઘણા ઓર્ડર મળે છે. જો અમારા સ્ટાફે ભૂલ કરી હોય, તો અમારો કોઈના ધર્મને બદનામ કરવાનો કોઈ ઈરાદો નથી. અમે શાકાહારી અને માંસાહારી અંગેના સરકારના નિયમોનું પાલન કરીએ છીએ.

**ગાંધીનગરથી નિરાશાજનક સમાચાર સામે આવ્યા**

## GPSCએ વર્ગ ૧-૨ની બે ભરતીઓ કરી રદ કરવામાં આવી

**ભરતી નિયમોમાં સુધારાની તેમજ બંને સંવર્ગોના રોસ્ટર પ્રમાણિત કરવાની કાર્યવાહી ચાલુ હોઈ GPSCએ બંને જાહેરાતો રદ કરી છે**

। (એજન્સી) ગાંધીનગર,તા.૨૬ ।

સરકારી નોકરીની તૈયારીઓ કરતા ઉમેદવારો માટે ગાંધીનગરથી નિરાશાજનક સમાચાર સામે આવ્યા છે. GPSCએ વર્ગ ૧-૨ની બે ભરતીઓ કરી રદ કરવામાં આવતાં સરકારી નોકરીની તૈયારીઓ કરતાં ઉમેદવારોમાં નીરાશા વ્યાપી જવા પામી છે. ઉદ્યોગ અને ખાણ વિભાગ હસ્તકની નાયબ કમિશનર, કુટીર ઉદ્યોગ સેવા, વર્ગ-૧ (જા.ક. ૧૧૬/૨૦૨૪-૨૫) ની કુલ-૦૧ જગ્યા અને મદદનીશ કમિશનર, કુટીર ઉદ્યોગ સેવા, વર્ગ-૨ (જા.ક. ૧૧૭/૨૦૨૪-૨૫) ની કુલ-૦૨ જગ્યા પર ભરતી માટે આયોગ દ્વારા ૧ ફેબ્રુઆરીએ જાહેરાત પ્રસિદ્ધ કરવામાં આવી હતી. ભરતી નિયમોમાં સુધારાની તેમજ બંને સંવર્ગોના રોસ્ટર પ્રમાણિત કરવાની કાર્યવાહી ચાલુ હોઈ GPSCએ બંને જાહેરાતો રદ કરી છે. વિભાગ દ્વારા પ્રસ્તુત જગ્યાઓના નવેસરથી માંગણીપત્રકો મળ્યા બાદ નવી જાહેરાતો પ્રસિદ્ધ કરવામાં આવશે. જે અંગે સંબંધિત ઉમેદવારોએ નોંધ લેવા વિનંતી કરવામાં આવી છે. ઉલ્લેખનીય છે કે અગાઉ થોડા દિવસો પહેલાં કૃષિ વિભાગે ૧૪૪ જગ્યાઓ રદ કરી હતી. રાજ્ય સરકારના કૃષિ વિભાગ દ્વારા વેર હાઉસ નિગમની ૧૪૪ જગ્યાઓ રદ કરવાનો નિર્ણય લેવામાં આવ્યો છે. વર્ગ-૩ અને વર્ગ-૪ આ જગ્યાઓ પર ભરતી કરવાને બદલે હયાત જગ્યાઓ રદ કરવામાં આવી છે. આ સમાચારથી સરકારી નોકરીની તૈયારીઓ કરી રહેલા ઉમેદવારોમાં નિરાશા વ્યાપી જવા પામી છે. ગુજરાત રાજ્ય વેરહાઉસિંગ નિગમ દ્વારા રજૂ થયેલા દરખાસ્ત પર વિચારણા બાદ આ નિયમનું અમલ થશે. કૃષિ અને સહકાર વિભાગના સચિવે જણાવ્યું કે આ પગલું વિભાગની કાર્યક્ષમતા અને કાર્યક્ષેત્રની સુધારણા માટે મહત્વપૂર્ણ છે.

**ટ્રક અને રીક્ષા વચ્ચેની જોરદાર ટક્કર**

## ટ્રક અને રીક્ષા વચ્ચે ભયાનક અકસ્માત, ૫ લોકોના મોત

। (એજન્સી) રાજકોટ,તા.૨૬ ।

રાજકોટના માલિયાસણ નજીક એક ગોઝારો માર્ગ અકસ્માત સર્જાયો હતો , જેમાં ટ્રક અને રીક્ષા વચ્ચેની જોરદાર ટક્કરમાં ૫ લોકોએ જીવ ગુમાવ્યા હતા. આ ઘટનાએ સમગ્ર વિસ્તારમાં શોકનું મોજુ ફેલાવ્યું છે. અકસ્માત એટલો ભયાનક હતો કે રીક્ષાનો કચ્ચરઘાણ વળી ગયો હતો. મૃતકોના મૃતદેહ રીક્ષામાં ફસાઈ ગયા હતા. સ્થાનિક લોકો તાત્કાલિક બચાવ કાર્યમાં લાગી ગયા હતા અને પોલીસ અને એમ્બ્યુલન્સને જાણ કરી હતી.

ઘટનાસ્થળે ૫ એમ્બ્યુલન્સ અને ક્રેઈન તાત્કાલિક પહોંચી ગયા હતા. ક્રેઈનની મદદથી રીક્ષાને ઉંચકીને મૃતદેહોને બહાર કાઢવાની કામગીરી શરૂ કરવામાં આવી હતી. આ અકસ્માતમાં અન્ય બે લોકો પણ વાહનની અંદર ફસાયા હોવાની શક્યતા છે, જેના કારણે બચાવ કાર્યને વધુ ઝડપી બનાવવામાં આવ્યું હતું.

આ અકસ્માતને પગલે હાઈવે પર ટ્રાફિક જામ સર્જાયો હતો, જેના કારણે વાહનચાલકોને ભારે હાલાકીનો સામનો કરવો પડ્યો હતો. પોલીસે તાત્કાલિક ઘટનાસ્થળે પહોંચીને ટ્રાફિકને નિયંત્રિત કરવાનો પ્રયાસ કર્યો હતો. આ ઘટનાએ માર્ગ સલામતીના પ્રશ્નોને ફરી એકવાર સામે લાવ્યા છે. સ્થાનિક લોકોએ સરકારને માર્ગોની સ્થિતિ સુધારવા અને ટ્રાફિક નિયમોનું કડક પાલન કરાવવું જરૂરી જણાય છે.

**મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલે યુવાશક્તિમાં સંસ્કાર સિંચનના મહાકુંભ સમાન ગુજરાત સાંસ્કૃતિક વક્તૃત્વ સ્પર્ધા ૨૦૨૫નો ગાંધીનગરથી વર્ચ્યુઅલ પ્રારંભ કરાવ્યો હતો**

# યુવાનોમાં સંસ્કાર સિંચનના મહાકુંભ, ગુજરાત સાંસ્કૃતિક વક્તૃત્વ સ્પર્ધા ૨૦૨૫નો ગાંધીનગરથી પ્રારંભ થયો

। ગાંધીનગર,તા.૨૬ ।

યુવાશક્તિને આપણા સાંસ્કૃતિક મૂલ્યોના જતન સંવર્ધન જાળવવા અને વિકૃતિઓથી બચાવવાના આહવાન સાથે આ વક્તૃત્વ સ્પર્ધાનું 'સેવ કલ્ચર, સેવ ભારત' ફાઉન્ડેશન અને રાજ્ય સરકારના શિક્ષણ વિભાગના સંયુક્ત ઉપક્રમે આયોજન કરવામાં આવ્યું છે. મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલે રાજ્યની બધી જ સરકારી, ગ્રાન્ટેડ અને સેલ્ફ ફાઈનાન્સ કોલેજના વિદ્યાર્થીઓ માટે શરૂ થઈ રહેલી આ સાંસ્કૃતિ વક્તૃત્વ સ્પર્ધાનો પ્રારંભ કરાવતા સ્પષ્ટપણે જણાવ્યું કે, આપણા બાળકો અને યુવાનોમાં ભારતીય સંસ્કૃતિના આદર્શો અને મૂલ્યો પુનઃ ઉજાગર થાય તે સમયની માંગ છે.

તેમણે કહ્યું કે, વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીના નેતૃત્વમાં દેશમાં સાંસ્કૃતિક નવ જાગરણનો યુગ ચાલી રહ્યો છે. વડાપ્રધાનશ્રીએ આપણા સાંસ્કૃતિક મૂલ્યો અને સંસ્કૃતિને જાળવવાનું અને વિસ્તારવાનું કાર્ય કર્યું છે.

વડાપ્રધાનશ્રીએ વિકસિત ભારતના નિર્માણ માટે સંસ્કૃતિ અને વિરાસતોની ધરોહરોની જાળવણી સાથે "વિકાસ ભી, વિરાસત ભી"નું વિઝન આપ્યું છે. વિરાસતોના જતન સાથે સાંસ્કૃતિક મૂલ્ય નિષ્ઠાનું સંસ્કાર સિંચન યુવાઓમાં કરીને યુવાશક્તિના સહારે વિકસિત ભારત જ ૨૦૪૭નો તેમનો સંકલ્પ છે એમ પણ મુખ્યમંત્રીશ્રીએ ઉમેર્યું હતું.

મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલે આ પ્રસંગે યુવાઓને આહવાન કર્યું કે, વિકસિત ભારતના નિર્માણમાં તેમનો ફાળો વિશેષ રહેવાનો છે ત્યારે મૂલ્યનિષ્ઠા અને સંસ્કૃતિના વાહક બનીને હાલની વિકૃતિઓ બદીઓના પડકારોથી દેશ અને રાજ્યને બચાવવાનું દાયિત્વ યુવાશક્તિ ઉપાડે.

આ માટે યુવાનોમાં ચેતના જાગૃત કરવામાં 'સેવ કલ્ચર, સેવ ભારત' ફાઉન્ડેશનના સરાહનીય પ્રયાસોને તેમણે સમયાનુકૂલ ગણાવીને અભિનંદન પાઠવ્યા હતા.

આ ગુજરાત સાંસ્કૃતિક વક્તૃત્વ સ્પધામાં ચારિત્ર નિર્માણથી રાષ્ટ્રનિર્માણ, સંવિધાન જ ૭૫, યુવનોઃ દેશનું ભવિષ્ય – વિકૃતિઓથી બચીને સંસ્કારો તરફ વળીએ, માન-મર્યાદા અને સુશીલતાઃ ભારતીય સંસ્કૃતિનો પાયો તેમજ વિકસિત ભારત ૨૦૪૭ઃ ભવ્ય ભારત – દિવ્ય ભારત જેવા વિષયોને આવરી લેવામાં આવ્યા છે. એટલું જ નહિ, આ સ્પર્ધામાં કોલેજ સ્તર, ઝોન સ્તર અને રાજ્ય સ્તર એમ ત્રી-સ્તરીય સ્પર્ધાઓ છે.

'સેવ કલ્ચર, સેવ ભારત' ફાઉન્ડેશનના સ્થાપક અને વરિષ્ઠ પત્રકાર તથા ભારતના પૂર્વ માહિતી કમિશનર શ્રી ઉદય માહુરકરે સંસ્કૃતિ બચાવવામાં યુવાનોની ભૂમિકાને અગ્રીમ ગણાવી હતી તેમણે જણાવ્યું કે આ કોઈ સંસ્થા કે સરકાર એકનો નહીં જનજનનો કાર્યક્રમ છે.

યુવાનોને OTTની વિકૃતિઓ સહિતની બદીઓથી દૂર રાખીને રાષ્ટ્ર નિર્માણમાં અગ્રેસર બનાવવાનું દેશનું આ એક મોટું જન આંદોલન છે એમ પણ શ્રી માહુરકરે ઉમેર્યું હતું.

તેમણે કહ્યું કે, વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈના નેતૃત્વમાં દેશ દરેક ક્ષેત્રે પ્રગતિ કરી રહ્યો છે ત્યારે યુવા શક્તિમાં રાષ્ટ્રપ્રેમ અને સંસ્કૃતિ જતનના સંસ્કાર સિંચનનો આ મહાકુંભ વિકસિત ભારતની વિકાસયાત્રાને વધુ વેગવાન બનાવશે. પ્રારંભમાં શિક્ષણ વિભાગના અધિક મુખ્ય સચિવ શ્રીમતી સુનયના તોમરે સૌને આવકારીને સમગ્ર આયોજનની ભૂમિકા આપી હતી. ડાયરેક્ટર હાયર એજ્યુકેશન શ્રી દિનેશ ગુરવએ આભાર દર્શન કર્યું હતું.

આ સ્પર્ધાના પ્રારંભ અવસરે મુખ્યમંત્રીશ્રીના ઓ.એસ.ડી શ્રી ધીરજ પારેખ તેમજ રાજ્યની ૧૫ જેટલી યુનિવર્સિટીઓના કુલપતિ, અધ્યાપક અને વિદ્યાર્થીઓ વિશાળ સંખ્યામાં વિડીયો કોન્ફરન્સથી જોડાયા હતા. યુવાનોને ેની વિકૃતિઓ સહિતની બદીઓથી દૂર રાખીને રાષ્ટ્ર નિર્માણમાં અગ્રેસર બનાવવાનું દેશનું આ એક મોટું જન આંદોલન છે એમ પણ શ્રી માહુરકરે ઉમેર્યું હતું. તેમણે કહ્યું કે, વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈના નેતૃત્વમાં દેશ દરેક ક્ષેત્રે પ્રગતિ કરી રહ્યો છે ત્યારે યુવા શક્તિમાં રાષ્ટ્રપ્રેમ અને સંસ્કૃતિ જતનના સંસ્કાર સિંચનનો આ મહાકુંભ વિકસિત ભારતની વિકાસયાત્રાને વધુ વેગવાન બનાવશે. પ્રારંભમાં શિક્ષણ વિભાગના અધિક મુખ્ય સચિવ શ્રીમતી સુનયના તોમરે સૌને આવકારીને સમગ્ર આયોજનની ભૂમિકા આપી હતી. ડાયરેક્ટર હાયર એજ્યુકેશન શ્રી દિનેશ ગુરવએ આભાર દર્શન કર્યું હતું. આ સ્પર્ધાના પ્રારંભ અવસરે મુખ્યમંત્રીશ્રીના ઓ.એસ.ડી શ્રી ધીરજ પારેખ તેમજ રાજ્યની ૧૫ જેટલી યુનિવર્સિટીઓના કુલપતિ, અધ્યાપક અને વિદ્યાર્થીઓ વિશાળ સંખ્યામાં વિડીયો કોન્ફરન્સથી જોડાયા હતા.

માલિક - મુદ્રક - પ્રકાશક અને તંત્રી પટેલ સુરેશ રમણલાલ દ્વારા એલાઈડ ઓફસેટ પ્રિન્ટર્સ (ગુજરાત) પ્રા. લિ. ૭ થી ૧૦ શ્રી લક્ષ્મી કોમ. કો-ઓપ એસ્ટેટ, અજોદ ડેરી રોડ, સુખરામનગર, રખિયાલ, અમદાવાદ ૩૮૦૦૨૩. ખાતેથી છપાવી ૩૧૫ - સુપર પ્લાઝા, સંદેશ પ્રેસ રોડ, વસ્ત્રાપુર, અમદાવાદ - ૩૮૦ ૦૧૫ ખાતેથી પ્રકાશિત. ફોન : ૯૯૨૪૦૦૦૭૩૩, ૯૯૯૮૮૫૦૯૯૨

# તમિલનાડુના CM સ્ટાલિને કેન્દ્ર સરકાર પર કર્યો પ્રહાર

## ભાજપના નેતૃત્વવાળી એનડીએ સરકાર પર જબરદસ્તી હિન્દી થોપવાનો આરોપ પણ લગાવ્યો છે જોકે, કેન્દ્ર સરકાર દ્વારા આ આરોપોને નકારી દીધા છે

। તમિલનાડુ,તા.૨૬ ।

રાષ્ટ્રીય શિક્ષણ નીતિ(એનઈપી)ને ધ્યાને રાખી એનડીએના નેતૃત્વવાળી કેન્દ્ર અને તમિલનાડુ સરકાર વચ્ચે ત્રણ ભાષા નીતિનો મુદ્દો ગરમાયો છે. કેન્દ્ર સાથે કથિત રીતે હિન્દી થોપવા મુદ્દે ચાલી રહેલા વિવાદ વચ્ચે તમિલનાડુના મુખ્યમંત્રી એમ. કે. સ્ટાલિનને મંગળવારે (૨૫ ફેબ્રુઆરી) ચેન્નઈમાં કેન્દ્ર દ્વારા કથિત રૂપે હિન્દી થોપવાને લઈને પ્રશ્ન પૂછવામાં આવ્યો હતો કે, શું એક અન્ય ભાષા યુદ્ધના બીજ રોપ વામાં આવી રહ્યા છે? જેના જવાબમાં સ્ટાલિને કહ્યું કે, 'હા, નિશ્ચિત રૂપે. પ રંતુ, અમે તેના માટે તૈયાર છીએ.'

સત્તાધારી પાર્ટી ડીએકે ત્રણ ભાષા નીતિનો વિરોધ કરી રહ્યા છે અને ભાર મૂકી રહ્યા છે કે, તમિલનાડુમાં તમિલ અને અંગ્રેજી પૂરતી છે. આ સિવાય તેમણે કેન્દ્રમાં રહેલી ભાજપના નેતૃત્વવાળી એનડીએ સરકાર પર જબરદસ્તી હિન્દી થોપવાનો આરોપ પણ લગાવ્યો છે. જોકે, કેન્દ્ર સરકાર દ્વારા આ આરોપોને નકારી દીધા છે.

સચિવાલયમાં કેબિનેટની બેઠકની અધ્યક્ષતા કર્યા બાદ પત્રકારો સાથે વાત કરતાં સમયે મુખ્યમંત્રીએ કહ્યું કે, 'લોકસભા સીમાંકન મુદ્દે ચર્ચા કરવા માટે ૫ માર્ચે સર્વપક્ષીય બેઠક બોલાવવાનો નિર્ણય લેવામાં આવ્યો છે. તમિલનાડુને પોતાનું રાજ્ય ગુમાવવાનું જોખમ છે. કારણ કે, રાજ્યએ કુટુંબ નિયોજનના કાર્યક્રમને સફળતાપૂર્વક લાગુ કર્યો છે, જેનાથી જનસંખ્યા નિયંત્રણ થઈ હતી.

સીમાંકનના કારણે દક્ષિણી રાજ્યો પર તલવાર લટકેલી છે. રાજ્ય તમામ વિકાસ સૂચકઆંકમાં અગ્રણી હતું. પ રંતુ, હવે સીમાંકન બાદ લોકસભા બેઠકો પર હારનું જોખમ સામે છે. કારણ કે, આ પ્રક્રિયા રાજ્યની જનસંખ્યા પર આધારિત છે. તમિલનાડુને કુટુંબ નિયોજન કાર્યક્રમના માધ્યમથી જનસંખ્યા નિયંત્રણમાં સફળતા મેળવી છે. ફક્ત આ જ કારણે તમિલનાડુમાં લોકસભા બેઠકોમાં કાપ મૂકાશે તેવી સ્થિતિ ઊભી થઈ છે.'

સ્ટાલિને આ વિશે વધુ વાત કરતાં કહ્યું કે, 'અમે આઠ બેઠક ગુમાવવવા જઈ રહ્યા છીએ અને પરિણામે અમારી પાસે ફક્ત ૩૧ સાંસદ હશે, ન કે ૩૯ (વર્તમાન સંખ્યા). સંસદમાં અમારું પ્રતિનિધિત્વ ઓછું થઈ જશે. તમિલનાડુનો અવાજ દબાવવામાં આવી રહ્યો છે. ભારતીય ચૂંટણી પંચમાં નોંધાયેલા રાજકીય પ ક્ષોને સર્વપક્ષીય બેઠક માટે નિમંત્રિત કરવામાં આવશે, જેમાં હું રાજકીય મતભેદોને દૂર રાખીને એકતાની અપ ીલ કરી છું. આ મુદ્દે વધુ વાત કરતાં તમિલનાડુનાં મુખ્યમંત્રીએ સ્ટાલિને કહ્યું કે NEP, કેન્દ્રીય ભંડોળ અન NEET જેવા મુદ્દાઓ પર સંસદમાં અવાજ ઉઠાવવા માટે પૂરતી સંખ્યામાં સાંસદોની જરૂર છે. આ તમિલનાડુના અધિકારોનો મામલો છે અને તમામ નેતાઓ અને રાજકીય પક્ષોએ પ ાર્ટી લાઈનથી દૂર હટીને એક સાથે બોલવું જોઈએ. સ્ટાલિને આ વિશે વધુ વાત કરતાં કહ્યું કે, 'અમે આઠ બેઠક ગુમાવવવા જઈ રહ્યા છીએ અને પરિણામે અમારી પાસે ફક્ત ૩૧ સાંસદ હશે, ન કે ૩૯ (વર્તમાન સંખ્યા). સંસદમાં અમારું પ્રતિનિધિત્વ ઓછું થઈ જશે. તમિલનાડુનો અવાજ દબાવવામાં આવી રહ્યો છે. ભારતીય ચૂંટણી પંચમાં નોંધાયેલા રાજકીય પ ક્ષોને સર્વપક્ષીય બેઠક માટે નિમંત્રિત કરવામાં આવશે, જેમાં હું રાજકીય મતભેદોને દૂર રાખીને એકતાની અપ ીલ કરી છું. આ મુદ્દે વધુ વાત કરતાં તમિલનાડુનાં મુખ્યમંત્રીએ સ્ટાલિને કહ્યું કે NEP, કેન્દ્રીય ભંડોળ અન NEET જેવા મુદ્દાઓ પર સંસદમાં અવાજ ઉઠાવવા માટે પૂરતી સંખ્યામાં સાંસદોની જરૂર છે. આ તમિલનાડુના અધિકારોનો મામલો છે અને તમામ નેતાઓ અને રાજકીય પક્ષોએ પાર્ટી લાઈનથી દૂર હટીને એક સાથે બોલવું જોઈએ.

### ન્યૂઝ બ્રિફ

### યાત્રાળુઓની બસ ટ્રક સાથે અથડાતા ૧૨ યાત્રાળુ ઘાયલ, ૨ ના મોત

। (એજન્સી) પોરબંદર,તા.૨૬ ।

પોરબંદર દ્વારકા હાઈવે પર એક અકસ્માતની ઘટના સામે આવી છે. પોરબંદર-દ્વારકા હાઈવે પર આવેલા કુછડી ગામ પાસે સોમવારે મોડી રાત્રે એક ગંભીર અકસ્માત સર્જાયો હતો. આપને જણાવી દઈએ કર્ણાટકથી તીર્થયાત્રીઓને લઈ જતી બસ એક ઉભેલી ટ્રક સાથે અથડાઈ હતી. આ અકસ્માતમાં બે યાત્રાળુઓના ઘટનાસ્થળે જ મોત થયા હતા. આ દુર્ઘટનામાં ૧૨ યાત્રાળુઓ ઘાયલ થયા હતા. તમામ ઈજાગ્રસ્તોને પોરબંદરની ભાવસિંહજી સરકારી હોસ્પિટલમાં સારવાર માટે દાખલ કરવામાં આવ્યા છે. યાત્રાળુઓની બસ સોમનાથથી દ્વારકા જતી હોવાનું પ્રાથમિક તપાસમાં બહાર આવ્યું છે. કુછડી ગામ નજીક ગોલાઈ પાસે રોડ પર ઉભેલી ટ્રક સાથે બસ અથડાઈ હતી. અકસ્માતની માહિતી મળતાં જ સ્થાનિક પોલીસ અને આરોગ્ય વિભાગની ટીમ તાત્કાલિક ઘટનાસ્થળે પહોંચી ગઈ હતી. પોલીસે આ મામલે વધુ તપાસ શરૂ કરી છે. પોરબંદર-દ્વારકા હાઈવે પર કર્ણાટકની બસને અકસ્માત નડ્યો હતો. આ અકસ્માતમાં બે લોકોના મોત થયા છે જ્યારે સાત લોકો ઘાયલ થયા છે.સોમનાથથી દ્વારકા જઈ રહેલી કર્ણાટકની બસને દ્વારકા હાઈવે પર અકસ્માત નડ્યો હતો. બસ એક ટ્રક સાથે અથડાઈ હતી. બસમાં સવાર મુસાફરો પૈકી બેનાં મોત નીપજ્યાં છે જ્યારે અન્ય બેની હાલત ગંભીર હોવાનું કહેવાય છે કારણ કે બસ રોકાયેલી ટ્રકની પાછળ ઘૂસી ગઈ હતી. આ અકસ્માતમાં સાત લોકો ઘાયલ પણ થયા છે. ઘટનાની માહિતી મળતા જ સ્થાનિક લોકો અને પોલીસ કાફલો ઘટનાસ્થળે પહોંચી ગયો હતો અને ઘાયલોને સારવાર માટે નજીકની હોસ્પિટલમાં લઈ જવામાં આવ્યા હતા.

### પ્રીતિ ઝિંટાની ૧૮ કરોડ રૂપિયાની લોનનો વિવાદ? શું છે મામલો?

। (એજન્સી) મુંબઈ,તા.૨૬ ।

ફિલ્મી દુનિયાથી દૂર, પ્રીતિ ઝિન્ટા ભલે મોટા પડદાથી ગાયબ હોય, પરંતુ તે હજુ પણ ચર્ચામાં રહે છે. IPLમાં પોતાનો દેખાવ કરવાની વાત હોય કે સોશિયલ મીડિયા પર ટ્રોલ્સનો સામનો કરવાની વાત હોય, પ્રીતિ ઘણીવાર ચર્ચામાં રહે છે. પરંતુ આ દિવસોમાં તે તેના એક જૂના વિવાદને કારણે સમાચારમાં આવી છે. હકીકતમાં, થોડા સમય પહેલા, ન્યૂ ઈન્ડિયા કો-ઓપરેટિવ બેંકમાં અનિયમિતતાને કારણે, ગ્રાહકોને તેમના પૈસા મેળવવામાં સમસ્યાઓનો સામનો કરવો પડ્યો હતો. તે સમયે, એવા સમાચાર પ્રકાશમાં આવ્યા હતા કે બેંકે નિયમોનું પાલન કર્યા વિના કેટલાક મનપસંદ લોકોને મોટી લોન આપી હતી અને તેમની લોન પણ માફ કરી દેવામાં આવી હતી. આમાં એક નામનો ઉલ્લેખ પ્રીતિ ઝિન્ટાનો હતો. મળતી માહિતી મુજબ તેણે બેંક પાસેથી ૧૮ કરોડ રૂપિયાની લોન લીધી હતી જે બાદમાં માફ કરવામાં આવી હતી.

### ચિત્રકોંડા વિસ્તારમાં એક વિચિત્ર ઘટના સામે આવી

## હોસ્ટેલમાં રહી અભ્યાસ કરતી ધોરણ ૧૦ની વિદ્યાર્થિનીએ પુત્રને જન્મ આપ્યો

### પિતાપ્રમાણે તેમની દીકરી હોસ્ટેલમાં રહી અભ્યાસ કરતી હતી મેં પરીક્ષા પહેલા મારી દીકરી સાથે વાત કરી હતી

। (એજન્સી) ઓડિશા,તા.૨૬ ।

ઓડિશાના માલકાનગિરી જિલ્લાના ચિત્રકોંડા વિસ્તારમાં એક વિચિત્ર ઘટના સામે આવી છે. અહીં હોસ્ટેલમાં રહી અભ્યાસ કરતી ધોરણ ૧૦ની વિદ્યાર્થિનીએ પુત્રને જન્મ આપ્યો છે. ઘટના પ્રમાણે સ્થાનીક વિદ્યાલયની હોસ્ટેલમાં રહી અભ્યાસ કરતી છાત્રા વર્તમાનમાં ધોરણ ૧૦ની પરીક્ષા આપી રહી છે. એક દિવસ પહેલા સોમવારે તેણે અંગ્રેજીની પરીક્ષા આપ્યાની વાત છાત્રાના પિતાએ કહી છે. છાત્રાના પિતા અનુસાર સ્કૂલના એક શિક્ષકે ફોન કર્યો અને કહ્યું કે તમારી દીકરી જોવા મળી રહી નથી. તેમણે તત્કાલ સ્કૂલ પહોંચવાનું કહ્યું. માતા-પિ



તા સ્કૂલ પહોંચ્યા અને બાળકી વિશે પૂછ્યું તો તેમણે કહ્યું કે મોટી ઘટના થઈ છે. તમારી દીકરીએ એક બાળકને જન્મ આપ્યો છે. આ સાંભળી માતા-પિતાના પગ નીચેથી જમીન સરકી ગઈ હતી. તેમણે મેડિકલ પહોંચી બાળકી અને તેના પ ુત્રને જોયા. પિતા પ્રમાણે તેમની દીકરી હોસ્ટેલમાં રહી અભ્યાસ કરતી હતી. મેં પરીક્ષા પહેલા મારી દીકરી સાથે વાત કરી હતી. આ વિશે બાળકીએ કંઈ જણાવ્યું નહીં અને અમને કોઈ જાણકારી મળી નહીં. પરિવારે તંત્ર પાસે તપાસની માંગ કરી છે. તેમનું કહેવું છે કે આ કઈ રીતે થયું અમને ખબર નથી. સ્કૂલના અધિકારીઓને આખરે કઈ રીતે છાત્રા ગર્ભવતી હોવા વિશે ખબર ન પડી તેના પર સવાલ ઉઠી રહ્યાં છે. દર મહિને એએનએમ આવી છાત્રાઓના સ્વાસ્થ્યની તપાસ કરે છે. ત્યારે કઈ રીતે કોઈ જાણકારી ન મળી તેના પર સવાલો ઉઠી રહ્યાં છે. તો સ્કૂલના મુખ્ય શિક્ષકે દાવો કર્યો કે આ છાત્રા સ્કૂલે આવતી નહોતી. હવે આ ઘટનામાં સત્ય શું છે તે તો તપાસ થયા બાદ સામે આવશે.

### પરિચિત યુવકે બાઇક પર લિફ્ટ આપવાના બહાને ગુનો કર્યો

## B.Tech સ્ટુડન્ટને લિફ્ટના બહાને જંગલમાં લઈ જઈ સામૂહિક દુષ્કર્મ આચર્યું

### બસ સ્ટેન્ડ પર ઉભેલી યૂવતીને તેના જ ગામનો એક યુવકે લિફ્ટ આપવાના બહાને તેના બાઇક પર બેસાડીને જંગલમાં લઈ ગયો

। (એજન્સી) મુઝફ્ફરનગર,તા.૨૬ ।

કોલેજથી ઘરે પરત આવી રહેલી બી.ટેક વિદ્યાર્થિની પર દુષ્કર્મનો મામલો સામે આવ્યો છે. બસ સ્ટેન્ડ પર ઉભેલી યૂવતીને તેના જ ગામનો એક યુવકે લિફ્ટ આપવાના બહાને તેના બાઈક પર બેસાડીને જંગલમાં લઈ ગયો. ઉત્તર પ્રદેશના મુઝફ્ફરનગર જિલ્લામાં ચરથવાલમાં બનેવી આ ઘટનામાં આરોપ એવો છે કે, જંગલમાં પહેલેથી જ હાજર ત્રણ સાથીઓ દ્વારા બળાત્કાર કરવામાં આવ્યો. પીડિતાએ ઘરે પહોંચી અને સમગ્ર ઘટના તેના પરિવારને જણાવી. પીડિતાએ તેના સંબંધીઓ સાથે પોલીસ સ્ટેશન પહોંચ્યા બાદ આરોપી વિરુદ્ધ ફરિયાદ નોંધાવી અને કેસ દાખલા કરાવ્યો હતો.



પોલીસ સ્ટેશન વિસ્તારના એક ગામની રહેવાસી પીડિતાએ જણાવ્યું કે, તે શનિવારે કોલેજથી બસ દ્વારા ઘરે જઈ રહી હતી. બસ સ્ટેન્ડ પર બસમાંથી ઉતર્યા બાદ તેના ગામ જવા માટે ઓટોની રાહ જોઈ રહી હતી, ત્યારે ગામનો જ એક પરિચિત હિમાંશુ બાઈક લઈને ત્યાં આવ્યો. તેણે કહ્યું કે, 'હું તને મારા બાઈક પર ઘરે છોડી દેઈશ.' લિફ્ટ આપવાના બહાને તે છોકરીને ખેતરમાં લઈ ગયો, જ્યાં પ હેલાથી જ તેના ત્રણ મિત્રો હાજર હતા. જ્યા આરોપીઓએ તેના પર બળાત્કાર કર્યો છે. પોલીસે ચારેય આરોપીઓ વિરુદ્ધ ગુનો નોંધીને આગળની કાર્યવાહી હાથ ધરી છે. પોલીસે કહ્યું કે, પીડિતા બી.ટેકની વિદ્યાર્થીની છે. શનિવારે બપોરે લગભગ ૨ વાગ્યે જ્યારે વિદ્યાર્થીની ઘરે પરત ફરી રહી હતી. ત્યારે પરિચિત યુવકે બાઈક પર લિફ્ટ આપવાના બહાને ગુનો કર્યો. સ્ટેશન ઈન્ચાર્જ આઈપીએસ અધિકારી રાજેશ ધુનાવતે કહ્યું છે, કે પીડિતાની ફરિયાદના આધારે આરોપી હિમાંશુ, સાગર, સિદ્ધાર્થ અને આદેશ વિરુદ્ધ કેસ નોંધવામાં આવ્યો છે.

### ૬૦ ટકા વિદ્યાર્થીઓનું પ્લેસમેન્ટ

## MSUની ટેકનોલોજી ફેકલ્ટીમાં કેમ્પસ ઈન્ટરવ્યૂ

### ઈન્ટરવ્યૂ માટે રજિસ્ટર થયેલા બેચલર ઓફ એન્જિનિયરિંગના ૫૦૦ જેટલા વિદ્યાર્થીઓ પૈકી ૩૦૦ વિદ્યાર્થીઓને કેમ્પસ ઈન્ટરવ્યૂમાં નોકરી મળી ચૂકી છે.

। (એજન્સી) વડોદરા,તા.૨૬ ।

એમ.એસ.યુનિવર્સિટીની ટેકનોલોજી ફેકલ્ટીમાં કેમ્પસ ઈન્ટરવ્યૂની સિઝન જામી છે. અત્યાર સુધીમાં ૧૦૦ કંપનીઓ પ્લેસમેન્ટ માટે આવી ચૂકી છે અને કેમ્પસ ઈન્ટરવ્યૂ માટે રજિસ્ટર થયેલા બેચલર ઓફ એન્જિનિયરિંગના ૫૦૦ જેટલા વિદ્યાર્થીઓ પૈકી ૩૦૦ વિદ્યાર્થીઓને કેમ્પસ ઈન્ટરવ્યૂમાં નોકરી મળી ચૂકી છે. સૌથી વધારે ૧૮ લાખ રૂપિયાનું પેકેજ કોમ્પ્યુટર સાયન્સના અને સૌથી ઓછુ ૨.૮ લાખ રૂપિયાનું પ ગાર પેકેજ સિવિલ એન્જિનિયરિંગ અને વોટર રિસોર્સીસ એન્ડ એન્જિનિયરિંગ એન્ડ મેનેજમેન્ટ ઈન્સ્ટિટયુટના વિદ્યાર્થીઓને મળ્યું છે. ફેકલ્ટીના વિદ્યાર્થીઓનું સરેરાશ પેકેજ ૫.૩ લાખ રૂપિયા છે. ફેકલ્ટીના પ્લેસમેન્ટ સેલના ડાયરેકટર પ્રો.જે.એન. શાહના કહેવા પ્રમાણે હજી માર્ચ, એપ્રિલ અને મે મહિના સુધી ઈન્ટરવ્યૂ ચાલશે. બીજી ૪૦ થી ૫૦ કંપનીઓ આવે તેવી શક્યતા છે. સરવાળે આ વર્ષે પણ ફેકલ્ટીના બેચલર ઓફ એન્જિનિયરિંગના ૭૫ ટકા જેટલા વિદ્યાર્થીઓને કેમ્પસમાંથી જ નોકરી મળી જશે તેમ લાગી રહ્યું છે. ગત વર્ષે પણ ૭૦ ટકા વિદ્યાર્થીઓને કેમ્પસ પ્લેસમેન્ટમાં નોકરી મળી હતી. દરેક વિભાગ પ્રમાણે જોવામાં આવે તો મિકેનિકલ એન્જિનિયરિંગના વિદ્યાર્થીઓનું સૌથી વધારે પ્લેસમેન્ટ થયું છે. આ વિભાગના ૮૬ વિદ્યાર્થીઓ એટલે કે ૮૯ ટકા જેટલા વિદ્યાર્થીઓને કેમ્પસ ઈન્ટરવ્યૂમાં નોકરી મળી છે. બીજા ક્રમે કોમ્પ્યુટર સાયન્સના ૫૫ એટલે કે ૮૪ ટકા જેટલા વિદ્યાર્થીઓને નોકરી મળી છે. નોકરી મેળવનારા સૌથી ઓછા વિદ્યાર્થીઓ વોટર રિસોર્સીસ એન્ડ એન્જિનિયરિંગ એન્ડ મેનેજમેન્ટ ઈન્સ્ટિટયુટના છે. આ વિભાગના ૨ જ વિદ્યાર્થીઓ એટલે કે ૧૧ ટકા વિદ્યાર્થીઓ નોકરી મેળવવામાં સફળ થયા છે. ટેકનોલોજી ફેકલ્ટીમાં પહેલી વખત કોઈ વિદ્યાર્થીની ગૂગલમાં ઈન્ટર્નશિપ માટે પસંદગી થઈ છે. મળતી વિગતો પ્રમાણે કોમ્પ્યુટર સાયન્સની વિદ્યાર્થીને તેણે મોકલેલી એપ્લિકેશનની ચકાસણી બાદ ઈન્ટર્નશિપની તક અપાઈ છે. આ ઈન્ટર્નશિપ દરમિયાન તેને મહિને ૧.૨૫ લાખ રૂપિયાનો પગાર મળશે.

### સેન્ટરની જગ્યાએ જાનુ પાસે પહોંચી ગઈ

## બોર્ડની પરીક્ષા આપવા ઘરેથી નીકળી કુંવારી છોકરી, રસ્તામાં દુલ્હન બની ગઈ

### બિહારની એક છોકરીએ બોર્ડથી વધારે લગ્નને વધારે જરૂરી સમજ્યું આ કારણે તે એક્ઝામ સેન્ટર જતાં પહેલાં તેણે પોતાના પ્રેમી સાથે લગ્ન કરી લીધાં

। (એજન્સી) બિહાર,તા.૨૬ ।

ભારતમાં હાલ બોર્ડની પરીક્ષાઓ ચાલી રહી છે. કોઈ પણ બોર્ડ હોય, હાલમાં પરીક્ષાઓની સીઝન ચાલી રહી છે. આમ તો લગભગ દરેક ક્લાસની એક્ઝામ ચાલી રહી છે, પણ બોર્ડ્સનું પ્રેશર અલગ જ હોય છે. બાળકોને એક્ઝામ પાસ કરવાનો એટલો ભય હોય છે કે તેઓ કેટલીય રાતો સુધી સૂઈ શકતા નથી. ઘણી વાર તો બાળકો ખાવા-પીવાનું છોડી દેતા હોય છે.ભારતમાં મા-બાપ પર પણ બાળકોની પરીક્ષાનું પ્રેશર હોય છે. બાળકો સારું કરી શકે તેના માટે વાલીઓ પણ કેટલાય વાયદા કરતા હોય છે. સાથે જ તેમને પરીક્ષામાં નાપાસ થવાનું પ રિણામ પણ બતાવી દેતા હોય છે. તેમાં મોટા ભાગની છોકરીઓ માટે એક જ કન્ડિશન હોય છે, કાં તો પરીક્ષા પાસ કરો અથવા લગ્ન કરી લો. પણ બિહારની એક છોકરીએ બોર્ડથી વધારે લગ્નને વધારે જરૂરી સમજ્યું. આ કારણે તે એક્ઝામ સેન્ટર જતાં પહેલાં તેણે પોતાના પ્રેમી સાથે લગ્ન કરી લીધાં. ૨૨ ફેબ્રુઆરીના રોજ બિહાર બોર્ડનું ઈંગ્લિશનું પેપર હતું. આ દરમ્યાન સોશિયલ મીડિયા પર એક્ઝામ આપવા નીકળેલી છોકરીનો વીડિયો શેર કર્યો. છોકરી એક્ઝામ સેન્ટર જતાં પહેલાં પોતાના પ્રેમી સાથે મુલાકાત કરી. ત્યારબાદ તેણે પ્રેમીના હાથે માંગમાં સિંદૂર ભર્યું. છોકરી પણ ખુશી ખુશી પ ોતાની માંગમાં સિંદૂર ભરતી દેખાઈ. છોકરાએ આ સિંદૂરદાનનો વીડિયો પણ બનાવ્યો અને તેણે સોશિયલ મીડિયા પર શેર કરી દીધો, જ્યાંથી તે વાયરલ થઈ ગયો. બિહારમાં ઘણી વાર બોર્ડ એક્ઝામમાં ભાગીને લગ્ન કરવાના કિસ્સાઓ આવતા રહે છે. હકીકતમાં અહીં મોટા ભાગની છોકરીઓને એવું કહેવાય છે કે પરીક્ષા પાસ નહીં કરે તો તેમના લગ્ન કરાવી દેવામાં આવશે. ત્યારે આવા સમયે કેટલીય છોકરીઓ અઘરા પેપર જોઈને માની લેતી હોય છે કે તેને ફેલ થઈ જશે. તેથી તે મા-બાપ પરણાવે ત્યાં લગ્ન કરવાની જગ્યાએ પોતાના મનપસંદ યુવક સાથે લગ્ન કરી લેતી હોય છે.

## US-દુબઈમાં પાતળા હીરાની માગ વધતા ડાયમંડ ઈન્ડસ્ટ્રીમાં ખુશી

। (એજન્સી) સુરત,તા.૨૬ ।

છેલ્લા અઢી વર્ષથી ભારે મંદીનો સામનો કરી રહેલા હીરા ઉદ્યોગ માં હવે સુધારાના સંકેતો દેખાઈ રહ્યા છે. માઈનસ-૨ કદ કે સાઈઝના હીરાની માગ, ખાસ કરીને વીંટી, મંગળસૂત્ર અને કાનની બુટ્ટીમાં વપરાતા, વધી રહી છે, જેના કારણે છેલ્લા ૧૫ દિવસમાં એક કેરેટના આવા હીરાના ભાવમાં સરેરાશ ૧૦ ટકાનો વધારો થયો છે, એટલે કે ૧૫૦૦ રૂપિયા, જ્યારે દિવાળી પછી એક કેરેટના ભાવમાં ૩૦૦૦ રૂપિયાનો વધારો થયો છે. તાઈવાન, હોંગકોંગ અને બેંગકોકમાં માઈનસ-૨ કદના હીરાની માંગ સૌથી વધુ છે. દિવાળી પહેલા માઈનસ-૨ સાઈઝના હીરાની કિંમત ૧૯૦૦૦ થી ૩૫૦૦૦ રૂપિયા હતી, જે હવે વધીને ૨૨૦૦૦ થી ૩૮૦૦૦



રૂપિયા થઈ ગઈ છે. તેવી જ રીતે, પ્લસ-૧૧ અને માઈનસ-૧૪ કેરેટ હીરાની માંગ પણ વધી છે કારણ કે તેમના ભાવમાં વધારો થયો છે. આ હીરાની કિંમત ૧૫ દિવસ પહેલા પ્રતિ કેરેટ ૧૮ હજારથી ૩૮ હજાર રૂપિયા હતી, જે હવે વધીને ૨૦ હજારથી ૪૦ હજાર રૂપિયા થઈ ગઈ છે. જેની અમેરિકા અને દુબઈના બજારોમાં ખૂબ માંગ છે. હીરાના વેપારીઓ માને છે કે રફ ભાવ સ્થિર થવા અને તૈયાર હીરાના ઓછા પુરવઠાને કારણે માંગમાં વધારો થયો છે. સુરત ડાયમંડ એસોસિએશનના પ્રમુખે જણાવ્યું હતું કે છેલ્લા ૨ વર્ષથી માઈનસ ટુ સાઈઝના હીરાની માંગ નહોતી, પરંતુ હવે આ હીરાની માંગ વધી ગઈ છે. હાલમાં, વિશ્વના વિવિધ દેશોમાં આવી માંગ વધી છે. જ્યારે પુરવઠો ઓછો છે, જેના કારણે જે હીરા વેપારીઓ પાસે પાતળા કદના હીરા હતા, તેમનો સ્ટોક પણ ખતમ થઈ ગયો છે. ઉત્પાદન: ૨ વર્ષથી પાતળા કદના હીરાની માંગ નહોતી, જેના કારણે હીરાના વેપારીઓએ માઈનસ-૨ કદના હીરાનું ઉત્પાદન બંધ કરી દીધું, જેના કારણે બજારમાં પુરવઠો ઓછો થયો. જોકે, હવે માંગમાં વધારો થવાને કારણે, હીરાના વેપારીઓએ રફ હીરા ખરીદવાનું અને પાતળા કદના હીરાનું ઉત્પાદન કરવાનું શરૂ કર્યું છે. રફ હીરાના ભાવ સ્થિર થયા: મંદીના કારણે, રફ હીરા સપ્લાય કરતી કંપનીઓ હરાજી દરમિયાન રફ હીરાના ભાવમાં વધારો અને ઘટાડો કરતી રહી.

### સુરત હવે ફેશનની દુનિયામાં પણ આગળ વધી રહ્યું છે

## ગુજરાતની દીકરીએ મિસ ઇન્ટરકોન્ટિનેન્ટલ ઓફ ઇન્ડિયાનો જીત્યો ખિતાબ



। (એજન્સી) સુરત,તા.૨૬ ।

હીરાના શહેર તરીકે જાણીતું સુરત હવે ફેશનની દુનિયામાં પણ આગળ વધી રહ્યું છે. સુરતની પહેલી છોકરીએ ૨૨ ફેબ્રુઆરીના રોજ મિસ ઈન્ટરકોન્ટિનેન્ટલ ઓફ ઈન્ડિયા સ્પર્ધાનો ખિતાબ જીત્યો હતો, જ્યારે તે છોકરી સુરત એરપોર્ટ પહોંચી ત્યારે તેના પરિવાર અને શહેરના નાગરિકોએ ખૂબ જ ઉત્સાહથી તેનું સ્વાગત કર્યું. ભારતની ૧૪ છોકરીઓને હરાવ્યા બાદ, હવે તે આંતરરાષ્ટ્રીય સ્તરે ભારતનું પ્રતિનિધિત્વ કરવા માટે તૈયાર છે. સુરતની ૧૯ વર્ષીય શ્રદ્ધા પટેલ ઈજિપ્તમાં મિસ ઈન્ટરકોન્ટિનેન્ટલ વર્લ્ડ સ્પર્ધા યોજાવાની છે, જેના માટે શ્રદ્ધા ખૂબ જ ઉત્સાહિત છે. શ્રદ્ધા પટેલ બાળપણથી જ મોડેલિંગમાં કારકિર્દી બનાવવા માટે ઉત્સાહિત હતી. ત્યારે આજે આંતરરાષ્ટ્રીય સ્તરે પ્રતિનિધિત્વ કરવાની તક મળ્યા બાદ સમગ્ર સુરતમાં ઉત્સાહનો માહોલ જોવા મળી રહ્યો છે. શ્રદ્ધા પટેલે કહ્યું કે હું બાળપણથી જ આ ક્ષેત્રમાં પ્રગતિ કરવા માંગતી હતી. અગાઉ મેં મિસ ટીન ઈન્ડિયા ૨૦૨૧નો તાજ જીત્યો છે. મેં મોડેલ સુરત વાહ એવોર્ડ, મિસ સ્ટાર ફ્રેશ ઓફ ઈન્ડિયા ૨૦૨૦ સહિત ઘણા એવોર્ડ જીત્યા છે. શ્રદ્ધા પટેલે વધુમાં કહ્યું કે હું ઈચ્છું છું કે ઈન્ટરકોન્ટિનેન્ટલ સ્પર્ધાનો તાજ ફરીથી ભારત આવે. કારણ કે, લારા દત્તાએ આ તાજ ૧૯૯૭માં જીત્યો હતો. તે પછી ઘણી છોકરીઓએ ભારતનું પ્રતિનિધિત્વ કર્યું છે, પરંતુ ૧૯ વર્ષની ઉંમરે હું મ્મ્છ ના અભ્યાસની સાથે જે પ્રકારની તૈયારી કરી રહી છું, તેનાથી મને લાગે છે કે હું ખરેખર આ તાજ ભારતમાં પાછો લાવવા માંગુ છું. આ માટે સાત પ્રકારની સ્પર્ધાઓનું આયોજન કરવામાં આવે છે. જેમાં પ્રતિભાના પ્રશ્નો અને તેના જવાબ, પ ર્સનલ ઈન્ટરવ્યૂ, રેમ્પ વોક અને સાત દિવસ હાઈ હીલ પહેરીને પ્રેક્ટિસ કરવી પડે છે. શ્રદ્ધા પટેલ છેલ્લા ૯ વર્ષથી પ્રોફેશનલ મોડેલિંગ કરી રહી છે અને રાજ્ય અને રાષ્ટ્રીય સ્તરે સુરતનું નામ રોશન કર્યું છે. આ પહેલા પણ તેને મિસ ઈન્ડિયા ટીન, મિસ ઈન્ટરકોન્ટિનેન્ટલ ઈન્ડિયા, એસ્પાયરિંગ મોડેલ ઓફ ધ યર જેવા અનેક ખિતાબ જીતીને સુરત અને ગુજરાતનું નામ રોશન કર્યું છે. આ ઉપરાંત, શ્રદ્ધા પટેલ ઘણી ખાનગી કંપનીઓ માટે બ્રાન્ડ એમ્બેસેડર તરીકે મોડેલિંગ કરે છે. મિસ ઈન્ટરકોન્ટિનેન્ટલ વર્લ્ડ ઈજિપ્તમાં યોજાવા જઈ રહી છે, જ્યાં શ્રદ્ધા પટેલ ભારતનું પ્રતિનિધિત્વ કરશે.

## તંત્રી લેખ...

# Apple એ યુકેના આઇફોન યુઝર્સને મોટો આંચકો

એપલે યુકેના આઈફોન યુઝર્સને મોટો આંચકો આપ્યો છે. જેમાં એપલે આઈફોન યુઝર્સને અપાતી એક સિક્યુરિટી ફીચર્સને દૂર કરી છે. જેના પગલે આઈફોન યુઝર્સની એડવાન્સ ડેટા પ્રોટેક્શનની સુવિધા દૂર થઈ જશે. એપલ આ એન્ક્રિપ્શન ફીચરને દૂર કરવા તૈયાર નહોતું કારણ કે હેકર્સ તેના યુઝર ડેટાને પણ એક્સેસ કરી શકતા હતા. જોકે યુકે સરકારના આદેશ બાદ કંપનીએ આ નિર્ણય લેવો પડ્યો. યુકે સરકારે કહ્યું કે કંપનીએ યુઝર ડેટા એક્સેસ કરવા માટે એક બેકડોર બનાવવો જોઈએ. જેના લીધે આ નિર્ણય લેવામાં આવ્યો છે.એપલે આઈફોન યુઝર્સની અપાતી એડીપી સુવિધા દૂર કરી છે. આ એડીપી એ આઈફોન યુઝર્સ માટે એક વૈકલ્પિક સુવિધા છે. જે ડિવાઈસ પર એન્ડ-ટુ-એન્ડ સુરક્ષા પૂરી પાડે છે. આ સુવિધાની મદદથી આ ક્લાઉડ પર અપલોડ કરાયેલા ડેટાને વધુ સુરક્ષા મળે છે. આ સુવિધા ડિવાઈસના બેકઅપને સુરક્ષિત કરે છે જેમાં ફોટા, મેસજ, વિડિઓઝ વગેરેનો સમાવેશ થાય છે. કંપનીએ પોતાના નિવેદનમાં કહ્યું છે કે તેને દૂર કરવાથી યુઝર ડેટા ચોરી થવાનું જોખમ વધે છે.એપલે તેના નિવેદનમાં કહ્યું, 'અમે એડવાન્સ્ડ ડેટા પ્રોટેક્શન દૂર કર્યુ છે. આ એક વધારાનું સુરક્ષા સ્તર હતું. યુકેના યુઝર્સ હવે આ સુવિધાનો લાભ મેળવી શકશે નહીં. આના કારણે, હવે યુઝર્સ માટે ડેટા લીક થવાનું જોખમ વધી ગયું છે. તે ગ્રાહક ગોપનીયતા માટે પણ એક મોટો મુદ્દો બની ગયો છે. એડીપીના કારણે યુઝર્સ સિવાય બીજું કોઈ તેમના ડેટાને એક્સેસ કરી શકતું નથી.જોકે, યુકે સિવાય અન્ય કોઈપણ દેશના યુઝર્સને આની કોઈ અસર થશે નહીં.એપલ સંબંધિત અન્ય સમાચારોની વાત કરીએ તો, કંપનીએ તાજેતરમાં એપ સ્ટોર પર મોટી કાર્યવાહી કરી છે અને ૧.૩૫ લાખ એપ્સ દૂર કરી છે.

# અંદાજે ૧૮ થી ૨૦ લાખની વિવિધ પક્ષી વસ્તી સાથે ગુજરાત 'પક્ષી જીવન' માટે સ્વર્ગ તરીકે પ્રસ્થાપિત

સમગ્ર વિશ્વમાં ગુજરાત અનેકવિધ જૈવ-પક્ષી વિવિધતા માટે જાણીતું છે. ઈકોસિસ્ટમ, પ્રાણી સૃષ્ટીને બચાવવા અને પર્યાવરણના જતન-સંરક્ષણ માટે તત્કાલીન મુખ્યમંત્રી અને હાલના વડાપ્રધાન શ્રી નરેન્દ્ર મોદીએ અનેક કડક કાયદાઓ, નિયમો અને યોજનાઓ અમલી બનાવી છે, જેને મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલ સતત આગળ વધારી રહ્યા છે. વન્ય જીવ સંરક્ષણ, સંવર્ધન અને સુરક્ષાને હંમેશા પ્રાધાન્ય આપવાના પરિણામે અંદાજિત ૧૮ થી ૨૦ લાખની વિવિધ પક્ષી વસ્તી સાથે ગુજરાત સાચા અર્થમાં 'પક્ષી જીવન' માટે સમગ્ર દેશમાં સ્વર્ગ તરીકે ઉભરી આવ્યું છે. વૈશ્વિક પક્ષીઓના આવાગમન માટે ગુજરાત પસંદગીનું રાજ્ય પ્રસ્થાપિત થયું છે ત્યારે ધાર્મિક અને પ્રવાસન ક્ષેત્રે આગવું સ્થાન ધરાવતા દેવભૂમિ દ્વારકામાં સૌથી વધુ ૪૫૬ પક્ષી પ્રજાતિઓની વિવિધતા નોંધાઈ છે જયારે સરહદી કચ્છ જિલ્લામાં ૧૬૧ પ્રજાતિઓના ૪.૫૬ લાખ જેટલા પક્ષીઓ જોવા મળ્યા છે. જામનગર વિવિધ ૨૨૧ પ્રજાતિઓની સાથે ૪ લાખથી વધુ પક્ષીઓની સંખ્યા ધરાવે છે. આ સાથે મહેસાણા, બનાસકાંઠા તેમજ અમદાવાદ એ પક્ષી જગતમાં નોંધપાત્ર ફાળો આપે છે જે ગુજરાત માટે પક્ષી જીવનનો અતુલ્ય વારસો દર્શાવે છે.

વન અને પર્યાવરણ મંત્રી શ્રી મુળુભાઈ બેરા અને રાજ્ય મંત્રી શ્રી મુકેશભાઈ પટેલના નેતૃત્વમાં રાજ્યમાં પક્ષી-પ્રાણી સંરક્ષણ અને સંવર્ધનને વિશેષ પ્રાધાન્ય આપી રહ્યું છે જેના ભાગ રૂપે ગુજરાતમાં સ્થિત નળ સરોવર, નડા બેટ, બોરીયા બેટ, થોળ વગેરે જેવા સ્થળો અંદાજે ૫૦ હજારથી પણ વધુ સ્થાનિકો તથા યાયાવર એટલે કે વિદેશી પક્ષીઓના 'હોટસ્પોટ' તરીકે જાણીતા થયા છે. અમદાવાદ પણ રાજ્યના પક્ષી જીવનમાં નોંધપાત્ર યોગદાન આપે છે. જેમાં ૩.૬૫ લાખથી વધુ પક્ષીઓની વસ્તી સાથે ૨૫૦થી વધુ વિવિધ પ્રજાતિઓ હોવાનું ગૌરવ અમદાવાદ ધરાવે છે. સરહદી એવા નડા બેટ વેટલેન્ડ કોમ્પ્લેક્સમાં એક લાખ કરતા વધુ પક્ષીઓ વસે છે. 'રામસર સાઈટ'ની વાત કરીએ તો કચ્છના છારી ઢંઢની કુલ ૨૨,૭૦૦ હેક્ટર જમીનમાં ૧૫૦થી વધુ પ્રજાતિઓના ૩૦,૦૦૦ થી વધુ પક્ષીઓ માટે સુરક્ષિત નિવાસ્થાન સાબિત થયું છે. આજ રીતે, પોરબંદરમાં આવેલી મોકરસાગર 'રામસર સાઈટ' ૧૦૦થી વધુ પ્રજાતિઓના અંદાજે ૩૦,૦૦૦ પક્ષીઓનું નિવાસ્થાન બન્યું છે. વધુમાં વર્ષ ૨૦૧૦માં થોળ પક્ષી અભયારણ્યમાં ૩૧,૩૮૦ પક્ષીઓનું આગમન થયું હતું જે વર્ષ ૨૦૨૪માં વધીને ૧.૧૧ લાખથી વધુ યાયાવર પક્ષીઓનું આગમન થયું છે. જ્યારે, પક્ષીઓના 'હોટસ્પોટ' એવા નળ સરોવર ખાતે વર્ષ ૨૦૧૦માં ૧.૩૧ લાખથી વધુ યાયાવર પક્ષી નોંધાયા હતા જ્યારે વર્ષ ૨૦૨૪માં ૩.૬૨ લાખથી વધુ પક્ષીઓ નોંધાયા છે. છેલ્લા ૧૪ વર્ષમાં થોળ અને નળસરોવર પક્ષી અભયારણ્યમાં જળ પ્લાવિત વિસ્તારના યાયાવર પક્ષીઓનું અનુક્રમે ૩૫૫ અને ૨૭૬ ટકાનો વધારો નોંધાયો છે. આ ઉપરાંત ખીજડિયામાં પક્ષી અભ્યારણમાં ૧.૫૦ લાખથી વધુ પક્ષીઓ નોંધાયા છે.

રાજ્યની 'રામસર સાઈટ્સ'માં નળ સરોવર અને ખીજડિયા પક્ષી અભયારણ્ય મુખ્ય ભાગ ભજવે છે. પક્ષી ગણતરી દરમિયાન નળ સરોવર ખાતે પ્રભાવશાળી ૨૨૮ વિવિધ પક્ષીઓની પ્રજાતિઓનું તથા ખીજડિયા પક્ષી અભયારણ્યમાં ૨૦૦થી વધુ પ્રજાતિઓનું તલસ્પર્શી નિરીક્ષણ કરવામાં આવ્યું હતું. ભારતના પશ્ચિમી ભાગોમાં વસેલું, ગુજરાત તેની વિવિધ ઈકોસિસ્ટમ્સ- પક્ષીઓની વિવિધતા દેશભરના પક્ષીવિદો- પ્રેમીઓને આકર્ષિત કરે છે. કચ્છના મનમોહક રણથી લઈને લીલાછમ ગીર રાષ્ટ્રીય ઉદ્યાન સુધીના લેન્ડસ્કેપ્સના સ્પેક્ટ્રમમાં વિખરાયેલા છે. કચ્છના રણના વિશાળ મીઠાના ફ્લેટ્સ, સ્થળાંતર ઋતુ દરમિયાન હજારો ગ્રેટર ફ્લેમિંગોના આગમનના સાક્ષી બને છે જે સફેદ રણને ગુલાબી રંગમાં પરિવર્તિત કરે છે. ગુજરાત પ્રતિ વર્ષ શિયાળામાં, યાયાવર એવા 'બાર-હેડેડ' હંસનું સ્વાગત કરે છે. આ અદ્દભૂત પક્ષીઓ ૭,૦૦૦ મીટરથી વધુની ઊંચાઈએ 'હિમાલય' પરથી પ્રવાસ શરૂ કરે છે અને શિયાળાની ઠંડીથી બચવા માટે ગુજરાતની ભૂમિને તેમનું હંગામી આશ્રયસ્થાન-ઘર બનાવે છે. જામનગરની આબોહવા 'માર્શ ફ્લેમિંગો', 'પેલિકન' અને 'ક્રેન્સ'ને આવકારે છે એવી જ રીતે, ગુજરાતના દરિયાકિનારે મેન્ગ્રોવ ઈકોસિસ્ટમ સ્થાનિક અને યાયાવર પક્ષીઓ બંને માટે ટકાઉ વાતાવરણ પૂરું પાડીને સમૃદ્ધ પક્ષી જૈવવિવિધતામાં વધારો પણ કરે છે.

## બા એ કહ્યું એમ કેમ ! એણે કહ્યું મેં એમાં ભગવાનની માફી માંગીને પાણી મેળવ્યું

# જાન્હવી ની "એન જી ઓ" સંસ્થા શું કામ કરતી હતી! અને એમણે શિવરાત્રીને કંઈ રીતે મૂલવી




સદગુરુ વચનામૃત
સંકલન ફાલ્ગુની વસાવડા
(ભાવનગર)

**હવે શિયાળો પૂરો થયો છે, અને ઉનાળો શરૂ થશે. તો આવી ગરમીમાં પગમાં સ્લીપર પહેર્યા વગર કામે જનારાને સ્લીપર અપાવી શકાય, ગરમીની ઋતુમાં દ્રાક્ષ, તરબૂચ, કેરીનો રસ, ઠંડા પીણાં, કે મીલ્ક શેઇક, આઈસ્ક્રીમ, વહેંચી શકાય. આ વાત તેના ઓર્ગેનાઇઝેશન વાળા બધા સભ્યોને એકદમ વ્યાજબી લાગી અને ૧૦ શિવ શંકરના મંદિર એ પહોંચી ગયાં.**

જયા બા એ આખું ઘર માથે લીધું હતું, શિવરાત્રીનો તહેવાર આવતો હતો, અને બધાએ ફરજિયાત ઉપવાસ કરવાનો છે, એવું તેમણે ફરમાન ફરમાવી દીધું હતું. જયાબા નું ઘરમાં બહુ જ વર્ચસ્વ હતું, અને આજ્ઞાકારી દીકરાઓ તેમનો પડ્યો બોલ ઝીલતા હતાં. તેમની ભક્તિ પણ એવી હતી મહિના મહિનાના ઉપવાસ હજી આ ઉંમરે તે કરી શકતાં હતાં, અને એ પણ ચાર ટંક ખાઈને નહીં, કોક વાર તો માત્ર ફળ લેતાં, અને કોઈ વાર દૂધ. આકરા તપ અને સંયમથી જ જાત પવિત્ર થાય છે, તેવું તેમનું સ્પષ્ટપણે માનવું હતું. બીજી પેઢી સુધી આ સંસ્કાર ઉતર્યા હતાં, એટલે કે દીકરા દીકરી અને તેમની વહુ પણ દર મહિને અગિયારસ તેમજ સોમવારના ઉપવાસ અને અન્ય વ્રત રાખતાં. પરંતુ તેમના સંતાનોએ દર મહિનાના વ્રત કે અઠવાડિયાના વ્રતમાં જોકે નાદારી નોંધાવી દીધી હતી, કે દાદી અમે તો આવું નહીં જ કરીએ, જયા બા એ પણ પરિવર્તનને નામે આ સત્ય સ્વીકારી લીધું હતું. આ વખતે જ્યોતિષો તેમજ સપ્તાહ સાંભળવા જતા હતા એ મહારાજે કહ્યું હતું કે આ વખતની શિવરાત્રીનો સંયોગ બહુ જ દુર્લભ છે, અને કેટલાય વર્ષે આવો જ સંયોગ થયો છે. એટલે બધાએ વ્રત કરવું તો તેનો અનેરો લાભ પણ થાય, અને આ વાત સાંભળ્યા પછી જયા બા એ આ ફરમાન કરી દીધું હતું. સંતાનો વિચારતા હતા કે દાદીને કઈ રીતે સમજાવવા, અને જાન્હવી બોલી કે સામો સાબુદાણા રાજગરો થૂથૂથૂ.. પછી તો બધા એમ બધા કરવા લાગ્યાં. એટલે એ લોકો સંસ્કારી નહોતાં એવું નહોતું. પણ તેમના મત આ બાબતે જુદા પડતા હતાં. ધર્મ એટલે ઉપવાસ એકટાણા કે પૂજા અર્ચન ને જ ધર્મ થોડું કહેવાય! એવું થોડું હોય! તે લોકો સ્પષ્ટપણે માનતા હતાં, અને જાન્હવી તો અત્યારથી જ એક "એન જી ઓ" સંસ્થા સાથે જોડાયેલી હતી.

શિવરાત્રીનો દિવસ આવી ગયો અને જયાબા ના કહેવા અનુસાર ઘરના સૌ શિવરાત્રીનો ઉપવાસ કર્યો હતો, અને જયા બા શિવરાત્રીના માહાત્મ્યની કથા વાંચતા હતાં. તેમજ પંડિતને બોલાવી લઘુરુદ્રનો પાઠ પણ કર્યો હતો, તેમણે શિવલિંગ પર રુદ્રાભિષેક કરવા માટે પાંચ લિટર ગાયનું દૂધ પણ મંગાવ્યું હતું, અને ઘરના દરેક સદસ્યોએ ગાયના દૂધનો અભિષેક શિવલિંગ પર કરવાનો હતો.

જાન્હવી એ વિચાર્યું કે પાંચ લિટર દૂધ આ રીતે વેસ્ટ જશે, અને આવું તો આજે ઠેર-ઠેર જોવા મળશે. દરેક શિવાલયોમાં શિવ શંકરના ખૂબ ભક્તો ઉમટી પડશે, અને અભિષેક ને નામે કેટલુંય દૂધ તેની પર ચઢાવશે! નથી કોઈ એ શંકર ને પૂછ્યું કે તમને દૂધ ચઢાવવું કે નહીં! કે કોઇ ગરીબ ના બાળક ને પૂછ્યું કે તમને દૂધ જોઈએ છે! બસ આ રીતે એક પરંપરાના નામે કેટલા



બધા દૂધનો બગાડ થશે. અચાનક એને એક બહુ જ સુંદર વિચાર આવ્યો, અને તેણે તે વિચારો અમલમાં મૂકવાનું વિચાર્યું. એને પોતાના ઓર્ગેનાઇઝેશનમાં વાત કરી કે આપણે ૧૦૦ સભ્યો છીએ, અને આપણા શહેરમાં શંકરમાં મોટા ગણી શકાય એવા ૧૦ મંદિર છે, ૧૦ જણાની ૧૦ ટુકડી બનાવી અને આપણે દરેક મંદિર આગળ ઉભા રહેવાનું છે, અને જે ભક્તો દૂધ લઈને આવે તેને અમુક જણાં સમજાવી અને અભિષેકનું દૂધ ગરીબ બાળકોમાં વેંચવાની સલાહ આપે, અને જો ન માને તો બીજા મેમ્બરો મંદિરના પૂજારી સાથે વાતચીત કરી અથવા તો જે શિવલિંગ પર દૂધ ચઢાવવામાં આવે છે, ત્યાં થોડું ચડાવી અને બાજુમાં ડોલ રાખવામાં આવે, તો એ રીતે ઘણું દૂધ આજે આપણે ગરીબ અને અનાથ બાળકો માં વેચી શકીએ તેમ છીએ. અભિષેક ના નામે રૂપિયા પણ મંદિર વાળા લેતા હોય છે, તો એ રીતે લોકોને ચેરિટી કરવાનું પણ સમજાવી શકાય, અને એ રૂપિયામાંથી ગરીબોની મદદ થઈ શકે. જેમ કે હવે શિયાળો પૂરો થયો છે, અને ઉનાળો શરૂ થશે. તો આવી ગરમીમાં પગમાં સ્લીપર પહેર્યા વગર કામે જનારાને સ્લીપર અપાવી શકાય, ગરમીની ઋતુમાં દ્રાક્ષ, તરબૂચ, કેરીનો રસ, ઠંડા પીણાં, કે મીલ્ક શેઈક, આઈસ્ક્રીમ, વહેંચી શકાય. આ વાત તેના ઓર્ગેનાઇઝેશન વાળા બધા સભ્યોને એકદમ વ્યાજબી લાગી અને ૧૦ શિવ શંકરના મંદિર એ પહોંચી ગયાં.

નક્કી થયા મુજબ બધા મંદિરે આવનારા ભક્તો ને સમજાવતા હતાં, કે ભગવાન શિવ રુદ્રાભિષેક રાજી થાય છે, એ વાત સાચી પણ આટલું બધું દૂધ આ રીતે વેસ્ટ જાય એના કરતાં કોઈ ગરીબના બાળકોને જો આ દૂધ મળી જાય તો, સમાજની કુપોષણની જ સૌથી મોટી સમસ્યા છે, એ દૂર થઈ જાય. મંદિરોમાં આ રીતે મૂર્તિ દૂધ ચડાવવામાં આવે તો કોઈ પણ પ્રકારનો ચડાવો એ અંતે તો ભાવને રજૂ કરવાની એક રીત છે, આજ વાત આપણે શુ ભાવથી ભગવાન શંકરને સંકલ્પ કરીને, એટલું દાન-ધર્મ ગરીબ ગુરબાને કરવામાં આવે તો ભગવાન શંકર પણ કદાચ વધુ રાજી થાય. કારણ કે તે તો અનાથનો નાથ કહેવાય છે, અને આ રીતે બધી ટીમે જી જાનથી ખૂબ મહેનત કરી, અને સવારના લગભગ આઠ વાગ્યાથી ઉભેલા વિદ્યાર્થીઓ સાંજના છ વાગ્યા સુધી બધા મંદિરે આવતા ભક્તોને સમજાવતા રહ્યાં,અને એમણે આશરે ૭૦૦ લીટર જેટલું દૂધ ગરીબોમાં વહેંચ્યું, અને એ ઉપરાંત જે રોકડ રકમ ભેગી થઈ એમાંથી પણ ગરીબ લોકોની જરૂરિયાત મુજબ વસ્તુઓ આપીને એ રીતે શિવરાત્રીનો તહેવાર ઉજવ્યો.

સાંજે થાકી પાકી જ્યારે જાન્હવી ઘરે આવી ત્યારે, જયા બા એ મોઢું બગાડ્યું, અને કંઇ કેટલુંય સંભળાવ્યું, કે એક ઉપવાસ કરવાનું કહ્યું હતું અને એ પણ તમારા લોકોના સારા માટે કરવાનો હતો છતાં થયો નહીં. જાન્હવી કંઈ પણ બોલ્યાં વગર પોતાના રૂમમાં જતી રહી, અને ફ્રેશ થઈને કિચનમાં ગઈ, અને બધી ફરાળી જ આઈટમ હતી જે એને ભાવતી નહોતી.એણે વિચાર્યું કે આમ પણ દાદી નારાજ છે, અને મેગી પાસ્તા બનાવીશ તો વાતનું વતેસર થશે, એટલે એવું કંઈ કરવું નથી, અને એવું વિચારી એણે બે કેળા ખાધાં અને દૂધ પીને સૂઈ ગઈ. કેટલીય વાર થઈ પણ કિચનમાંથી કોઈ સુગંધ આવી નહીં, એટલે જયા બા જોવા આવ્યાં તો જાન્હવી સૂઈ ગઈ હતી. બીજે દિવસે જાન્હવી એ પોતાના ટીમ વર્કની વાત દાદીને કરી, અને કહ્યું કે દાદી ૭૦૦ લીટર જેટલું દૂધ, અને પંદર હજાર રોકડા રૂપિયા દાન પેટે મળ્યાં. દાદી બીજી તમને ગમતી એક વાત કહું!!

અમારા આખાં ઓર્ગેનાઈઝેશન એ શિવરાત્રીનો ઉપવાસ કર્યો, અને એ પણ નકોરડો, કોઈ એ લગભગ કંઈ ખાધું નથી. એ લોકો એ ઘરે ગયા પછી કંઈક ખાધું હોય તો ખબર નહીં, પણ મેં તો બે કેળા અને માત્ર એક કપ દૂધ! જાન્હવીના ટીમ વર્કની વાતથી દાદી ખૂબ જ પ્રભાવિત થયા, અને પૌત્રીને ભેટી પડ્યા. થોડીવાર પછી જયા બા એ પૂછ્યું કે આવો વિચાર તને આવ્યો કંઈ રીતે? જાન્હવી એ કહ્યું કે દાદી એકવખત તમારી સાથે શંકરનાં મંદિરે આવી હતી, ત્યારે મંદિરની બહાર નીકળતા ખાળ પાસે કેટલાય ગરીબ બાળકોને મોઢું રાખી દૂધ પીતા જોયા હતા. ગઈકાલે જ્યારે તમે પાંચ લીટર દૂધ મંગાવ્યું ત્યારે એ દ્રશ્ય તરત યાદ આવી ગયું, અને એમાંથી આ કાર્ય થયું. જયા બા એ અફસોસ કર્યા કે ૭૦૫ લીટર દૂધ તમને મળી શકત પણ મારી અંધશ્રદ્ધાને કારણે... ત્યાં જ જાન્હવીની મમ્મી એટલે કે જ્યોતિકા એ કહ્યું બા પાંચ નહીં અઢી લીટર જ !!

બા એ કહ્યું એમ કેમ ! એણે કહ્યું મેં એમાં ભગવાનની માફી માંગીને પાણી મેળવ્યું, અને એ દૂધ શ્યામલીનાં દીકરા માટે આપી દીધું. જયા બા એ કહ્યું મા દીકરી બંને એ સાચી શંકરની સાચી ભક્તિ કરી કારણ કે શંકર એટલે કલ્યાણ અને તમે બંને એ ગરીબોના કલ્યાણનું વિચાર્યું જે પણ પૂજા જ છે.

## ગોપીઓ જળમાં પણ નહાય છે એટલે શ્રીકૃષ્ણમાં નહાય છે. એટલે એમને શ્રીકૃષ્ણ મળેલા જ છે.

# તમારા હૃદયનો શુદ્ર ભાવ હું જાણું છું,પણ તમારે હજુ મારું ધ્યાન કરી મનનો સૂક્ષ્મ મળ દૂર કરવાનો છે



વિશેષ
યશપાલસિંહ ટી. વાઘેલા
(દરબાર ગઢ, થરા)

**રાધાજીનું નામ જેમ ભાગવતમાં આવતું નથી,તેમ કોઈ ગોપીનું નામ પ્રગટ રૂપે આપ્યું નથી. શુકદેવજી કથા બહુ વિવેકથી કરે છે. રાજાપરીક્ષિતને સાત દિવસમાં મોક્ષ અપાવવો છે.તે વખતે જો શુકદેવ જી રાધે રાધે બોલવા લાગે તો ગુરુનું નામ લેતાં શુકદેવજીને સમાધિ લાગી જાય તો પછી રાજાનું શું? બાપડો રખડી જ પડેને! એટલે શુકદેવજી ખૂબ સાવધાન છે.**

જીવનની એવી કોઈ સમસ્યા નથી કે જેનો ઉકેલ કુદરત પાસે ન હોય. સમસ્યા ગમે તેટલી મોટી હોય,તેનો કોઈને કોઈ ઉકેલ ચોક્કસ જ હોય છે. આપણે સમસ્યાનો હિંમતપૂર્વક સામનો કેવી રીતે કરવો તે જાણવું જોઈએ કારણ કે સમસ્યાનો સામનો કરવાથી દૂર થઈ જાય છે, મોં ફેરવીને નહીં.આ પ્રકૃતિનોએક નિયમ પણ છેકે અહીં ફક્ત પોતાનાથી નબળા લોકો જ એક બીજાને હેરાન કરે છે. દુઃખ સાથે પણ એવું જ થાય છે. તમે દુઃખથી દૂર ભાગવાનો જેટલો પ્રયત્ન કરશો,તેટલા વધુ દુઃખ તમારા પર હાવી થશે. સ્વામી વિવેકાનંદજી કહેતા હતા કે દુઃખ એ વાંદરાઓ જેવું છે જે પીઠ ફેરવે ત્યારે પીછો કરે છે અને સામનો કરે ત્યારે ભાગી જાય છે. સમસ્યાનો સામનો કરવો એ સમસ્યાને ઘટાડવાનો શ્રેષ્ઠ માર્ગ છે. આજે આપણે ભગવદ્ ગીતા જ્ઞાનમાં જોઈએ તો ચીરહરણ એ રાસલીલાની પૂર્વ તૈયારી છે. વૃત્તિ ઓના આવરણનું નષ્ટ થઈ જવું એ ચીરહરણ લીલા અને તે પછી જીવનું આત્મામાં રમણ-મિલન એ રાસ.એટલે તો ચીરહરણ લીલા પછી રાસલીલા કહે છે. કામવાસના જાય એટલે ઈશ્વર સાથે અદ્વૈત પ્રાપ્ત થાય.ચીર હરણ એ કંઈ લૌકિક વસ્ત્રોની ચોરી નથી,પરંતુ બુદ્ધિગત કામ વાસનાની ચોરી છે. શ્રીકૃષ્ણ વ્યાપક હોવાથી જળમાં પણ શ્રીકૃષ્ણ છે. ગોપીઓ જળમાં પણ નહાય છે એટલે શ્રીકૃષ્ણમાં નહાય છે. એટલે એમને શ્રીકૃષ્ણ મળેલા જ છે. પણ વાસનાનું, અજ્ઞાનનું આવરણ હોવાથી શ્રીકૃષ્ણનો તેમને અનુભવ થતો નથી. તેથી બુદ્ધિગત વાસનાનું વસ્ત્ર પ્રભુ કૃપા કરીને દૂર કરે છે, જ્યારે પ્રભુ ના બનીએ ત્યારે જ આ બને છે. પ્રભુ કહે છેકે,જેણે પોતાની બુદ્ધિ ને મારામય કરી છે તેનો વિષય ભોગનો સંકલ્પ સાંસારિક વિષય ભોગ માટે થતો નથી,પણ તે સંકલ્પ મોક્ષદાયી જ થાય છે. ભૂજેલા ધાન્યનું બી જેમ અંકુરિત થતું નથી, તેમ જેમની બુદ્ધિમાંથી વાસના નષ્ટ થઈ છે તેમની બુદ્ધિ માં કામવાસના અંકુરિત થતી નથી, ગોપીઓને પ્રભુએ કહ્યું છે,હે વ્રજ કુમારિકાઓ!તમારામાં કામ વાસના નથી, તમારા હૃદયનો શુદ્ધ ભાવ હું જાણું છું,પણ તમારે હજુ મારું ધ્યાન કરી મનનો સૂક્ષ્મ મળ દૂર કરવાનો છે. તે પછી તમે મને મળશો.તમે શરદ ઋતુની રાત્રિએ મારી સાથે રમશો. શરદ ઋતુની રાત્રિ નિર્મળ હોય છે.તમે એવા નિર્મળ થશો, સર્વ પ્રકારે શુદ્ધ થશો તો તમે ઈશ્વર સાથે રમી રમશો, ત્યારે જીવનું ઈશ્વર સાથે મિલન થશે ત્યારે રાસ થશે. તે પહેલાં પૂતનાવધ-અવિદ્યાનો નાશ થવો જોઈએ. અવિદ્યાનો નાશ થાય, એટલે સંસારનું ગાડું સુધરે છે.એ બતાવવા શકટાસુર નો વધ કર્યો. સંસારનું ગાડું સુધર્યું. એટલે તૃણાવર્તને માર્યો.તૃણાવર્ત



એટલે કે રજોગુણ નો નાશ થયો. રજોગુણ મર્યો એટલે માખણ ચોરીની લીલા આવી. શ્રીકૃષ્ણે મનની ચોરી કરી એટલે જીવન સાત્ત્વિક બન્યું. જીવન સાત્ત્વિક બને તો સંસારની આસક્તિ નષ્ટ થાય એટલે તે બતાવવા દહીંની ગોળી ફોડી.એટલે કે સંસારની આસક્તિ થઈ. સંસારની આસક્તિ જાય એટલે પ્રભુ બંધાય. તેથી તે પછી આવી દામોદર લીલા અને પ્રભુ બંધાયા એટલે દંભ મર્યો,એટલે આવી બકાસુર વધની કથા,તે પછી આવી અઘાસુર વધની કથા અને સંસારનો તાપ નાશ થયો. સંસાર દાવાગ્નિ શાંત થયો એટલે ઈન્દ્રિયોની શુદ્ધિ થઈ અને અંતઃ કરણની વાસનાનો ક્ષય થાય. તે બતાવવા નાગદમન લીલા અને પ્રલંબાસુર વધની કથાઆવી આમ જીવ ઈશ્વરને મળવા લાયક થતો ગયો એટલે તેને વેણુગીતની વાંસળી સંભળાઈ.વેણુગીત એટલે નાદ બ્રહ્મની ઉપાસના થઈ. એટલે તે પછી આવી ગોવર્ધન લીલા. ગોવર્ધન લીલા એટલે ઈન્દ્રિયોની પુષ્ટિ એટલે વૃદ્ધિ. ઈન્દ્રિયોની પુષ્ટિ એટલે કે વૃદ્ધિ ભક્તિરસથી થાય છે.ઈન્દ્રિયો પુષ્ટ થઈ એટલે ષડ્રસનો પરાભવ થયો. વરુણદેવનો પરાભવ થયો, ષડ્રસ નો પરાભવ થયો,જીવ શુદ્ધ થયો, કોઈ વાસનાનું આવરણ ન રહ્યું એટલે ચીરહરણ લીલા થઈ અને તે પછી રાસલીલા થઈ, જીવ અને બ્રહ્મની એકતા થઈ. એકત્વ થયું. આનંદ આનંદ થઈ રહ્યો. બોલો,ચીરહરણ ન થાય ત્યાં સુધી રાસલીલા ન થાય. શરીરને વસ્ત્ર ઢાંકે છે,તેમ વાસના પરમાત્માને ઢાંકી રાખે છે. વાસનારૂપી પડદો દૂર ન થાય, ત્યાં સુધી જીવ અને શિવનું-ઈશ્વરનું મિલન થતું નથી. વાસનારૂપી વસ્ત્ર જીવ અને પરમાત્માનું મિલન થતું અટકાવે છે. ઈન્દ્રિયો વગેરેમાંથી કામને કાઢવો સહેલો છે પણ બુદ્ધિગત કામને કાઢવો મુશ્કેલ છે. ચીરહરણ સિવાય આરો નથી. વાસનાનો ક્ષય સહેલો નથી. યોગીના શરીરમાંથી કામ જાય છે, પણ બુદ્ધિમાંથી કામ જતો નથી. વૃદ્ધાવસ્થામાં ઈન્દ્રિયો શિથિલ થતાં ઈન્દ્રિયોમાંથી જાય છે, પરંતુ કામ બુદ્ધિમાંથી નીકળતો નથી. ઋષિઓ પણ કામથી હારેલા. તેઓને લાગ્યું કે, કામને મારવો કઠણ છે, તેથી તે ઋષિઓ આજે ગોપીઓ થઈને આવેલા છે. ઋષિઓએ નિશ્ચય કર્યો,આ કામ ભાવ હવે શ્રીકૃષ્ણને અર્પણ કરીશું અને નિષ્કામ થઈશું. મહાપ્રભુની આજ્ઞા છે કે, દસમ સ્કંધ એ ગોવર્ધનનાથનું હૃદય છે અને રાસલીલા પ્રાણ છે. - હૃદયમાં પંચપ્રાણ રહેલા છે, તેમ શ્રીમદ્ ભાગવતની પંચપ્રાણ આ રાસ પંચાધ્યાયી છે.રાસ પંચાધ્યાયીના પાંચ અધ્યાય છે. રાસ પંચાધ્યાયીને ફળ પ્રકરણ કહે છે.રાસલીલા એ નિવૃત્તિ ધર્મ નું પરમ ફળ છે.શ્રી રાધાજી શુકદેવજીના ગુરુ છે. રાધાજીએ શુકદેવજીને બ્રહ્મસંબંધ કરાવ્યો છે.આ રાધાજીની કૃપા વગર રાસનું મહત્ત્વ સમજવું કઠિન છે. શુકદેવ જી અગાઉના જન્મમાં પોપટ હતા પોપટ અખંડ રાધાજી ના નામનું કીર્તન કરો. એક દિવસ રાધાજી ત્યાં પધાર્યાં. ઓહો! આ કોણ મારા નામનો જપ કરે છે? ત્યાં પોપટ ઉપર દ્રષ્ટિ પડી. પોપટ જપ કરે છે. પોપટને બોલાવ્યો. પોપટને હથેળી ઉપર રાખી કહ્યું, વત્સ, રાધા રાધા નહીં, શ્રીકૃષ્ણ શ્રીકૃષ્ણ બોલ!રાધાજી પોપટને આ પ્રમાણે મંત્ર દીક્ષા આપે છે તે વખતે શ્રીકૃષ્ણ ત્યાં પધારે છે. રાધાજીની કૃપા થઈ તો શ્રીકૃષ્ણ નાં દર્શન સુલભ બની ગયાં.વ્રજ ના અધિશ્વરી રાધાજી આદ્યશક્તિ છે. સંયોજીકા શક્તિ છે. આહલાદિકા શક્તિ છે. જગતના વિખૂટા પડેલા જીવોને શ્રીકૃષ્ણ સાથે મિલન કરાવી આપનાર શક્તિછે,તેથી વૃંદાવનમાં મહાત્મા ઓ રાધે રાધેનો જપ કરે છે.રાધા જીની કૃપા થાય તો તે જીવને ભગવાનનાં દર્શન કરાવે છે, આ પ્રમાણે શુકદેવજીપૂર્વજન્મમાં પોપટ હતા,માટે ભાગવતમાં શુકદેવજી બોલ્યા, એમ કહેવાને બદલે શ્રી શુક બોલ્યા એમ લખ્યું છે. શ્રીશબ્દનો અર્થ થાય છે રાધા શ્રીશુક એ ગુરુ-શિષ્યનું નામ છે. ભાગવતમાં કોઇના નામ સાથે શ્રી વિશેષણ લખવામાં આવતું નથી. બ્રહ્મા ઉવાચ, સનત કુમાર ઉવાચ, વ્યાસ ઉવાચ એમ લખ્યું છે. વ્યાસજીના નામ સાથે પણ શ્રી વિશેષણ વાપર્યું નથી.ફક્ત શુકદેવજી અને ભગવાનને શ્રી વિશેષણ આપવા માં આવ્યું છે. શુકદેવજી શ્રીજીના રાધાજીના કૃપાપાત્ર છે, શિષ્ય છે તેથી તેમને શ્રી વિશેષણ આપવામાં આવ્યું છે રાધાજી શ્રીકૃષ્ણને કહે છે,આ પોપટ મને ખૂબ ગમે છે.આમ કહી રાધાજીએ શ્રીકૃષ્ણના હાથમાં પોપટ આપ્યો છે. આમ અંતરંગમાં રાધાજી શુકદેવ જીના ગુરુ છે.પરમાત્મા સાથે સંબંધ જોડી આપે એ મહાપ્રભુનું નામ પ્રગટરૂપે લેવાય નહીં.એટલે ભાગવતમાં શ્રીરાધાજીનું નામ પ્રગટરૂપે શુકદેવજીએ લીધું નથી.

### માથામાં અને ચહેરા પરની ઇજાથી ચાહકોની ચિંતા વધી

# પંજાબી ગાયક ગુરુ રંધાવા ગંભીર રીતે ઘાયલ થયો

પંજાબી ગાયક અને અભિનેતા ગુરુ રંધાવાના ચાહકો માટે ખરાબ સમાચાર છે. ગુરુ રંધાવા હાલમાં તેમની પંજાબી ફિલ્મ 'શૌંકી સરદાર'નું શૂટિંગ કરી રહ્યા હતા, જેમાં બબ્બુ માન, નિમ્રિત કૌર આહલુવાલિયા અને ગુગ્ગુ ગિલ પણ છે. હવે, સમાચાર છે કે એક એક્શન સિક્વન્સ કરતી વખતે તેને ઈજા થઈ છે અને હાલમાં તે હોસ્પિટલમાં દાખલ છે. ગુરુ રંધાવાએ ઈન્સ્ટાગ્રામ પર હોસ્પિટલથી પોતાની એક પોસ્ટ પણ શેર કરી છે.સિંગરે પોસ્ટમાં લખ્યું, 'મારો પહેલો સ્ટંટ, મારી પહેલી ઈજા પણ મારી હિંમત અકબંધ છે.' ફિલ્મ ''શૌંકી સરદાર'' ના સેટ પરથી એક યાદ આવી. તે ખૂબ જ મુશ્કેલ છે... પણ હું મારા દર્શકો માટે સખત મહેનત કરીશ. ફોટામાં, સિંગર હોસ્પિટલના પલંગ પર સૂતેલો, પીડામાં હોવા છતાં કેમેરા સામે હસતો, ગળામાં સર્વાઈકલ કોલર પહેરેલો જોવા મળ્યો હતો. તેને ગરદન અને માથામાં ગંભીર ઈજાઓ થઈ છે.આ સમાચાર પર પ્રતિક્રિયા આપતા બોલિવૂડમાંથી કેટલાક લોકોએ કૉમેન્ટ્સ કરીને તેને જલ્દી સાજા થવા માટે કહ્યું છે. તેમના ચાહકો પણ કોમેન્ટ સેકશનમાં અભિનેતા-સિંગરને ઝડપથી સ્વસ્થ થવાની શુભેચ્છા પાઠવી રહ્યા છે. એક ચાહકે લખ્યું, 'જલ્દી સ્વસ્થ થાઓ ચેમ્પ.' જ્યારે બીજાએ કહ્યું, 'બધું સારું થઈ જશે પાજી.'આ પહેલા, ગાયકે થોડા મહિના પહેલા એક પોસ્ટ શેર કરી હતી જેમાં તેણે કહ્યું હતું કે, 'મોટા લોકોને મોટી સમસ્યાઓનો સામનો કરવો પડે છે.' આ મુદ્દો થોડા દિવસોમાં ઉકેલાઈ જશે અને અમે પહેલા કરતાં વધુ મજબૂત રીતે પાછા આવીશું. આ વર્ષ સંગીત અને ફિલ્મોથી ભરેલું રહેશે. હું આ બધા મુદ્દાઓ વિશે ભાગ્યે જ વાત કરું છું. પણ હા, હવે સમય આવી ગયો છે કે આપણે તેના વિશે વાત કરીએ અને છેલ્લા ૧.૫ વર્ષથી બેકએન્ડ પર શું થઈ રહ્યું છે તે શેર કરીએ. પણ હા, આશા છે કે આ વર્ષે આ મુદ્દો ઉકેલાઈ જશે અને વસ્તુઓ વધુ સારી રીતેઉકેલાઈ જશે.



# મહાભારત સિરિયલ બનાવવામાં સપ્તાહે બે લાખનું નુકસાન હતું

મહાભારત ચાહકોને ખૂબ જ ગમ્યું. આ શોના દરેક પાત્ર ચર્ચામાં હતા. પણ અહી જાણવું રસપ્રદ થઈ પડશે કે મહાભારત બનાવવામાં નુકસાન થયું હતું.બીઆર ચોપરાએ અઠવાડિયામાં ૨ લાખ રૂપિયાના નુકસાન સાથે મહાભારત બનાવ્યું, નિર્માતા રેણુ ચોપરાએ ચોંકાવનારી વિગતો જાહેર કરી હતી જેમાં જણાવ્યું કે મહાભારત દર અઠવાડિયે ૨ લાખ રૂપિયાના નુકસાન સાથે બનાવવામાં આવ્યું હતું, જેના લીધે રવિ ચોપરા નારાજ થયા અને શો કરવાનો ઈનકાર કર્યો, મહાભારત ટીવી પરના ઐતિહાસિક શોમાંથી એક છે. આ શો ૧૯૮૮ થી ૧૯૯૦ સુધી ચાલ્યો હતો. બીઆર ચોપરાના પુત્ર રવિ ચોપરાએ આ શોનું દિગ્દર્શન કર્યું હતું અને બીઆર ચોપરાએ તેનું નિર્માણ કર્યું હતું. આ શોમાં નીતિશ ભારદ્વાજે શ્રી કૃષ્ણની ભૂમિકા ભજવી હતી. મુકેશ ખન્નાએ ભીષ્મ પિતામહનું પાત્ર ભજવ્યું હતું. રૂપા ગાંગુલીએ દ્રૌપદીની ભૂમિકા ભજવી હતી. આ શો ખૂબ જ પસંદ આવ્યો.હવે રવિ ચોપરાની પત્ની રેણુ ચોપરાએ મહાભારત વિશે વાત કરી છે. તેમણે કહ્યું કે દ્રૌપદીના રોલ માટે રૂપા પહેલી પસંદ નહોતી. આ ભૂમિકા માટે અભિનેત્રી જુહી ચાવલાને સાઈન કરવામાં આવી હતી. પરંતુ જ્યારે જુહી આ શો કરી શકી નહીં, ત્યારે રૂપાને સાઈન કરવામાં આવી. આ ઉપરાંત રેણુએ જણાવ્યું કે મહાભારત બનાવતી વખતે તેને નુકસાનનો સામનો કરવો પડ્યો હતોરેણુ ચોપરાએ કહ્યું, 'પહેલા બે દિવસના એપિસોડ પછી, જે કંપની અમને ફાઈનાન્સ કરી રહી હતી તે અમને ૬ લાખ રૂપિયા આપી રહી હતી.' અને પહેલા એપિસોડમાં જ ૭-૮ કરોડ રૂપિયા ખર્ચાયા હતા. તો રવિ તેના પિતા પાસે ગયો અને કહ્યું કે હવે હું આવું કરી શકતો નથી. હું ગમે તેટલી કોશિશ કરું, પણ ૬ લાખ રૂપિયામાં નહીં બને. તો તેણે કહ્યું કે તમે જે બનાવી રહ્યા છો તેનાથી ખુશ છો? તેણે હા પાડી. તો બી.આર. ચોપરાએ કહ્યું, પૂરા દિલથી કરો, પૈસાની ચિંતા ના કરો, પૈસા પછી આવશે. રેણુ ચોપરાએ આગળ કહ્યું, 'તો ખરેખર જ્યારે અમે તે બનાવી રહ્યા હતા.



### એટલી સાથેની ફિલ્મમાં મડાગાંઠ સર્જી

# એકલા સલમાનને લઈ ૫૦૦ કરોડ બજેટની ફિલ્મ બનાવવા નનૈયો

### એકલા હાથે નફો નહિ અપાવી શકે, સાઉથના મોટા સ્ટારને કાસ્ટ કરવા આગ્રહ

સલમાન સાઉથના મોટા ડાયરેક્ટર એટલીની એક એક્શન ફિલ્મ કરી રહ્યો હોવાનું લાંબા સમયથી ચર્ચાય છે. સલમાન એકલા હાથે નફો નહિ અપાવી શકે, સાઉથના મોટા સ્ટારને કાસ્ટ કરવા આગ્રહ જોકે, હવે સાઉથના ફિલ્મી વર્તુળોમાં થતી કાનાફૂસી અનુસાર આ ફિલ્મ કો સ્ટારને કાસ્ટ કરવા મુદ્દે હાલ અટકી પડી છે. એટલીએ સલમાનને લઈ ૫૦૦ કરોડનાં બજેટની ફિલ્મ બનાવવાનો મનસૂબો સેવ્યો છે. જોકે, ફાઈનાન્સિઅર્સ માને છે કે સલમાન એકલા હાથે ૫૦૦ કરોડના બજેટની ફિલ્મનો ભાર ઉપાડી શકે નહિ. આ ફિલ્મ તેનું બજેટ પણ કાઢી લે અને તે ઉપરાંત સારો એવો નફો પણ રળી શકે તે માટે ફિલ્મમાં સાઉથનો કોઈ મોટો સ્ટાર પણ હોવો જરુરી છે. જેની પાન ઈન્ડિયા અપીલ હોય અને ઈન્ટરનેશનલ માર્કેટમાં પણ નામ હોય તેવા હિરોના ભરોસે જ આટલું મોટું રોકાણ કરી શકાય. એટલીએ સલમાન સાથે સાઉથના કેટલાક સ્ટાર્સને લેવાનું વિચાર્યુ છે પરંતુ તેઓ એટલા સેલેબલ નથી કે સાઉથની માર્કેટમાં પણ ફિલ્મ ઊંચકી શકે. સલમાન પણ પોતાની ફિલ્મની સફળતાનું શ્રેય સાઉથનો કોઈ મોટો સ્ટાર ખાટી જાય તેમ ઈચ્છતો નથી. આમ, કો સ્ટાર મુદ્દે મડાગાંઠ સર્જાતાં આ ફિલ્મના પ્રોજેક્ટને હાલ ગ્રહણ લાગી ગયું છે. આ મુદ્દાનો નિવેડો નહિ આવે તો આ ફિલ્મ કદાચ કાયમ માટે બાજુ પર મૂકાઈ જાય તેવી પણ શક્યતા સાઉથના ફિલ્મી વર્તુળોમાં ચર્ચી રહી છે.



# સૂરજ બરજાત્યાની ફિલ્મમાં શર્વરી-આયુષ્યમાનની જોડી

શર્વરીએ આલિયા ભટ્ટ સાથેની એક્શન ફિલ્મ 'આલ્ફા' અને 'વેદા' પછી સૂરજ બરજાત્યાની ફિલ્મમાં કામ શરૂ કર્યું હોવાની ચર્ચા છે. સૂરજ બરજાત્યા 'હમ સાથ સાથ હે', 'હમ આપકે હૈ કૌન', 'મેને પ્યાર કિયા' અને 'મેં પ્રેમ કી દિવાની હું' જેવી ફિલ્મો બનાવી ચૂક્યા છે, પારિવારીક વિષયો સાથેની લોકપ્રિય ફિલ્મો માટે જાણીતા બરજાત્યાએ હવે આગામી ફિલ્મ માટે શર્વરીને પસંદ કરી છે. કેટલાંક અહેવાલો મુજબ સૂરજ બરજાત્યના આ રોલ માટે જરૂરી દરેક માંગમાં શર્વરી બંધ બેસે છે. શર્વરી એક રોમેન્ટિક ફિલ્મમાં નાદાન અને બહુ મજબૂત ન હોય તેવા પાત્રથી દર્શકોને સ્પર્શી લેવા સક્ષમ છે. સૂત્રના જણાવ્યા અનુસાર, ''છેલ્લાં એક વર્ષથી ઈન્ડસ્ટ્રી શર્વરીના વખાણ કરતાં થાકતી નથી અને હવે સૂરજ બરજાત્યા જેવા ડિરેક્ટરે તેના પર પસંદગી ઉતારી છે. તેનાથી સાબિત થાય છે કે તેના પર શ્રેષ્ઠ નવી એક્ટ્રેસ તરીકેની મહોર લાગી ગઈ છે.''ડિસેમ્બર ૨૦૨૪માં જાહેરાત થઈ હતી કે, આયુષ્યમાન બરજાત્યાના પ્રેમનો નવો ચહેરો હશે. આ પહેલાં પ્રેમ તરીકે સલમાન ખાન, શાહિદ કપૂર અને સોનુ સૂદ જોવા મળ્યા છે. આવનારી નવી ફિલ્મ માટે બરજાત્યા નવા ચહેરાની શોધમાં હતા. કોઈ એવું જોઈતું હતું જે ફેમિલી ઓડિયન્સને અપીલ કરી શકે અને અંતે આયુષ્યમાનની પસંદગી કરવામાં આવી હતી. હવે ફિમેલ લીડ તરીકે શર્વરીની પસંદગી કરવામાં આવી છે, ત્યારે હવે પહેલી વખત આયુષ્યમાન અને શર્વરીની જોડી રોમેન્ટિક રોલમાં જોવા મળશે.

# ઉર્વશી રૌતેલા ઓરી સાથે ફેરા ફરશે તેવી જોરદાર અટકળો

સોશિયલ મીડિયા પર ઉર્વશી રૌતેલા અને ઓરીની મજેદાર વાતચીતે નેટીઝન્સનું ધ્યાન ખેંચ્યું છે, જેના કારણે તેમના લગ્નની અફવાઓ ફેલાઈ છે. ઉપરાંત, ઉર્વશીની ફિલ્મ 'ડાકુ મહારાજ'ના ઓટીટી રિલીઝ પોસ્ટરમાં તેની ગેરહાજરીથી પણ ચર્ચા થઈ હતી, જોકે તેનું પોસ્ટર પાછળથી રિલીઝ થયું હતું.ભારતીય અભિનેત્રી ઉર્વશી રૌતેલા તેની ફિલ્મ 'ડાકુ મહારાજ' માટે હેડલાઈન્સમાં છે. દરમિયાન, ઓરહાન અવત્રામણિ, જેને 'ઓરી' તરીકે પણ ઓળખવામાં આવે છે, તેણે ઈન્ટરનેટ પર ચર્ચા જગાવી છે. સોશિયલ મીડિયા પર બંને વચ્ચેની તાજેતરની વાતચીતથી નેટીઝન્સમાં આશા જાગી છે કે તેઓ લગ્ન કરી શકે છે. ડાકુ મહારાજમાં નંદમુરી બાલકૃષ્ણ સાથે ઉર્વશીની વિવાદાસ્પદ જોડીથી લઈને સૈફ અલી ખાન પરના હુમલા અને ફિલ્મના ઓટીટી પોસ્ટરોમાંથી દૂર કરવા અંગેની તેણીની ટિપ્પણીઓ સુધી, ઉર્વશી ઘણા કારણોસર હેડલાઈન્સમાં રહી છે. હવે, તે બોલિવૂડના ઓરી સાથેની વાતચીતને કારણે ફરી ચર્ચામાં છે. ઓરીએ તાજેતરમાં જ આધાર જૈન અને અલેખા અડવાણીના લગ્નની તસવીરો શેર કરી હતી જેમાં તે લાલ કુર્તા, મેચિંગ નેહરુ જેકેટ, સફેદ પેન્ટ અને લાલ મખમલની જુટ્ટીમાં ખૂબ જ સુંદર દેખાતો હતો. જોકે, સૌથી વધુ ધ્યાન કોમેન્ટ સેકશન પર ગયું. ઉર્વશી રૌતેલાએ ટિપ્પણી કરી, 'તમારા લગ્નમાં હાજરી આપવા માટે રાહ જોઈ શકતી નથી,' જેના પર ઓરીએ મજાકમાં જવાબ આપ્યો, 'આપણા.'ડાકુ મહારાજ' રિલીઝ૧૬ ફેબ્રુઆરી, ૨૦૨૫ ના રોજ, ઓટીટી પ્લેટફોર્મે ઈન્સ્ટાગ્રામ પર 'ડાકુ મહારાજ' નું પોસ્ટર જાહેર કર્યુ, જેમાં તેની રિલીઝ તારીખ જાહેર કરવામાં આવી. જોકે, નેટીઝન્સે ઝડપથી જોયું કે બાલકૃષ્ણ, બોબી દેઓલ, પ્રજ્ઞા જયસ્વાલ અને શ્રદ્ધા શ્રીનાથને બતાવવામાં આવ્યા હતા, જ્યારે ઉર્વશી રૌતેલા ગાયબ હતી. પરંતુ બાદમાં તેનું પોસ્ટર પણ જાહેર થયું.



# અક્ષય ઈચ્છતો હતો કે રવિના લગ્ન કરીને ઘરે રહે

### ૯૦ના દાયકાની શરૂઆતમાં અક્ષય અને રવિનાની ઓન-સ્ક્રીન કેમેસ્ટ્રી ચર્ચાનો વિષય બની હતી

બોલિવૂડ અભિનેતા અક્ષય કુમાર બે બાળકોના પિતા છે. અને તે ટ્વિંકલ ખન્ના સાથે પોતાનું વૈભવી જીવન જીવી રહ્યો છે. તે જ સમયે, રવિના ટંડન પણ તેના પરિવાર અને બાળકો સાથે આરામદાયક જીવન જીવી રહી છે. પણ એક સમય એવો હતો જ્યારે બંને લગ્ન કરવાના હતા. તેઓએ એક ખાનગી સમારંભમાં પણ સગાઈ કરી. પણ પછી કંઈક એવું બન્યું કે તેણે પોતાનો રસ્તો બદલી નાખ્યો.અક્ષય કુમાર અને રવિના ટંડનની એક સમયે સગાઈ થઈ હતી, પરંતુ પછીથી તેઓ અલગ થઈ ગયા. ફિલ્મ 'મોહરા' દરમિયાન શરૂ થયેલા તેમના સંબંધોનો અંત આવ્યો.૯૦ના દાયકાની શરૂઆતમાં અક્ષય કુમાર અને રવિના ટંડનની ઓન-સ્ક્રીન કેમેસ્ટ્રી ચર્ચાનો વિષય બની હતી. ૧૯૯૪ની બ્લોકબસ્ટર ફિલ્મ 'મોહરા'માં બંને વચ્ચેનો જબર દસ્ત રોમાંસ જોવા મળ્યો હતો. અને અહીંથી તેમના અફેરની ચર્ચા શરૂ થઈ. ૯૦ના દાયકાની શરૂઆતમાં અક્ષય કુમાર અને રવિના ટંડનની ઓન-સ્ક્રીન કેમેસ્ટ્રી ચર્ચાનો વિષય બની હતી આ પછી અભિનેત્રીએ પ્રોજેક્ટ્સ લેવાનું બંધ કરી દીધું. એવું કહેવાય છે કે અક્ષય કુમાર ઈચ્છતા હતા કે અભિનેત્રી ઘરે રહે અને પરિવારને પ્રાથમિકતા આપે.અક્ષય અને રવિનાએ સ્વીકાર્યું હતું કે તેમની સગાઈ થઈ ગઈ છે. અભિનેત્રીએ એકવાર આ વિધિ વિશે જણાવ્યું હતું કે અભિનેતાનો પરિવાર દિલ્હીથી આવ્યો હતો. અને ધાર્મિક વિધિ કરતી વખતે, આશીર્વાદ તરીકે તેમના માથા પર લાલ રંગનો સ્કાર્ફ મૂકવામાં આવ્યો. રવિનાએ સિમી ગ્રેવાલના શોમાં કહ્યું હતું કે, 'મારી સગાઈ એક એવી વ્યક્તિ સાથે થઈ હતી જેને હું જાણતી હતી અને હું ફક્ત સાદું જીવન જીવવા માંગતી હતી.રવિનાએ આગળ કહ્યું, 'મેં લગ્ન પહેલા કામ છોડી દીધું હતું કારણ કે અમને લાગતું હતું કે જ્યારે મારો શૂટિંગનો છેલ્લો દિવસ આવશે, ત્યારે અમે લગ્ન કરીશું.' એકવાર મેં મારી કારકિર્દી શરૂ કરી ત્યારે તેણે મને તે છોડી દેવાનું કહ્યું. પણ મેં તેને કહ્યું કે એક સમયે મેં મારા કરિયર કરતાં તને પસંદ કર્યો હતો, પણ હવે હું તારા કરતાં મારું કરિયર પસંદ કરીશ.



# સાન્યાની ફિલ્મ 'મિસિસ' અંગે કંગનાની નામ લીધા વગર ટીકા

### અભિનેત્રીએ પોતાની પોસ્ટમાં 'મિસિસ'નું નામ લેવાનું ટાળ્યું

સાન્યા મલ્હોત્રાની ફિલ્મ 'મિસિસ' ભારતીય ઘરોમાં ગૃહિણીઓ વિશે ચર્ચા જગાવી રહી છે, ત્યારે કંગના રનૌતે આ અંગે સૂક્ષ્મ રીતે પોસ્ટ્સ શેર કરી છે.સાન્યા મલ્હોત્રાની તાજેતરમાં રિલીઝ થયેલી ફિલ્મ 'મિસિસ' એ ભારતીય ઘરોમાં ગૃહિણીઓ વિશે ચર્ચા જગાવી છે. જ્યારે કેટલાક ચાહકો ફિલ્મની પ્રશંસા કરી રહ્યા છે અને તેને સંપૂર્ણ કહી રહ્યા છે, ત્યારે કેટલાક લોકોએ તેને ભારતીય લગ્નોનું ખરાબ સંસ્કરણ ગણાવ્યું છે. હવે, કંગના રનૌતે ફિલ્મનું નામ લીધા વિના તેની ટીકા કરતી ઘણી પોસ્ટ્સ શેર કરી છે. તેમની પોસ્ટે રેડિટ પર કેટલાક નેટીઝન્સમાં તીવ્ર પ્રતિક્રિયા આપી છે. કંગના ફરી એકવાર પોતાના નિવેદનને કારણે ચર્ચામાં છે. સાન્યા મલ્હોત્રાની તાજેતરમાં રિલીઝ થયેલી ફિલ્મ 'મિસિસ' એ ભારતીય ઘરોમાં ગૃહિણીઓ વિશે ચર્ચા જગાવી છે કંગના રનૌતે ઈન્સ્ટાગ્રામ સ્ટોરીઝ પર ટીકા કરી કે બોલિવૂડ ફિલ્મોએ લગ્નના ખ્યાલને કેવી રીતે બરબાદ કરી દીધો છે. જોકે, 'મણિકર્ણિકાઃ ધ ક્વીન ઓફ ઝાંસી' અભિનેત્રીએ પોતાની પોસ્ટમાં 'મિસિસ'નું નામ લેવાનું ટાળ્યું. તેણીએ કહ્યું, 'મેં ક્યારેય એવી સ્ત્રી જોઈ નથી જે પોતાના ઘરમાં આદેશ ન આપે, ક્યારે ખાવું, ક્યારે સૂવું અને ક્યારે બહાર જવું તે બધાને આદેશ ન આપે, તેના પતિને દરેક પૈસા વિશે પૂછે અને તે તેનું પાલન કરે, ફક્ત ઝઘડા જ થતા, તેના છોકરાઓ સાથે બહાર જવાનું અને મિત્રો સાથે દારૂ પીવાનું. જ્યારે પણ પિતા અમારી સાથે બહાર જમવા માંગતા ત્યારે તે અમને બધાને ઠપકો આપતી કારણ કે અમારા માટે રસોઈ બનાવવી એ તેમનો આનંદ હતો, આમ તે ખોરાકની સ્વચ્છતાનું પણ ધ્યાન રાખતી.આ ઉપરાંત, કંગના રનૌતે ભારતીય ઘરની મહિલાઓને રાણીઓ પણ કહી હતી જેમની ઘરના તમામ મામલાઓમાં પોતાનો મત હોય છે. તેણીએ કહ્યું, 'ઘરની સ્ત્રીઓ દાદી, માતા, કાકી આપણી રાણીઓ છે અને આપણે તેમના જેવી બનવાની અપેક્ષા રાખીએ છીએ, અલબત્ત, સ્ત્રીઓ સાથે તેમના જેવો વ્યવહાર થતો હોય તેવા કિસ્સાઓ બની શકે છે, પરંતુ ચાલો ભારતીય પરિવારોને સામાન્ય બનાવવાનું અને વૃદ્ધોને રાક્ષસી બનાવવાનું બંધ કરીએ, ઘરની સ્ત્રીઓની સરખામણી બંધુઆ મજૂરો સાથે કરવાનું પણ બંધ કરીએ અને ઘર બનાવવા અને બાળકોને ઉછેરવાના આનંદને બળજબરીથી મજૂરી સાથે જોડવાનું બંધ કરીએ.'કંગનાનો બોલિવૂડ પર આરોપકંગનાએ બોલિવૂડ ફિલ્મો પર આરોપ લગાવ્યો હતો કે તેઓ દર્શકોને તેમના ઘરમાં વડીલોને ત્યજી દેવા અથવા બાળકો ન રાખવાનું શીખવીને તેમના લગ્નજીવનને બરબાદ કરે છે. જોકે, રેડિટ પર કેટલાક નેટીઝન્સે કંગના રનૌતને દંભી ગણાવી હતી. તેમણે પ્રશ્ન કર્યો કે તે પોતે હજુ પણ અપરિણીત છે અને ફિલ્મોમાં કેમ કામ કરે છે.







# સૌથી વધુ ખરાબ ફિલ્મ માટે રેઝી એવોર્ડમાં નોમિનેશન

### ૫૫ વર્ષની જેનિફર લોપેઝની કરિયર અને પર્સનલ લાઈફમાં આવો પડકારજનક સમય અગાઉ ક્યારેય આવ્યો નથી



જેનિફર લોપેઝને ફિલ્મ 'કિસ ઓફ ધ સ્પાઈડર વુમન' સનડાન્સ ફિલ્મ ફેસ્ટિવલમાં હિટ રહી છે, પરંતુ એકંદરે તેનો ખરાબ સમય ચાલી રહ્યો છે. બેન એફલેક સાથે છૂટાછેડાના કારણે અંગત જીવનમાં તકલીફો છે જ્યારે પ્રોફેશનલ લેવલ તેને ગોલ્ડન રાસબેરી 'રેઝી' એવોર્ડમાં વર્ષની સૌથી વધુ ખરાબ ફિલ્મ માટે નોમિનેટ કરાઈ છે. જેનિફરે પ્રોડ્યુસ કરેલી 'ધીઝ ઈઝ મી નાઉ'ની પણ ટીકાઓ થઈ રહી છે. આટલું ઓછું હોય તેમ ટિકિટ્સ ઓછી વેચાતા જેનિફરની ટૂર પણ કેન્સલ થઈ રહી છે. ૫૫ વર્ષની જેનિફર લોપેઝની કરિયર અને પર્સનલ લાઈફમાં આવો પડકારજનક સમય અગાઉ ક્યારેય આવ્યો નથી. હાલ તો જેનિફર જાહેરમાં પોતાનું ખરાબ ન દેખાય એટલે બાળકોને સમય આપવા ટૂર કેન્સલ કરી હોવાનો દાવો કરે છે. જેનિફરની નિકટના સૂત્રોનું માનવું છે કે, બેન એફલેક સાથેના છૂટાછેડાની વિપરિત અસર પડી હોવાનું લોપેઝ પોતે માને છે. વીતેલું વર્ષ જીવનમાં સૌથી વધુ કપરું હોવાનું તેને લાગે છે. વળી, રેઝી એવોર્ડમાં નોમિનેશન મળતાં ખૂબ મજાક ઊડી છે. દર વર્ષે ખરાબ ફિલ્મ માટે 'રેઝી' એવોર્ડ અપાય છે અને આ એવોર્ડમાં સ્થાન મળવાનું ફિલ્મમેકર્સ માટે અપમાન સમાન છે. અંગત જીવનમાં તકલીફો વચ્ચે જેનિફર લોપેઝે પોતાનું ધ્યાન કામમાં પરોવ્યું હતું. તેની ફિલ્મ 'કિસ ઓફ ધ સ્પાઈડર વૂમન'માં જેનિફરે પ્રેમની વાત કરી હતી. પ્રમોશન ઈન્ટરવ્યૂ દરમિયાન તેણે પોતાની સ્ટ્રગલની વાત કરી હતી. અંગત જીવનના સંઘર્ષ ચડતી-પડી અને તેમાંથી ઊભા થઈને આગળ વધવાની ક્ષમતાને ફિલ્મમાં દર્શાવાઈ હોવાનો દાવો તેણે કર્યો હતો. બેન એફલેક સાથે ડિવોર્સ નક્કી થયાના થોડા દિવસોમાં જ જેનિફરે ફરી પ્રેમમાં પડવાની ઈચ્છા દર્શાવી હતી અને પ્રેમ વગર જીવન અધૂરું હોવાનું કહ્યું હતું. બેન એફલેક સાથે છૂટા પડ્યા પછી પણ જેનિફર લોપેઝ તેને ભૂલવા માગતી નથી. બેનની નજીક રહી શકાય તે હેતુથી જ જેનિફર નવું મકાન શોધી રહી છે. છૂટાછેડાથી પોતાને કોઈ અસર નથી થઈ, તેવું બતાવવા લોપેઝ પ્રયાસ કરે છે.



નગરમાં ભવ્યાતિભવ્ય રીતે શિવજીની સવારી કાઢવામાં આવી

# ઝાલોદ નગરના મહાદેવ મંદિરે ભક્તો શિવમય બન્યાં : બોલ બમના નાદથી મંદિર પ્રાંગણ ગુંજી ઉઠયું


તસ્વીર : પંકજ પંડિત, ઝાલોદ

। (પ્રતિનિધી) ઝાલોદ, તા.૨૬ ।

ઝાલોદ નગરમાં શિવરાત્રી નિમિતે દરેક મંદિરોમાં શિવજીની પૂજા અર્ચના કરવા ભક્તોનું ઘોડાપુર ઉમટેલ હતું. નગરના દરેક શિવાલયો બોલ બમના નારા સાથે ગુંજી ઉઠેલ હતા.નગરના લુહારવાડા વિસ્તારમાં આવેલ મહાદેવ મંદિર પ્રત્યે ભાવિક ભક્તોને અનેરી શ્રદ્ધા છે. શિવરાત્રી નિમિતે મોટા પ્રમાણમાં ભક્તો મહાદેવ મંદિરે દર્શનાર્થે આવતા હોય છે અને મહાદેવ મંદિરે દૂધ, જળ નો અભિષેક પૂજા કરી ધન્ય અનુભવે છે.

શિવરાત્રી નિમિતે મહાદેવ મંદિરે સવારમાં ૬:૩૦ કલાકે આરતી, ભાંગ પ્રસાદી ૧૦ વાગે લઘુરુદ્ર પૂજા પાઠ સવારે ૧૦ કલાકે, શોભાયાત્રા સાંજે ૫ કલાકે, રાત્રે ૭ વાગે મહાઆરતી - પ્રસાદ, રાત્રીના ૮ કલાકે ભજન અને રાત્રે ૧૨ વાગે ધ્વજા આરોહણના ભક્તિભાવ સાથેના પ્રોગ્રામ યોજાવામા આવેલ હતા.

મહાદેવ મંદિરને આજના દિવસે સુંદર રીતે સજાવવામાં આવેલ હતું તેમજ મહાદેવજીનો શણગાર પણ આંખોને મોહી લે તેવો નયનરમ્ય લાગતો હતો. નગરમાં શિવજીની સવારી એ નગરમાં અનેરું આકર્ષણ ઊભું કર્યું હતું તેમજ શિવજીની સવારી નિમિતે મોટા પ્રમાણમાં ભાવિક ભક્તો પણ શોભાયાત્રામા જોડાયેલ હતા. આખું નગર શિવમય બની ગયેલ હતું. નગર આખું બોલ બમનાં જય જયકાર સાથે ગુંજી ઉઠયું હતું તેમજ ભાવિક ભક્તો શિવમય થઈ ભક્તિના રંગે રંગાઈ શોભાયાત્રા દરમ્યાન નાચતા ઝૂમતા જોવા મળતા હતા. આમ નગરમાં શિવરાત્રીની ઉજવણી પૂરા ભક્તિભાવ સાથે કરવામાં આવી હતી... નગરમાં શિવજીની સવારી એ નગરમાં અનેરું આકર્ષણ ઊભું કર્યું હતું તેમજ શિવજીની સવારી નિમિતે મોટા પ્રમાણમાં ભાવિક ભક્તો પણ શોભાયાત્રામા જોડાયેલ હતા. આખું નગર શિવમય બની ગયેલ હતું. નગર આખું બોલ બમનાં જય જયકાર સાથે ગુંજી ઉઠયું હતું તેમજ ભાવિક ભક્તો શિવમય થઈ ભક્તિના રંગે રંગાઈ શોભાયાત્રા દરમ્યાન નાચતા ઝૂમતા જોવા મળતા હતા. આમ નગરમાં શિવરાત્રીની ઉજવણી પૂરા ભક્તિભાવ સાથે કરવામાં આવી હતી...

# લીમપુર ગામે પાટોત્સવ ૨૦૨૫


તસ્વીર : ભરતભાઈ પંડ્યા, દિવડા કોલોની

। (પ્રતિનિધી) દિવડા કોલોની, તા.૨૬ ।

મહીસાગર જિલ્લાના કડાણા તાલુકાના લીમપુર ગામે દર વર્ષની જેમ આ વર્ષે પણ શ્રી રાજ રાજેશ્વરી, મા વિહત, મા મેલડી તેમજ ગોગાજી મઢે તારીખઃ- ૨૬ /૨ /૨૦૨૫ ને બુધવાર ના રોજ ૧૦ મા પાટોત્સવનું આયોજન કરવામાં આવેલ હતું વહેલી સવારે શ્રી ભાનુભાઈ તેમજ રેખાબેન દ્વારા શ્રી હરસિધ્ધેશ્વર મહાદેવ, બોબડી માતા ના પ્રતિષ્ઠિત સ્થાનકે પૂજન અર્ચન કરી ધજા રોપણ કરવામાં આવ્યું હતું. ત્યારબાદ અનેક ભાવિક ભક્તો દ્વારા પાવન મહીસાગર માતાના કિનારે ચુંદડી અર્પણ કરવામાં આવેલ હતી, ત્યાંથી વાઘડુંગરી રામદેવપીર મંદિર થઈ જાગુના મુવાડા ગામે શ્રી જાગનાથ મહાદેવ અને સ્થાપિત દેવી, દેવોનું પૂજન અર્ચન કરી ત્યાંથી મઢે આવી શાસ્ત્રી શ્રી ભરતભાઈ શ્રી જીતેશભાઈ તેમજ શ્રી કીર્તનભાઈ દ્વારા પૂજન અર્ચન કાર્ય કરવામાં આવેલ હતું. મહા આરતી બાદ પ્રસાદ/ શિવપ્રસાદ નું આયોજન કરવામાં આવેલ હતું. શ્રી પ્રવિણાબેન શ્રી સોનલબેન તેમજ અન્ય ભાવિક ભક્તોએ ઉપસ્થિત રહી દર્શનનો લહાવો લઈ ધન્યતા અનુભવી હતી.

નગરપાલિકાની ચૂંટણી બાદ લેટર બોમ્બમાં ઘટસ્ફોટ કર્યાનું સામે સામે આવતા ખળભળાટ મચી ગયો છે.

# ભાવનગરની સિહોર નગરપાલિકાની ચૂંટણી બાદ લેટર બોમ્બ, 30 વર્ષથી સિહોરમાં ત્રણ પરિવાર જ રાજ કરતો હોવાનો ઉલ્લેખ

। (માહિતી) ભાવનગર, તા.૨૬ ।

ભાવનગર જીલ્લાની સિહોર નગરપાલિકાની ચૂંટણી બાદ લેટર બોમ્બમાં ઘટસ્ફોટ કર્યાનું સામે સામે આવતા ખળભળાટ મચી ગયો છે. જેમાં ૩૦ વર્ષથી સિહોરમાં ત્રણ પરિવાર જ રાજ કરતો હોવાનો ઉલ્લેખ કરાયો છે. સિહોર નગરપાલિકાની ચૂંટણી બાદ પ્રદેશ નેતૃત્વને ઉલ્લેખીને લેટર બોમ્બમાં અનેક આરોપ લગાવાયા છે. પ્રમુખ-ઉપપ્રમુખ પર ૪૦ કરોડના ભ્રષ્ટાચારનો લેટર બોમ્બમાં આરોપ મૂકવામાં આવ્યો હતો. ૧૦ જેટલા કાર્યકરોએ મળીને પત્ર લખ્યાનો લેટર બોમ્બમાં ઉલ્લેખ કરાયો હતો. ૪૦ કરોડના ભ્રષ્ટાચારી ત્રણ પરિવારોથી સિહોરને બચાવવાની વાત કરવાનો પત્રમાં ઉલ્લેખ કર્યા હોવાનું ચર્ચાઈ રહ્યું છે. સીઆર પાટીલ, રત્નાકરજીના ઉલ્લેખ સાથેના લેટરથી ખળભળાટ મચી ગયો છે.ઉલ્લેખનીય છે કે થોડા સમય પહેલા અમરેલીનું પત્રકાંડ ભાજપમાં જ નહીં પરંતુ વિપક્ષમાં પણ ચર્ચાનો વિષય બન્યો હતો. તેને લઈને સૌરાષ્ટ્રના રાજકીય વાતાવરણમાં ગરમી વધી ગઈ હતી. આના પગલે આખો વિવાદ કેન્દ્રીય મોવડીમંડળ સુધી પહોંચી ગયો હતો.કૌશિક વેકરિયા પર આરોપ લગાવતો પત્ર વાયરલ થયો હતો. જેમાં કૌશિક વેકરીયા પોલીસ પાસેથી ૪૦ લાખના હપ્તા લેતો હોવાનો આક્ષેપ કરાયો હતો. તેઓ કોંગ્રેસના નેતાઓને મહત્વ આપતા હોવાનો પણ ઉલ્લેખ કરવામાં આવ્યો હતો. ત્યારે અમરેલી તાલુકા પંચાયત પ્રમુખના નામનો પત્ર વાયરલ થયો હતો. અમરેલી તાલુકા પંચાયત પ્રમુખે પત્ર લખ્યો ન હોવાનો ખુલાસો કર્યો હતો, કિશોર કાનપરીયાના ખુલાસા બાદ પોલીસે તપાસ શરૂ કરી હતી. જેમાં પોલીસે યુવતી અને ભાજપના નેતા સહિત ૪ લોકોની ધરપકડ કરી હતી. ભાજપના નેતા મયુર વઘાસિયા મુખ્ય આરોપી હતા. ત્યારબાદ મધરાતે યુવતીની ધરપકડ કરવામાં આવી હતી. જેમાં ટાઈપિંગનું કામ કરતી યુવતીએ લેટર ટાઈપ કર્યો હતો. પોલીસે ટાઈપ કરતી યુવતીને તેના કામનો ભાગ હોવાનું કહીને આરોપી બનાવી હતી અને રિકન્સ્ટ્રક્શનના નામે યુવતી સહિત ચાર આરોપીઓનું સરઘસ કાઢ્યું હતું. આ ઘટનામાં કોંગ્રેસના નેતાઓએ યુવતીના સરઘસનો વિરોધ કર્યો હતો. ભાજપના નેતા મયુર વઘાસિયા મુખ્ય આરોપી હતા. ત્યારબાદ મધરાતે યુવતીની ધરપકડ કરવામાં આવી હતી. જેમાં ટાઈપિંગનું કામ કરતી યુવતીએ લેટર ટાઈપ કર્યો હતો. પોલીસે ટાઈપ કરતી યુવતીને તેના કામનો ભાગ હોવાનું કહીને આરોપી બનાવી હતી અને રિકન્સ્ટ્રક્શનના નામે યુવતી સહિત ચાર આરોપીઓનુ સરઘસ કાઢ્યું હતું. આ ઘટનામાં કોંગ્રેસના નેતાઓએ યુવતીના સરઘસનો વિરોધ કર્યો હતો.

# દાહોદ ખાતે ૧૦મો એજ્યુકેશન ઇનોવેશન ફેર યોજાયો


તસ્વીર : પંકજ પંડિત, ઝાલોદ

। (પ્રતિનિધી) ઝાલોદ, તા.૨૫ ।

જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવન દાહોદ ખાતે ૧૦ મો એજ્યુકેશન ઈનોવેશન ફેર યોજાયો જેમાં દાહોદ તાલુકાની કાચલા ફળિયા વર્ગ પ્રાથમિક શાળાના શિક્ષિકા એલ્વિનાબેન સી. મછારે "જાદુઈ પીટારા થી ચમકતા સીતારા" વિષય ઉપર બાલવાટિકા તથા ધોરણ ૧ થી ૩ ના બાળકોને ગણિત વિષયમાં વિવિધ સાધનો, માઈન્ડ ગેમ, તથા વિવિધ રમતોના માધ્યમથી ખુબજ સરળતાથી કેવી રીતે ઝડપથી શિખવાડી શકાય તેના ઉપર પોતાનું ઈનોવેશન રજૂ કર્યું. તેમના સ્ટોલની મુલાકાત દાહોદ જિલ્લાના કલેક્ટર સાહેબ, ડીડીઓ સાહેબ, પ્રાયોજના વહીવટદાર સાહેબ DO/ DPEO સાહેબ તથા વિવિધ મહાનુભવો, શિક્ષકો, તથા વિધાર્થીઓએ લીધી. જિલ્લા કક્ષાએ તેમના ઈનોવેશનને દ્રિતીય સ્થાન મળતા તેઓ હવે ઝોન કક્ષાએ ભાગ લેશે. એલ્વિનાબેને ઉત્કૃષ્ટ ઈનોવેશન રજૂ કરી જિલ્લામાં સ્થાન મેળવી દાહોદ તાલુકાનું નામ રોશન કરેલ હતું...

# પાર્સલની આડમાં મંગાવેલો ૧૪૦ કિલો ગાંજાનો જથ્થો ઝડપાયો

। કચ્છ, તા.૨૬ ।

રાજ્યમાં સતત ડ્રગ્સ અને દારૂનો વેપલો વધી રહ્યો છે. ત્યારે પૂર્વ કચ્ચ જિલ્લા પોલીસે નશીલા પદાર્થે ગેરકાયદે હેરાફેરીને અટકાવવા માટે "SAY NO TO DRUGS" મિશન અંતગર્ત નાર્કોટીકસ પદાર્થોનું ખરીદ, વેચાણ કે સેવન કરનારા વિરૂદ્ધ કડક કાર્યવાહી કરવામાં આવી છે. ત્યાર આ દરમિયાન બાતમીને આધારે ગાંધીધામ જી.આઈ.ડી.સી. કુરિયર દ્વારા મંગાવેલો ૧૪૦ કિલો ગાંજાનો જથ્થો જપ્ત કર્યો હતો. જેની કિંમત અંદાજે રૂ. ૧૪,૦૬,૦૦૦ આંકવામાં આવી છે. પ્રાપ્ત માહિતી અનુસાર પોલીસ પેટ્રોલિંગ દરમિયાન બાતમી મળી હતી કે ગાંધીધામ જી.આઈ.ડી.સી. વિસ્તારમાં આવેલી કુરિયર સર્વિસની ઓફિસમાં પાર્સલોની આડમાં ૧૪૦ પેકેટ ગાંજાનો જથ્થો મોકલવામાં આવ્યો છે. આ પાર્સલ છોડાવવા આવેલા વ્યક્તિને શંકા જતાં તેણે પાર્સલ છોડાવ્યું ન હતું અને બસ મારફતે શહેર છોડીને નાસી જવાની ફીરાકમાં હતો. જોકે પોલીસે ટેક્નિકલ સર્વેલન્સના આધારે ગેરકાયદેસર રીતે પાર્સલમાં ગાંજો લાવનાર આરોપી ધનચંદકુમાર પંડીતની ધરપકડ કરી ૧૪૦ કિલો ૬૦૦ ગ્રામ ગાંજો જપ્ત કર્યો હતો.

પ્રશ્નોનો સંતોષકારક નિરાકરણ થતા સ્વાગત કાર્યક્રમ માટે લોકોએ સરકારને ધન્યવાદ પાઠવ્યા

# ઝાલોદ તાલુકાના માંડલેંશ્ર્વર મંદિરે શિવરાત્રી નિમિતે મેળો યોજાયો : ભક્તોનું ઘોડાપુર ઉમટયુ



તસ્વીર : પંકજ પંડિત, ઝાલોદ

। (પ્રતિનિધી) ઝાલોદ, તા.૨૬ ।

ઝાલોદ તાલુકાનનુ હરવા ફરવા તેમજ નદીના કિનારે અને ખુલ્લા વાતાવરણમાં પ્રકૃતિના ખોળામાં આવેલ એક નયનરમ્ય હિંદુઓનું આસ્થાનું પ્રતિક ધામ એટલે પંચમુખી માંડલેશ્ર્વર મહાદેવ મંદિર. આ મંદિરના ચારેય ખૂણામાં દેવતાઓ બિરાજમાન છે. ખૂબ જ જલ્દી આ નયનરમ્ય ધામ ભક્તોના વિશેષ આકર્ષણનું કેન્દ્ર બનેલ છે. શિવરાત્રી નિમિતે આ મંદિરે મોટા પ્રમાણમાં ભક્તો સાક્ષાત બિરાજમાન પંચમુખી મહાદેવના દર્શનાર્થે ઉમટી પૂજા અર્ચના કરે છે. આજના દિવસે અહીંયા મેળો યોજાતો હોય છે જેથી મોટા પ્રમાણમાં માનવ મહેરામણ અહીં આવતું હોય છે. આ મેળામાં આવી મહાદેવની પૂજા કરવાનો અનેરો લ્હાવો ભાવિક ભક્તો લેતા હોય છે તેમજ અહીંયા યોજાયેલ મેળામાં વિવિધ ઝૂલા તેમજ વિવિધ વસ્તુઓની ખરીદી પણ કરતા હોય છે. ત્રિવેણી સંગમ સ્થાને આવેલ આ મંદિરના નદીના કિનારે હરવા ફરવા બોટની પણ વ્યવસ્થા હોવાથી આવેલ લોકો આ બોટિંગનો લ્હાવો પણ લેતા હોય છે. આજના દિવસે ભજનીક ભરતભાઈ બામણીયા, હાસ્ય કલાકાર પ્રકાશ ભરોડીયા, લોક ગાયક કૃષ્ણપાલ બારીયા દ્વારા લોકડાયરાનુ ભાથું ઉમટેલ ભાવિક ભક્તોને પીરસ્યુ હતું. સવારથી જ પંચમુખી માંડલેશ્ર્વર મહાદેવ મંદિરે મોટા પ્રમાણમાં ભાવિક ભક્તો મંદિરે દર્શનાર્થે ઉમટી પડેલ હતા. મહાદેવ મંદિરે પૂજા અર્ચના કરવા ભાવિક ભક્તોની લાંબી ભીડ લાગી હતી. આ મંદિરે અંદાજીત દસ હજારથી વધુ લોકો આ મંદિરે દર્શનાર્થે આવેલ હતા. આજના દિવસે મંદિરે ભગવાન ભોળાનાથની આંઠો પ્રહરની પૂજા અને હવન પણ કરવામાં આવેલ હતું. મંદિર સમિતિ તરફથી શિવરાત્રી નિમિતે ખૂબ જ સુંદર વ્યવસ્થા કરવામાં આવી હતી.

ઉતરાણ પોલીસે અલગ અલગ ટીમો બનાવીને તાત્કાલિક તમામ આરોપીઓને પકડી પાડવા માટેની કામગીરી શરૂ કરી હતી

# સામાન્ય ઝગડામાં યુવાનની હત્યા, ૧૦ આરોપીઓ ઝડપાયા, ઝગડાની અદાવત રાખી પોતાના સાગરિતો સાથે હુમલો કર્યો




। (માહિતી) સુરત, તા.૨૬ ।

સામાન્ય બાબતે થયેલી બોલાચાલી અને ઝગડાની અદાવત રાખી પોતાના સાગરિતો સાથે ઉતરાણના વેલેજા ખાતે ચાર જેટલા યુવાનો પર જીવલેણ હુમલો કરવામાં આવ્યો હતો. આ હુમલામાં એક યુવાનની હત્યા કરીને ૧૦ આરોપીઓ ભાગી ગયા હતા. સુરત ઉતરાણ પોલીસે ઝડપી પાડી તેમના વિરુદ્ધ કાયદેસરની કાર્યવાહી કરવામાં આવી છે.

સુરતના ઉતરાણ પોલીસ હદ વિસ્તારમાં આવેલા વેલંજા ધારા સોસાયટી સામે અંબાવિલા સોસાયટી ખાતે પારસ વેકરીયા તેના મિત્રો સાથે બેઠો હતો. ત્યારે ૧૦ જેટલા ઈસમો આવીને પારસ અને તેના મિત્રો પર જીવલેણ હુમલો કરી પારસ હત્યા કરી ફરાર થઈ ગયા હતા. જોકે, આ ઘટનાના પગલે સમગ્ર વિસ્તાર ચકચાર સાથે ભયનો માહોલ ફેલાઈ જાવા પામ્યો હતો. ઘટનાની જાણકારી મળતા ઉતરાણ પોલીસ બનાવવાળી જગ્યા પર પોહચી હત્યા મામલે ગુનો દાખલ કરવામાં આવ્યો છે.

પોલીસની વિગત મળી હતી કે, રામુ ગોધરાના મિત્રો લાલો મકવાણા, લાલો બાંભણીયા, સુજલ ચૌહાણ સાથે સામે જોવા બાબતે ઝગડો થયો હતો. જેથી રામુ ગોધરા તેના બીજા નવેક જેટલા ઈસમોએ ગેરકાયદેસર મંડળી રચી આવી હથીયારો વડે પારસ અને તેના મિત્રો ઉપર હુમલો કરી પારસને હથીયાર વડે મારીને મરણતોલ માર મારી, મોત નિપજાવેલ અને નીરૂભાઈને ગુદા ઉપર, ગોપલ કસોટીયાને માથા ઉપર અને તેના ભાઈ વિપુલને પગના થાપા ઉપર છરીના ઘા મારી ગંભીર ઈજાઓ કરી નાસી ગયેલ હોવાની વિગતો પોલીસ તપાસમાં સામે આવી હતી. ઉતરાણ પોલીસે અલગ અલગ ટીમો બનાવીને તાત્કાલિક તમામ આરોપીઓને પકડી પાડવા માટેની કામગીરી શરૂ કરી હતી.

ત્યારે તમામ આરોપીઓને ગણતરીના કલાકોમાં અલગ અલગ જગ્યાએથી ઝડપી પાડવામાં પોલીસને સફળતા મળી હતી. પકડાયેલા આરોપીની પૂછપરછમાં સામાન્ય બાબતે થયેલા ઝઘડામાં હુમલો કરતા પારસનું મોત થયાની કબુલાત કરતા પોલીસે આ તમામ આરોપીઓ વિરુદ્ધ કાયદેસરની કાર્યવાહી કરી હતી.

ઉતરાણ પોલીસે અલગ અલગ ટીમો બનાવીને તાત્કાલિક તમામ આરોપીઓને પકડી પાડવા માટેની કામગીરી શરૂ કરી હતી. ત્યારે તમામ આરોપીઓને ગણતરીના કલાકોમાં અલગ અલગ જગ્યાએથી ઝડપી પાડવામાં પોલીસને સફળતા મળી હતી. પકડાયેલા આરોપીની પૂછપરછમાં સામાન્ય બાબતે થયેલા ઝઘડામાં હુમલો કરતા પારસનું મોત થયાની કબુલાત કરતા પોલીસે આ તમામ આરોપીઓ વિરુદ્ધ કાયદેસરની કાર્યવાહી કરી હતી.

# આજનું રાશિ ભવિષ્ય.....


**મેષ (અ,લ,ઇ) :**

છઠ્ઠી તમારા ઉત્સાહને વધારવા માટે તમારા મગજમાં ઉજ્જ્વળ તથા ગરિમાયુક્ત ચિત્ર ઊભું કરો. તમે જો અન્યોના શબ્દો પર ધ્યાન આપીને રોકાણ કરશો તો આજે આર્થિક નુકસાનની શક્યતા જોવાય છે. તમારા પરિવાર માટે કોઈક સારા તથા અર્થપૂર્ણ કાર્યમાં જોખમ લો. ગભરાતા નહીં કેમ કે વેડફાયેલી તક કદાચ પાછી ન પણ આવે.


**વૃષભ (બ,વ,ઉ) :**

આજે એવો દિવસ છે જ્યારે આરામ મહત્વનો રહેશે- કેમ કે તમે હાલમાં જ ઘણા માનસિક પરિતાપનો સામનો કર્યો છે- આનંદ-પ્રમોદ અને મનોરંજન તમને હળવા થવામાં મદદ કરશે. જો તમારે જીવન સુગમ રીતે ચલાવવું હોય તો તમારે ધન ના આવાગમન પર ધ્યાન આપવું જોઈએ? તમારામાંના કેટલાક દાગીના અથવા હૉમ એપ્લાયન્સીસની ખરીદી કરશે.


**મિથુન (ક,છ,ઘ) :**

આજનો દિવસ તમારી માટે બહુ ઊર્જાવાળો નથી અને તમે નાની-નાની બાબતોમાં ચીડાઈ જશો. કમિશન,ડિવિડન્ડ અથવા રૉયલ્ટીઝમાંથી તમે લાભ મેળવશો. મિત્રો અને અપિચિતોથી એકસરખા ચેતતા રહેજો. તમારે તમારા સાથી પર ઈમોશનલ બ્લૅકમૅલનો ઉપયોગ કરવાનું ટાળવું જોઈએ. આજે તમે તમારા કામમાં પ્રગતિ જોઈ શકો એવી શક્યતા છે.


**કર્ક (ડ,હ) :**

આજના દિવસે કોઈ મિત્ર તરફથી પ્રસંશાના ખાસ શબ્દો તમારી ખુશીનું સબબ બનશે. આવું થવાનું કારણ એ કે તમે તમારા જીવનને વૃક્ષ જેવું બનાવ્યું છે-જે અન્યોને છાંયડો આપે છે અને પોતે તડકામાં ઊભા રહી સૂરજનો તાપ સહે છે. તમારૂં અવાસ્તવિક આયોજન નાણાંના વેડફાટમાં પરિણમશે. યુવાનોને સાંકળતી પ્રવૃત્તિઓમાં સહભાગી થવા માટે સારો સમય.


**સિંહ (મ,ટ) :**

આજના દિવસે તમારે પોયની આવડત અને બુદ્ધિ બહુજ સમજી વિચારીને વાપરવી. આજે કોઈ ની મદદ વગર તમે પોતે ધન કમાવા માં સક્ષમ હશો. મિત્રો તથા નિકટજનો તમારી તરફ મદદનો હાથ લંબાવશે. આજે તમારો પ્રેમી તેની વાતો તમારી વાત સાંભળવા કરતાં વધુ કહેવા માંગશે, જેના કારણે તમે થોડા પરેશાન થઈ શકો છો.


**કન્યા (પ,ઠ,ણ) :**

આજે તમે ઊર્જાથી તરબતર હશો અને તમે કશુંક અસાધારણ કરશો. ઉતાવળા નિર્ણય લેતા નહીં- ખાસ કરીને ત્યારે તમે મહત્વના આર્થિક સોદા પાર પાડવાના હો. સંબંધો સાથે જોડાણો અને બંધનો તાજાં કરવાનો દિવસ. સાચા અને ઉદાર પ્રેમ માટે તમને વળતર મળવાની શક્યતા છે. સફળતા ચોક્કસ જ તમારી છે- જો તમે મહત્વના ફેરફારો એક સમયે એક પગલું લઈને કરશો.


**તુલા (ર,ત) :**

કોઈ મુશ્કેલીમાં હોય એવી કોઈ વ્યક્તિની મદદ કરવા તમારી ઊર્જાનો ઉપયોગ કરો. યાદ રાખો- આ નાશવંત શરીરનો શો ઉપયોગ જો તેનો તે અન્યોના ભલા માટે ન વાપરીએ. સટ્ટાકીય પ્રવૃત્તિઓ નફો લાવશે. પરિવારના સભ્યો સાથે શાંતિભર્યો દિવસ માણો-લોકો જો સમસ્યાઓ સાથે તમારો સંપર્ક સાધે- તેમને અવગણો અને તેની અસર તમારા મગજ પર થવા ન દો.


**વૃશ્ચિક (ન,ય) :**

આજે સ્વાસ્થ્યની દષ્ટિએ સારો દિવસ છે. તમારી ખુશખુશાલ મનઃસ્થિતિ તમને ઈચ્છિત ટૉનિક આપશે તથા તમને આત્મવિશ્વાસથી સભર રાખશે. ધન ની આવશ્યકતા ક્યારેક પણ પડી શકે છે તેથી જેટલું શક્ય હોય પોતાના પૈસા ની બચત કરવાનું વિચાર બનાવો? સાંજના સમયે સામાજિક પ્રવૃત્તિઓ તમારી ધારા કરતાં અનેકગણી સારી સાબિત થશે.


**ધન (ભ,ધ,ફ) :**

છેલ્લા ઘણા લાંબા સમયથી તમે જે અનુભવી રહ્યા છો એ જીવનના ટૅન્શન તથા તણાવમાંથી તમને રાહત મળશે. ટૅન્શન તણાવને કાયમી ધોરણે દૂર રાખવા માટે તમારી જીવનશૈલીમાં ફેરફાર કરવાનો સમય આવી ગયો છે. ધંધામાં ઉધાર માગવાના ઈરાદે તમારો સંપર્ક કરનારાઓની અવગણના કરો. તમારૂં જ્ઞાન તથા સારી રમૂજવૃત્તિ તમારી આસપાસના લોકોને પ્રભાવિત કરશે.


**મકર (ખ,જ) :**

આજના દિવસે સંઘર્ષ ટાળો કેમ કે એનાથી તમારી બીમારી ઓર વકરી શકે છે. જે લોકો લઘુ ઉદ્યોગ કરે છે તે લોકો ને આજે પોતાના કોઈ નજીકી દ્વારા સલાહ મળી શકે છે જેના દ્વારા તેમને આર્થિક લાભ થવા ની શક્યતા છે. તમારી સંતતિ માટે કશુંક ખાસ આયોજન કરો. એ વાતની તકેદારી રાખો કે તમારી યોજના વાસ્તવવાદી હોય જેથી તમે તેને હાંસલ-સાધ્ય કરી શકો.


**કુંભ (ગ,શ,સ) :**

આજે અનયોની ટીકા કરવામાં તમારો સમય વેડફશો નહીં, કેમ કે તેની અસર તમારા સ્વાસ્થ્ય પર પડી શકે છે. નાણાપ્રવાહમાં વધારો મહત્વની ચીજોની ખરીદી તમારી માટે આસાન બનાવશે. તાણભર્યો સમય પ્રર્વતશે પણ પરિવારનો સહકાર તમને મદદ કરશે. અંગત સંબંધો સંવેદનશીલ તથા મૂલ્યવાન છે. કામના સ્થળે મામલો ઉકેલવા માટે તમારે તમારૂં બુદ્ધિચાતુર્ય તથા તમારી વગ વાપરવાની જરૂર છે.


**મીન (દ,ચ,ઝ,થ) :**

આજે તમે પરિસ્થિતિની કમાન સંભાળશો એટલે તમારી બેચેની દૂર થઈ જશે.તમને એ સમજાવાની શક્યતા છે કે બધું સાબુના પરપોટા જેવું ક્ષણભંગુર છે જ હિંમત સાથેના પ્રથમ સંપર્કથી જ ગાયબ થઈ જાય છે. તમે જો લાંબા-ગાળા માટે રોકાણ કરશો તો તમને નોંધપાત્ર લાભ મળશે. તમારી મોહિની તથા વ્યક્તિત્વ તમને નવા મિત્રો બનાવવામાં મદદ કરશે.

# કોઈ માતા પોતાના બાળકની મારપીટ કરી શકે નહીં : હાઈકોર્ટ

। (એજન્સી) મુબઈ, તા.૨૬ ।

કોઈ માતા પોતાના બાળકને મારે નહીં, એમ જણાવીને બોમ્બે હાઈકોર્ટે સાત વર્ષના પુત્રની મારપીટના કેસમાં ઝડપાયેલી ૨૮ વર્ષીય મહિલા અને તેના પાર્ટનરને જામીન મંજૂર કર્યા હતા.ફરિયાદી પિતા અને આરોપી માતા વચ્ચે કૌટુંબિક વિવાદ ચાલતો હોવાને લીધે બાળકને ભોગવવું પડયું છે અને તેને બલિનો બકરો બનાવાયો છે, એમ ન્યા. મિલિન્દ જાધવે નિરીક્ષણ કર્યું હતું.બાળકના તબીબી અહેવાલ પરથી જણાય છે કે તેને એપિલેપ્સી છે અને ફીટ આવ્યા કરે છે અને તે કુપોષિત અને રક્તહિનતાથી પીડાય છે, એમ કોર્ટે જણાવ્યું હતું.વિવિધ તબીબી અહેવાલો દર્શાવે છે કે આરોપી માતાએ બાળકને સારસંભાળ અને ટેકો આપવા ઘણી મુશ્કેલી વેઠી છે. ઓક્ટોબર ૨૦૨૩માં મહિલાની ધરપકડ થઈ હતી અને ત્યારથી કસ્ટડીમાં છે.બાળકના પિતાએ કરેલી ફરિયાદને આધારે એફઆઈઆર નોંધાઈ હતી. પિતાએ આરોપ કર્યો હતો કે વિભક્ત પત્ની અને તેનો પાર્ટનર અનેક વાર બાળકને મારપીટ કરે છે અને એક વાર તેની હત્યાનો પ્રયાસ પણ કરાયો હતો.દહિંસર પોલીસ સ્ટેશનમાં થયેલી ફરિયાદમાં આરોપ કરાયો હતો કે મહિલાના પાર્ટનરે બાળક પર જાતીય અત્યાચાર પણ કર્યો હતો. કોર્ટે જોકે પ્રથમદર્શી તમામ આરોપ અવિશ્વસનીય હોવાનું જણાવ્યું હતું. મહિલાને રૂ. ૧૫ હજારના પર્સનલ બોન્ડ પર જામીન આપીને કોર્ટે નોંધ કરી હતી કે કોઈ માતા પોતાના બાળકને મારવાનો વિચાર કરી શકે નહીં.

## સિનેમા હોલમાં અનલિમિટેડ પોપકોર્નની ઓફરથી હલ્લાબોલ

। (એજન્સી) મુંબઈ, તા.૨૬ ।

સિનેમા હોલમાં મૂવી ટિકિટ સાથે પોપકોર્ન ખરીદવું મોંઘુ પડી શકે છે પણ જો થિયેટર 'અનલિમિટેડ પોપકોર્ન' ઓફર કરે તો? સાઉદી અરેબિયાના એક સિનેમા હોલમાં આવી જ ઓફર કરવામાં આવી હતી પરંતુ તે પછી ત્યાં જે કંઈ થયું તે હવે ઈન્ટરનેટ પર વાયરલ થઈ રહ્યું છે. આ ઓફર સાંભળીને લોકો એટલા ઉત્સાહિત થઈ ગયા કે તેઓ ડ્રમ અને મોટા તપેલા લઈને થિયેટરમાં પહોંચી ગયા અને થોડી જ વારમાં નજીવી કિંમતે પોપ કોર્ન ખરીદવા માટે લાંબી લાઈન લાગી ગઈ.સાઉદીના વોક્સ થિયેટરે માત્ર ૩૦ રિયાલ (એટલે કે ૭૦૦ રૂપિયા) માં અનલિમિટેડ પોપકોર્નની ઓફર શરૂ કરી છે પરંતુ મેનેજમેન્ટને ખબર નહોતી કે પરિણામ શું આવશે. વાયરલ થયેલા વીડિયોમાં, લોકો પોપકોર્ન લેવા માટે થિયેટરની અંદર દોડી રહ્યા છે. કેટલાક એટલા હોશિયાર નીકળ્યા કે તેઓ મોટા ડ્રમ સાથે સીધા ત્યાં આવ્યા. જોકે, એટલા વિશાળ કન્ટેનર હોવા છતાં થિયેટર સ્ટાફે તેમને નિરાશ ન કર્યા અને આખા ડ્રમને પોપકોર્નથી ભરી દીધું.વાયરલ થઈ રહેલા વીડિયોમાં એ પણ જોઈ શકાય છે કે કેટલાક લોકો સસ્તામાં મળતા પોપકોર્ન ભરવા માટે કુકર અને વાસણો લઈને લાઈનમાં ઉભા છે.

# લગ્ન મંડપમાં એકબીજાને જોઈને વરરાજા અને કન્યા રડી પડ્યા

। (એજન્સી) નવી દિલ્હી, તા.૨૬ ।



લગ્નની સિઝન શરૂ થતાં જ વિવિધ લગ્નોના ઘણા સુંદર વીડિયો અને ફોટા સોશિયલ મીડિયા પર વાયરલ થઈ રહ્યા છે. આમાંના કેટલાક વીડિયોમાં આપણે વરરાજા અને કન્યાની અદ્ભુત એન્ટ્રી જોઈ શકીએ છીએ, જ્યારે કેટલાક વીડિયોમાં આપણે વરરાજા અને કન્યાના મિત્રો વચ્ચે ઝઘડા અને મસ્તી જોઈ શકીએ છીએ. વધુમાં ઘણીવાર કન્યાને વિદાય આપતી વખતે તેના સંબંધીઓ ભાવુક થતા જોવા મળે છે. હાલમાં પણ આવો જ એક વીડિયો વાયરલ થઈ રહ્યો છે. પરંતુ આ વીડિયોમાં વરરાજા અને કન્યા એકબીજાના ગળામાં માળા પહેરાવતી વખતે ભાવુક થતા જોવા મળે છે.પ્રેમ એક સુંદર લાગણી છે, તેથી જો તેને શબ્દોમાં વર્ણવવામાં આવે તો પણ તે ઓછી પડી જશે. આપણે બધા ઈચ્છીએ છીએ કે જેને આપણે દિલથી પ્રેમ કરીએ છીએ તે હંમેશા આપણા સુખ-દુઃખમાં આપણી સાથે રહે, આપણા બધા સપના પૂરા કરે અને આપણી સંભાળ રાખે. વધુમાં દરેક વ્યક્તિનું સ્વપ્ન હોય છે કે તે જેને પ્રેમ કરે છે તેની સાથે લગ્ન કરે, પછી ભલે તે છોકરો હોય કે છોકરી. હાલમાં આપણે પ્રેમની એક એવી સફર જોઈ રહ્યા છીએ જે લગ્ન સુધી પહોંચી ગઈ છે, જેના કારણે તમને તમારા જીવનસાથીની ખોટ સાલશે.આ વાયરલ વીડિયોમાં વરરાજા અને કન્યા લગ્નમંડપમાં એકબીજાની સામે ગળામાં માળા પહેરાવવા માટે ઉભા છે, અને આ સમયે બંને એકબીજાને જોઈને રડવા લાગે છે. આ સમયે કન્યા વરરાજાના ગળામાં માળા પહેરાવવાની તૈયારીમાં હોય છે, તે જ સમયે વરરાજાના ઘૂંટણિયે પડીને રડવા લાગે છે. કન્યા પણ તેના ગળામાં માળા પહેરાવતી વખતે રડવા લાગે છે. તેમના જીવનની આ અમૂલ્ય ક્ષણ હાલમાં સોશિયલ મીડિયા પર વાયરલ થઈ રહી છે.આ વીડિયો ઈન્સ્ટાગ્રામ એકાઉન્ટ પર શેર કરવામાં આવ્યો છે અને તેને બે મિલિયનથી વધુ વ્યૂઝ અને પચાસ હજારથી વધુ લાઈક્સ મળ્યા છે. ઘણા યુઝર્સ આના પર ટિપ્પણી કરતા પણ જોવા મળે છે. એક યુઝરે લખ્યું, "ભાઈ, દુનિયા મળી ગઈપ હું તમારી ખુશીમાં ખુશ છું." બીજા એક યુઝરે લખ્યું, "આને જ સાચો પ્રેમ કહેવાયપ. હું તેમની બંનેની આંખોમાં જોઈ શકું છું કે તેમણે આ દિવસ માટે કેટલી મહેનત કરી હશેપ", જ્યારે ત્રીજા યુઝરે લખ્યું, "શું પ્રેમનું સાચું સમર્પણ આ જ છે?" અને તેને બે મિલિયનથી વધુ વ્યૂઝ અને પચાસ હજારથી વધુ લાઈક્સ મળ્યા છે. ઘણા યુઝર્સ આના પર ટિપ્પણી કરતા પણ જોવા મળે છે. એક યુઝરે લખ્યું, "ભાઈ, દુનિયા મળી ગઈપ હું તમારી ખુશીમાં ખુશ છું." બીજા એક યુઝરે લખ્યું, "આને જ સાચો પ્રેમ કહેવાયપ. હું તેમની બંનેની આંખોમાં જોઈ શકું છું કે તેમણે આ દિવસ માટે કેટલી મહેનત કરી હશેપ", જ્યારે ત્રીજા યુઝરે લખ્યું, "શું પ્રેમનું સાચું સમર્પણ આ જ છે?"




પાકિસ્તાનના લાહોરમાં અફઘાનિસ્તાન અને ઈંગ્લેન્ડ વચ્ચેની ICC ચેમ્પિયન્સ ટ્રોફી ક્રિકેટ મેચ દરમિયાન ઈંગ્લેન્ડનો જોફ્રા આર્ચર જોઈ રહ્યો હતો, ત્યારે અફઘાનિસ્તાનના રહેમાનુલ્લાહ ગુરબાઝ, સેન્ટર અને ઈબ્રાહિમ ઝદરાન, વિકેટની વચ્ચે દોડે છે...

### ભાડાના ઘરોની ડિમાન્ડ માં રોકેટ ગતિએ ઉછાળો

# સમગ્ર મુંબઈમાં રિડેવલપમેન્ટ પ્રોજેક્ટસ શરુ થતાં મકાન ભાડાં આસમાને

। (એજન્સી) મુંબઈ, તા.૨૬ ।

મુંબઈમાં હાઉસિંગ સોસાયટીઓના રિડેવલોપમેન્ટ મોટા પાયા પર થઈ રહ્યા હોવાથી ભાડાના ઘરોની ડિમાન્ડમાં ધૂમ ઉછાળો નોંધાયો છે.ભારતની આર્થિક રાજધાની ગણાતા મુંબઈમાં અને પડોશના થાણે અને નવી મુંબઈમાં શહેરના ઘણાં વિસ્તારોમાં ઘરભાડાં વધી રહ્યા છે.મુંબઈમાં ઘણી બિલ્ડિંગો ૫૦-૬૦ વર્ષ અથવા વધુ વર્ષ અગાઉ બાંધવામાં આવી હતી આ બિલ્ડિંગોના રિડેવલોપમેન્ટની જરૂરત ઊભી થઈ છે. મહારાષ્ટ્ર સરકાર એઅને બૃહન્મુંબઈ મ્યુનિસિપલ કોર્પોરેશનની પોલિસી જુની બિલ્ડિંગોના ડિવેલોપમેન્ટને પ્રોત્સાહન આપે છે.છેલ્લા ૧૨-૧૮ મહિનામાં ઘરોના સરેરાશ ભાડામાં ૨૫-૩૦ ટકા ઉછાળો નોંધાયો છે જે અગાઉના વર્ષોમાં દરેક ૧૧ મહિના પછી ૫-૭ ટકા જેટલો જ હતો. મોટા ભાગના રિડવેલપમેન્ટ પ્રોજેકટસ ૩ વર્ષમાં પૂરા થતા હોય છે જ્યારે કેટલાંક કિસ્સાઓમાં ૪ વર્ષનો સમય પણઈ થતો હોય છે. તાડદેવ, મહાલક્ષ્મી, મઝગાંવ, ભાયખલા, વર્લી, દાદર, બાન્દ્રા, ચેમ્બુર, ઘાટકોપર, મુલુન્ડ , મલાડ, કાંદિવલી અને બોરીવલીમાં મોટા પાયા પર રિડેવલોપમેન્ટ પ્રોજેકટસ ચાલી રહ્યા છે.

### ૫૫ દિવસમાં ૪૩ કરોડનો દંડ ચૂકવ્યો

# ટ્રાફિક નિયમોને ઉલાળિયો કરવામાં અમદાવાદીઓ અવ્વલ

### પોલીસ અધિકારીના જણાવ્યા મુજબ, ઘણા જાગૃતિ અભિયાનો છતાં, પરિણામો ઓછા રહ્યા છે

। (એજન્સી) નવી દિલ્હી, તા.૨૬ ।

અમદાવાદવાસીઓ ટ્રાફિક નિયમોનો ભંગ કરવા બદલ મોટી સંખ્યમાં દંડાઈ રહ્યા છે. શહેર ટ્રાફિક પોલીસના તાજેતરના ડેટા મુજબ, વર્ષ ૨૦૨૫ના પ્રથમ ૫૫ દિવસમાં અમદાવાદવાસીએ દરરોજ ૭૯.૭૬ લાખ દંડ ચૂકવ્યો હતો. ઉપરોક્ત સમયગાળા દરમિયાન કુલ ૬,૫૪,૬૫૧ મુસાફરો ટ્રાફિક નિયમોનું ઉલ્લંઘન કરતા પકડાયા હતા. તેમની પાસેથી દંડ તરીકે ૪૩.૦૭ કરોડ રૂપિયા વસૂલ કરવામાં આવ્યા હતા. શહેરમાં દરરોજ સરેરાશ ૧૨,૧૨૩ મુસાફરોએ ટ્રાફિકના નિયમોનો ભંગ કર્યો હતો.હેલમેટ વગર ટુ વ્હીલર ચલાવવા બદલ શહેરીજનોએ સૌથી વધુ દંડ ચુકવ્યો હતો. આ ગુના બદલ ૪,૧૮,૭૭૦ વાહનચાલકોને દંડ ફટકારવામાં આવ્યો હતો. હેલમેટ વગર વાહન ચલાવતા લોકો પાસેથી ૨૦.૯૩ કરોડ રૂપિયા દંડ વસૂલવામાં આવ્યો હતો. પોલીસ દ્વારા હેલમેટ જાગૃતિ અભિયાન ચલાવવામાં આવ્યું હોવા છતાં મોટી સંખ્યામાં લોકો હેલમેટ પહેર્યા વગર વાહન ચલાવતાં મળી આવ્યા હતા.અમદાવાદમાં બેફામ ડ્રાઈવિંગ, ઓવરસ્પીડ અને રેસિંગ પણ ગંભીર ચિંતા તરીકે ઉભરી આવ્યા હતા. કુલ ૫૭,૪૮૨ લોકો પાસેથી આવા કારણોસર ૧૦.૦૭ કરોડનો દંડ વસૂલવામાં આવ્યો હતો. વરિષ્ઠ ટ્રાફિક પોલીસ અધિકારીએ ભારપૂર્વક જણાવ્યું કે, શહેરના રસ્તાઓ પર જીવ જોખમમાં મૂકતા બેદરકાર વાહન ચાલકો સામે કડક કાર્યવાહી શરૂ રહેશે.વર્ષના પ્રથમ ૫૫ દિવસોમાં ૪૪૫૦ મુસાફરોને માન્ય લાઈસન્સ વિના વાહન ચલાવવા બદલ ૧.૦૨ કરોડ રૂપિયાનો દંડ ફટકારવામાં આવ્યો હતો. પોલીસ અધિકારીના જણાવ્યા મુજબ, ઘણા જાગૃતિ અભિયાનો છતાં, પરિણામો ઓછા રહ્યા છે.

### ૨૧ કર્મચારીઓ સામૂહિક રાજીનામુ આપ્યું

# મસ્કની મનમાનીથી કર્મચારી કંટાળ્યા ડોજેમાંથી જ રાજીનામા પડવા માંડયા




। (એજન્સી) વોશિંગ્ટન, તા.૨૬ ।

અમેરિકન પ્રમુખના સલાહકાર ઈલોન મસ્કની મનમાનીથી તેના જ વિભાગ ડોજેના કર્મચારીઓ કંટાળવા લાગ્યા છે. તાજેતરમાં ૨૧ ટેકનિકલ કર્મચારીઓએ વિભાગમાંથી રાજીનામુ આપી દીધું છે. આ પહેલા પણ ૪૦ લોકો ડોજે છોડી ચૂક્યા છે. જ્યારે કેટલાકનું કહેવું છે કે પ્રમુખપદની ઉમેદવાર કમલા હેરિસનું સમર્થન કરવા બદલ તેમની સામે રાજકીય બદલો લેવાઈ રહ્યો છે.

૨૧ કર્મચારીઓએ સંયુક્ત રીતે લખેલા પત્રમાં જણાવ્યું હતું કે અમે અમેરિકન પ્રજાની સેવા કરવાના હેતુથી આ સરકારી વિભાગમાં જોડાયા હતા. અમે તેના માટે માઈક્રોસોફ્ટ, ગૂગલ, એપલ જેવી કંપનીઓમાંથી અમારી ઊંચા પગારની ટેકનોલોજીકલ જોબ છોડી હતી. અમેરિકન પ્રજાના જીવનધોરણ સ્તરને ઊંચે લાવવા અને ટેકનોલોજીલક્ષી અભિગમ વિકસાવવા અમે સરકાર સાથે જોડાયા હતા. હવે તે સ્પષ્ટ થઈ ગયુ છે કે અમે ડોજેના કર્તાથર્તા મસ્ક સાથે રહીને કામ કરી શકીએ તેમ નથી. તેની સાથે રાજીનામુ આપનારા લોકોએ ચેતવણી આપી હતી કે મસ્કની સાથે જોડાયેલા ઘણા બધા લોકો જરુરી કૌશલ્ય ધરાવતા નથી કે ફેડરલ ગવર્નમેન્ટમાં કેવી રીતે કામ કરાય તેનો ખાસ અનુભવ પણ ધરાવતા નથી. સામૂહિક રાજીનામુ આપનારાઓમાં એન્જિનિયરો, ડેટા સાયન્ટિસ્ટો અને પ્રોડક્ટ મેનેજરોનો સમાવેશ થાય છે. આના લીધે હાલમાં મસ્ક અને ટ્રમ્પના ફેડરલ વર્ક ફોર્સ ઘટાડવાના અભિયાનને કામચલાઉ ધોરણે ધક્કો પહોંચ્યો છે. સરકારી નોકરીઓમાંથી એકસાથે હજારો લોકોને કાઢવાના લીધે મસ્ક અને ટ્રમ્પની સામ લગભગ ૧૮ જિલ્લાની કોર્ટોમાં કેસ કરવામાં આવ્યા છે. આ બતાવે છે કે ફેડરલ ગવર્નમેન્ટના કર્મચારીઓને કાઢવા તેમના માટે તેઓ માને છે તેટલું સરળ નહીં હોય.રાજીનામુ આપનારા કર્મચારીઓ યુનાઈટેડ સ્ટટ્સ ડિજિટલ સર્વિસમાં કામ કરતા હતા. તેની સ્થાપના બરાક ઓબામાએ અમેરિકનોમાં ડિજિટલ સર્વિસનો વ્યાપ વધે તે માટે કરી હતી. સરકારી નોકરીઓમાંથી એકસાથે હજારો લોકોને કાઢવાના લીધે મસ્ક અને ટ્રમ્પની સામ લગભગ ૧૮ જિલ્લાની કોર્ટોમાં કેસ કરવામાં આવ્યા છે. આ બતાવે છે કે ફેડરલ ગવર્નમેન્ટના કર્મચારીઓને કાઢવા તેમના માટે તેઓ માને છે તેટલું સરળ નહીં હોય. રાજીનામુ આપનારા કર્મચારીઓ યુનાઈટેડ સ્ટટ્સ ડિજિટલ સર્વિસમાં કામ કરતા હતા. તેની સ્થાપના બરાક ઓબામાએ અમેરિકનોમાં ડિજિટલ સર્વિસનો વ્યાપ વધે તે માટે કરી હતી.

## ઇન્ડોનેશિયામાં ૬.૧ની તીવ્રતાનો ભૂકંપના આંચકો આવ્યો

। (એજન્સી) જાકાર્તા, તા.૨૬ ।

સવારે ઈન્ડોનેશિયાના ઉત્તર સુલાવેસી પ્રાંતમાં ૬.૧ ની તીવ્રતાનો ભૂકંપ નોંધાયો હતો. યુનાઈટેડ સ્ટેટ્સ જીઓલોજિકલ સર્વે અનુસાર, ભૂકંપ સ્થાનિક સમય મુજબ સવારે ૬:૫૫ વાગ્યે સમુદ્રમાં ૧૦ કિલોમીટરની ઊંડાઈએ આવ્યો હતો. ભૂકંપનો આંચકો અનુભવાતા જ લોકો પોતાના ઘરોમાંથી બહાર નીકળી આવ્યા હતા.

**પશ્ચિમ રેલવે-અમદાવાદ ડિવિઝન**

**ઇ-ટેન્ડર આમંત્રણ નોટિસ**

**ટેન્ડર આમંત્રણ નોટિસ નં. – GSU-Sig-ADI-01-2024-25;** ભારતના રાષ્ટ્રપતિ માટે અને તેમના વતી કાર્યકારી DRM/S એન્ડ T **ટેન્ડર નંબર GSU-Sig-ADI-01-2024-25** સામે ઇ-ટેન્ડરો આમંત્રિત કરે છે બંધ થવાની **તારીખ 26.03.2025, 15:00 કલાકે.** બિડર્સ તેમની મૂળ / સંશોધિત બિડ ફક્ત છેલ્લી તારીખ અને સમય સુધી જ જમા કરાવી શકશે, આ ટેન્ડર સામે મેન્યુઅલ ઑફર્સની મંજૂરી નથી, અને આવી પ્રાપ્ત થયેલ કોઈપણ મેન્યુઅલ ઑફરને ધ્યાનમાં લેવામાં આવશે નહીં; **(1) કામનું નામ:** સિગ્નલિંગ સામગ્રીનો આંશિક પુરવઠો, ઇન્સ્ટોલેશન, સાથે જોડાણમાં પરીક્ષણ અને કમિશનિંગ પર એલસી નંબર 13 નાબૂદ. 522/6-7 કિમી દ્વારા ખોડિયાર ગાંધીનગર વિભાગ વચ્ચે અમદાવાદ વિભાગ નું 04-લેન આરઓબી પૂરું પાડે છે; **(2) કામનો અંદાજિત ખર્ચ:** ₹ 26,58,349.31/-; **(3) અર્નેસ્ટ મની ડિપોઝિટ:** ₹ 53,200/-; **(4) બંધ થવાની તારીખ અને સમય:** 26.03.2025 ના 15:00 કલાકથી મોડા નહીં; **(5) ટેન્ડર ખોલવાની તારીખ અને સમય:** 26.03.2025 ના રોજ 15:30 કલાકે ખુલશે; **(6) ઈ-ટેન્ડરીંગની વેબ સાઈટ:** www.ireps.gov.in 334

અમને લાઇક કરો: facebook.com/WesternRly

# "ડીસા ખાતે ઘીના ભેળસેળીયા વેપારી પર ત્રાટકતુ ખોરાક અને ઔષધ નિયમન તંત્ર"

। નવી દિલ્હી, તા.૨૬ ।

મે. શ્રી નવકાર ડેરી પ્રોડક્ટસ, ડીસા, પાલનપુર ખાતેથી તંત્ર દ્વારા કરવામાં આવેલ દરોડામાં સ્થળ પરથી કૂલ ૧૧ (અગિયાર) નમૂના લેવામાં આવ્યા.

ળ બાકીનો આશરે ૪૦૦૦ કિગ્રાથી વધુનો જથ્થો કે જેની કિંમત રૂ. ૧૭.૫૦ લાખ થાય છે તે જાહેર જનતાની સલામતી માટે જપ્ત કરવામાં આવ્યોઃ ખોરાક અને ઔષધ નિયમન તંત્ર, ગુજરાત રાજ્યના કમિશનર ડૉ. એચ. જી કોશિયા.

ખોરાક અને ઔષધ નિયમન તંત્રના જણાવ્યા મુજબ ગુજરાત રાજ્યનાં નાગરિકોને સલામત અને સ્વચ્છ આહાર મળી રહે તે માટે ખોરાક અને ઔષધ નિયમન તંત્ર કટીબદ્ધ છે અને રાજ્યમાં ભેળસેળ યુક્ત કે ડુપ્લીકેટ ખોરાક બનાવનાર ઈસમો વિરૂદ્ધ તંત્ર કડક કાયદાકીય કાર્યવાહી કરી રહ્યું છે.

ખોરાક અને ઔષધ નિયમન તંત્ર, બનાસકાંઠા દ્વારા તારીખઃ ૦૮/૦૫/૨૦૨૪ના રોજ મે. શ્રી નવકાર ડેરી પ્રોડક્ટસ, પ્લોટ નંબર-૫૧, જી.આઈ.ડી.સી., ડીસા, બનાસકાંઠા ખાતે તપાસ કરવામાં આવેલ જેમાં સ્થળ પર ફુડ સેફ્ટી એન્ડ સ્ટાન્ડર્ડસ (લાયસન્સીંગ એન્ડ રજિસ્ટ્રેશન ઓફ ફુડ બિઝનેશ) રેગ્યુલેશન, ૨૦૧૧ની જોગવાઈઓનું ભંગ થતા જોવા મળેલ જે બદલ તંત્ર દ્વારા પેઢીને કલમ -૩૨ હેઠળ ઈમ્પ્રુવમેન્ટ નોટિસ આપવામાં આવેલ હતી પરંતુ પેઢી દ્વારા બે વખત તક આપવા છતાં તેની પુર્તતા ન કરવામાં આવતા પેઢીનું લાઈસન્સ (લાઈસન્સ નંબર-૧૦૭૧૮૦૦૫૦૦૦૮૬૬) તારીખઃ ૦૪/૧૦/૨૦૨૪ના રોજ રદ કરવામાં આવેલ હતું.

તારીખઃ ૨૫/૦૨/૨૦૨૫ના રોજ તંત્ર દ્વારા પેઢીની આકસ્મિક તપાસ કરતા પેઢીનું લાઈસન્સ રદ કરી દીધુ હોવા છતાં ઘીનું ઉત્પાદન કરતી માલૂમ પડેલ. આથી, પેઢીના તપાસ કરતા અને પેઢી ના જવાબદાર શ્રી સંજયકુમાર બાબુલાલ મહેસુરીયાની પૂછપરછ કરતા ઘી માં સોયાબીન અને ઈન્ટરએસ્ટરી ફાઈડ વેજીટેબલ ફેટની ભેળસેળ ની શંકા જતા તંત્ર કાયદા હેઠળ ની કાર્યવાહી કરતા શ્રી સંજયકુમાર બાબુલાલ મહેસુરીયાની હાજરીમાં ઘી ની અલગ -અલગ બ્રાંડ અને વજનના કુલ ૧૧ (અગિયાર) નમુના લેવામાં આવેલ. ઉક્ત ઘી નો જથ્થો રાત્રે બનાવી તેને તહેવારો દરમ્યાન રાજસ્થાન વેચવા માટે જવાનો હતો જે તંત્રની ટીમ દ્વારા જાહેર આરોગ્ય નાં હિતમાં સ્થળ ઉપર કાયદા મુજબ જપ્ત કરવામાં આવેલ છે, જેની અંદાજીત કિંમત આશરે રૂ. ૧૭.૫૦ લાખ અને વજન આશરે ૪૦૦૦ કિગ્રા થવા જાય છે. લીધેલ તમામ ૧૧ (અગિયાર) નમૂનાઓ ચકાસણી અર્થે લેબોરેટરીમાં મોકલી આપેલ છે.

આ ખાદ્ય પદાર્થો પ્રાથમિક દ્રષ્ટિએ શંકાસ્પદ હોઈ તેમનો પૃથકકરણ અહેવાલ આવ્યા બાદ નિયમોનુસારની આગળની કાયદેસરની કાર્યવાહી કરવામાં આવશે. આ ઉપરાંત ઉક્ત વેપારી પર ખાદ્યતેલમાં ભેળસેળ માટેના એડજ્યુડીકેશન કેસમાં રુ. ૧.૨૫ લાખનો દંડ અને મરચામાં કલરના ભેળસેળના ક્રિમીનલ કેસમાં રૂ. ૨૫,૦૦૦ નો દંડ અને કોર્ટ ઉઠતા સુધી ની સજા અગાઉ પણ થઈ ચૂકેલ છે. ●

# ઝેરી મધમાખીના હુમલામાં એમ્બ્યુલન્સ ટીમની સમય સૂચકતાના પરિણામે દર્દીનો જીવ બચ્યો

। પાટણ ,તા.૨૬ ।

પાટણ જિલ્લાના સિદ્ધપુર તાલુકાના ડિંડરોળ ગામમાં ૩૫ વર્ષના યુવાન પર અચાનક જ ઝેરી મધમાખીઓના ઝુંડનો હુમલો થતાં તરત જ ૧૦૮ ઈમર્જન્સી સેવા મોકલવામાં આવી. રાજ્યમાં વધુ એકવાર એમ્બ્યુલન્સ નાગરિકો માટે આશીર્વાદ સમાન સાબિત થઈ.

રોકેટની ગતિએ ચાલતી એમ્બુલેંસ અને મક્કમતાપૂર્વક ફરજ નિભાવતા ૧૦૮ ઈમરજન્સી સેવાની સમગ્ર ટીમ ગુજરાતના નાગરિકોનો જીવ બચાવવામાં હરહંમેશ અડીખમ રહી છે. તત્કાલિન મુખ્યમંત્રી અને હાલના વડાપ્રધાન નરેન્દ્ર મોદી દ્વારા વર્ષ ૨૦૦૭માં રાજ્યમાં સૌ પ્રથમવાર શરૂ કરાયેલી અનન્ય આરોગ્યલક્ષી ૧૦૮ ઈમરજન્સી સેવા આજે અન્ય રાજ્યો માટે પથદર્શક અને આદર્શ મોડલ પૂરવાર થઈ છે. મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલના નેતૃત્વમાં અને આરોગ્ય મંત્રી ઋષિકેશ પટેલના માર્ગદર્શનમાં ગુજરાતના દરેક શહેરો, જિલ્લા, તાલુકા અને છેવાડાના ગામ સુધી આજે ૧૦૮ ઈમરજન્સી સર્વિસ ૨૪૮૭ વિનામૂલ્યે સેવા આપી રહી છે, જે રાજ્યના કરોડો નાગરિકો માટે આશિર્વાદ સમાન છે.યુવાનના માથાના ભાગે આશરે ૧૦૦ કરતાં વધુ ઝેરી મધમાખીઓએ ડંખ માર્યો હતો, જેના કારણે તીવ્ર અસહ્ય પીડા અને તબિયત લથડી હતી. ઘટના બાદ તેમના પરિવારજનો દ્વારા ઈમર્જન્સી સર્વિસને કોલ કરવામાં આવ્યો હતો. કોલ મળતા જ છાપી EMRI ગ્રીન હેલ્થ સર્વિસીસની ટીમ, જેમાં ઈએમટી લલિતભાઈ પરમાર અને પાઈલટ ભરતભાઈ પ્રજાપતિ સામેલ હતા, તેઓ તાત્કાલિક એમ્બ્યુલન્સ લઈને ઘટનાસ્થળે પહોંચી ગયા હતા.

સ્થળ પર પહોંચ્યા બાદ ૧૦૮ ટીમે કાળજીપૂર્વક પીડિતનું નિરીક્ષણ કર્યું. મધમાખીઓનું ઝુંડ હજુ પણ દર્દી નજીક હોવાથી ટીમે પોતાની આગવી સૂઝબૂઝ દાખવતી PPE (સેફ્ટી) કીટ પહેરી, તેમજ એમ્બ્યુલન્સમાં રહેલું સેનેટાઈઝર અને શેમ્પૂનો ઉપયોગ કરીને સ્પ્રે મારફતે મધમાખીઓ દૂર કરી. ત્યારબાદ, ઈએમટી લલિતભાઈ પરમારે તાત્કાલિક પ્રાથમિક સારવાર આપીને દર્દીને ૧૦૮ના અમદાવાદ હેડક્વાર્ટર સ્થિત ડૉક્ટર સાથે સંપર્ક કરી દવાઓ આપી.

આ પહેલા દર્દીને વધુ નુકસાન ન થાય અને ત્વરિત સારવાર મળી રહે તે માટે, ટીમે તેમને સિદ્ધપુર સિવિલ હોસ્પિટલ ખસેડ્યા હતા. આ સમગ્ર ઘટનાક્રમ દરમિયાન ૧૦૮ એમ્બ્યુલન્સની ટીમે પોતાની પ્રસંશનીય સમયસૂચકતા અને ચુસ્ત કામગીરી દ્વારા એક દર્દીનો જીવ બચાવ્યો હતો. ઘટનાસ્થળે હાજર ગ્રામજનો અને દર્દીના પરિવારજનોએ ૧૦૮ ટીમની વખણનીય કામગીરી બદલ અભિનંદન વ્યક્ત કર્યા હતા.

અત્રે ઉલ્લેખનીય છે કે, એમ્બ્યુલન્સની સુવિધા વધુ સુદ્રઢ બનાવા માટે રાજ્ય સરકારે આ વર્ષના બજેટમાં રૂ. ૪૮ કરોડના ખર્ચે ૨૦૦ નવી એમ્બ્યુલન્સની જોગવાઈ પણ કરવામાં આવી છે.

# સોમનાથનો પ્રસાદ હવે ઘરે પણ મંગાવી શકાશે



। સોમનાથ,તા.૨૬ ।

મહાશિવરાત્રી પર મહાદેવની આરાધના કરવાનો વિશેષ મહિમા છે. દરેક વ્યક્તિ ભગવાન શિવના જ્યોતિર્લિંગ સ્વરૂપના દર્શન કરવા અને આશીર્વાદ સ્વરૂપે પ્રસાદ મેળવવાની ઈચ્છા રાખે છે પરંતુ કેટલાક ભક્તો ઈચ્છવા છતાં દર્શન કરી શકતા નથી તેમના માટે પોસ્ટ વિભાગે નવીન પહેલ શરૂ કરી છે એટલે હવે ભક્તોએ નિરાશ થવાની જરૂર નથી. પોસ્ટ વિભાગની સ્પીડ પોસ્ટ સેવા દ્વારા, નાગરિકો દેશના કોઈપણ ખૂણામાં, ગુજરાતના સોમનાથ મંદિર, વારાણસીના કાશી વિશ્વનાથ મંદિર અને ઉજ્જૈનના મહાકાલેશ્વર મંદિર નો પ્રસાદ ઘરે બેઠા મેળવી શકે છે. ઉપરોક્ત માહિતી ઉત્તર ગુજરાત તથા સૌરાષ્ટ્ર અને કચ્છ પરિક્ષેત્રના પોસ્ટમાસ્ટર જનરલ શ્ કૃષ્ણ કુમાર યાદવે આપી. આ ઉપરાંત, મહાશિવરાત્રી પર પોસ્ટ ઓફિસમાંથી ગંગાજળની સુવિધા પણ ઉપલબ્ધ છે. ૨૫૦ મિલી ગંગાજળની બોટલ ફક્ત ૩૦ રૂપિયામાં મેળવી શકાય છે. પોસ્ટમાસ્ટર જનરલ કૃષ્ણ કુમાર યાદવે જણાવ્યું કે સોમનાથ ટ્રસ્ટે ભારતીય ટપાલ વિભાગ સાથે ભક્તોને તેમના ઘરે પ્રસાદ પહોંચાડવા માટે કરાર કર્યો છે. આ કરાર હેઠળ, કોઈપણ ભક્ત ?૨૭૦ નો ઈ-મની ઓર્ડર મેનેજર, શ્રી સોમનાથ ટ્રસ્ટ, પ્રભાસ પાટણ, જિલ્લો- જૂનાગઢ, ગુજરાત- ૩૬૨૨૬૮ ને મોકલીને સ્પીડ પોસ્ટ દ્વારા પ્રસાદ મંગાવી શકે છે. ઈ-મની ઓર્ડર પર ''પ્રસાદ માટે બુકિંગ'' લખેલું હોવું જોઈએ. ત્યારબાદ, શ્રી સોમનાથ ટ્રસ્ટ સંબંધિત ભક્તને સ્પીડ પોસ્ટ દ્વારા પ્રસાદનું ૪૦૦ ગ્રામનું પેકેટ મોકલશે. આ પ્રસાદમાં ૨૦૦ ગ્રામ મગસના લાડુ, ૧૦૦ ગ્રામ તલની ચીક્કી અને ૧૦૦ ગ્રામ માવા ચીક્કી હશે.

કાશી વિશ્વનાથ મંદિરનો પ્રસાદ પણ સ્પીડ પોસ્ટ સેવા દ્વારા દેશભરના લોકોને ઉપલબ્ધ કરાવવામાં આવી રહ્યો છે. આ અંતર્ગત, ફક્ત ?૨૫૧ નો ઈ-મની ઓર્ડર સિનિયર સુપરિન્ટેન્ડેન્ટ પોસ્ટ ઓફિસ, વારાણસી (પૂર્વ) ડિવિઝન- ૨૨૧૦૦૧ ના નામે મોકલવાનો રહેશે. ઈ-મની ઓર્ડર મળ્યા પછી, પોસ્ટલ વિભાગ દ્વારા પ્રસાદ તરત જ સ્પીડ પોસ્ટ દ્વારા આપેલા સરનામે મોકલવામાં આવશે.

ભારતીય ડાક સેવાના વરિષ્ઠ અધિકારી શ્રી કૃષ્ણ કુમાર યાદવે જણાવ્યું કે પ્રસાદમાં શ્રી કાશી વિશ્વનાથ જ્યોતિર્લિંગની છબી, મહામૃત્યુંજય યંત્ર, શ્રી શિવ ચાલીસા, ૧૦૮ દાણાની રુદ્રાક્ષ માળા, બેલપત્ર, માતા અન્નપૂર્ણા પાસેથી ભિક્ષા માંગતા ભોલે બાબાની છબી ધરાવતો સિક્કો, ભભૂતિ, રક્ષાસૂત્ર, રુદ્રાક્ષ મણકા, મેવા, સાકરનું પેકેટ વગેરેનો સમાવેશ થાય છે. પોસ્ટમાસ્ટર જનરલ કૃષ્ણ કુમાર યાદવે માહિતી આપી હતી કે ઉજ્જૈનના પ્રખ્યાત શ્રી મહાકાલેશ્વર જ્યોતિર્લિંગ મંદિરનો પ્રસાદ પણ પોસ્ટ દ્વારા મંગાવી શકાય છે. આ માટે, મેનેજેર, સ્પીડ પોસ્ટ સેન્ટર, ઉજ્જૈન ને ૨૫૧ નો ઈ-મની ઓર્ડર મોકલવાનો રહેશે અને બદલામાં ત્યાંથી સ્પીડ પોસ્ટ દ્વારા પ્રસાદ મોકલવામાં આવશે. આ પ્રસાદમાં ૨૦૦ ગ્રામ લાડુ, ભભૂતિ અને ભગવાન શ્રી મહાકાલેશ્વરજીની છબીનો સમાવેશ થાય છે. પોસ્ટ વિભાગે એવી પણ વ્યવસ્થા કરી છે કે શ્રદ્ધાળુઓને સ્પીડ પોસ્ટની વિગતો તેમના મોબાઈલ નંબર પર SMS દ્વારા મળી રહે. આ માટે, ભક્તોએ ઈ-મની ઓર્ડરમાં પોતાનું પૂરું સરનામું, પિન કોડ અને મોબાઈલ નંબર લખવો ફરજિયાત રહેશે.

## ૧૧ વર્ષ બાદ હત્યાના આરોપીને પોલીસે દબોચ્યો



। અમદાવાદ,તા.૨૬ ।

અમદાવાદ શહેરના વટવા GIDC વિસ્તારમાં વર્ષ ૨૦૧૪માં થયેલ લૂંટના ઈરાદે હત્યા કેસમાં ફરાર આરોપીની ક્રાઈમ બ્રાન્ચે ધરપકડ કરી છે. આરોપી વેશ પલટીને અલગ અલગ રાજ્યોમાં રહેતો હતો. ક્રાઈમ બ્રાન્ચને માહિતી મળી હતી કે આરોપી કર્ણાટકમાં મેળામાં નોકરી કરે છે. તે માહિતીના આધારે ધરપકડ કરી લીધી છે. છેલ્લા ૧૧ વર્ષથી હત્યાને અંજામ આપીને આરોપી નાસતો ફરતો હતો. જોકે હાલ તેને પોલીસે ઝડપી પાડ્યો છે અને આ હત્યારા સામે પોલીસે કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે. આરોપી મૂળ મધ્ય પ્રદેશના ભીંડ જિલ્લાના રહેવાસી છે. તેના પર ઉપર આરોપ છે કે તેણે વર્ષ ૨૦૧૪માં પોતાના અને અન્ય ૬ સાગરીતો સાથે મળીને વટવા GIDC વિસ્તારમાં આવેલ કેમિકલ ઈન્ડસ્ટ્રીઝમાં ચોરી કરવા ગયેલ. પરંતુ ત્યાં સિક્યુરિટી મેનેજર જાગી જતા આરોપીઓ સાથે ઝપાઝપી થયેલ અને આરોપીઓએ સંતોષ સિંહ ભદોરિયાની હત્યા કરી ફરાર થઈ ગયેલ. જે કેસમાં ૬ આરોપીઓ અગાઉ પકડાઈ ચૂક્યા હતા.જોકે હત્યાને અંજામ આપ્યા બાદ આરોપી અરવિંદ ફરાર હતો. ક્રાઈમ બ્રાન્ચને માહિતી મળી હતી કે આરોપી કર્ણાટક અને મહારાષ્ટ્રના બોર્ડર ઉપર આવેલ મહારાષ્ટ્રના સોલાપુર જિલ્લાના કુર્દુવાડી ગામમાં મેળામાં મજૂરી કરે છે અને તે માહિતીના આધારે ક્રાઈમ બ્રાન્ચે તેની ધરપકડ કરી લીધી. આરોપીની તપાસમાં સામે આવ્યું કે આરોપી હત્યા બાદ દિલ્હી અને સાંગલી ભાગી ગયો હતો.

## નડિયાદની મહિલાને ઊંચા વળતરની લાલચ આપી ૧ કરોડની છેતરપિંડી







। નડિયાદ, તા.૨૬ ।

નડિયાદની મહિલાને તેમના પરિચિત ઈસમે ફંડમાં રોકાણ કરી ઊંચું વળતર અપાવવાની લાલચ આપી હતી. જેથી આ મહિલાએ ફંડમાં રોકાણ કરવા રોકડ તેમજ સોનાની પાંચ લગડીઓ મળી ૧ કરોડ રૂપિયા જેટલી માતબર રકમ આપી હતી. જે બાદ ઈસમે નાણાં પરત ન કરતા આ મામલે મહિલાએ ગુનો નોંધાવ્યો છે. નડિયાદ મહાગુજરાત હોસ્પિટલ સામે ઉત્તમ પાર્કમાં રહેતા જૈમીનીબેન સંદીપભાઈ વ્યાસના ઘરે તેમના પતિના મિત્ર નીરવ જશવંતભાઈ સોની (રહે. લેન્ડપાર્ક, ગીતાંજલિ ચોકડી, નડિયાદ) અવારનવાર મળવા આવતા હતા. આ દરમિયાન નીરવ સોનીએ જૈમીની બેનને હેજ ફંડમાં રોકાણ કરશો તો ઊંચું વળતર મળશે તેવી લોભામણી વાતો કરી હતી. જેથી જૈમીનીબેને તેમની વાતોમાં આવી વર્ષ ૨૦૧૯માં ૫ લાખ રૂપિયાનું રોકાણ કર્યુ હતું. જે થોડા સમય પછી પરત આપ્યા હતા. વિશ્વાસ બેસતાં જૈમીનીબેને અમદાવાદમાંનું મકાન વેચી તેના રૂપિયા તા. ૧૭/૭/૨૦૧૯થી ૨૮/૧૦/૨૦૨૪ દરમિયાન નિરવ સોનીના ખાતામાં ટ્રાન્ફર કર્યા હતા. ઉપરાંત સોનાની પાંચ લગડીઓ પણ આપી હતી. જે પરત આપતા જૈમિનીબેને તપાસ કરાવતા તે ખોટી હોવાનું જણાઈ આવ્યું હતું. જેથી અસલી સોની લગડીઓ તથા ફંડમાં નાણાંના વળતરની રકમ માંગતા નીરવ સોનીએ વોટ્સએપ પર રૂપિયા ટ્રાન્સફર કર્યાનું બતાવ્યું હતું. પણ આ નાણાં બેંકમાં જમા થયા ન હતા. દરમિયાન ૨૨/૦૨/૨૦૨૫ના રોજ જૈમીની બેનને નિરવ સોની અને તેની પત્ની મળતા પૈસાની તેમજ સોનાની લગડીની માંગણી કરતા નીરવ સોનીએ મેં તમે આપેલ રોકડનું રોકાણ કરેલું નથી. મારા અંગત કામમાં વાપરી નાખ્યા છે. આ પૈસા નહીં મળે તેમ કહી ઝઘડો કર્યો હતો. તેમજ પૈસા માંગે તો જાનથી મારી નાખવાની ધમકી આપી હતી. આમ નિરવ સોનીએ ફંડમાં રોકાણ કરાવી પૈસા તેમજ સોનાની લગડીઓ મળી ૧,૦૧,૩૧,૦૦૦ પરત ના આપી વિશ્વાસઘાત છેતરપિંડી કરી હતી.

## સુરતના ટેક્સટાઇલ માર્કેટમાં આગ, ગૂંગળામણના લીધે ૧નું મોત

**ચાલુ દિવસ અને પીક અવર હોવાથી માર્કેટમાં લોકોની ભારે ભીડ હતી. આગની લાગવાના સમાચાર મળતાં લોકોએ પોતાનો જીવ બચાવવા માટે દોડધામ કરી**



। સુરત,તા.૨૬ ।

સુરત શહેરના રિંગ રોડ વિસ્તારમાં આવેલા શિવશક્તિ ટેક્સટાઈલ માર્કેટના બેઝમેન્ટમાં આગ લાગવાની ઘટના સર્જાઇ હતી. જેના લીધે ભારે અફરાતફરીનો માહોલ સર્જાયો હતો. ચાલુ દિવસ અને પીક અવર હોવાથી માર્કેટમાં લોકોની ભારે ભીડ હતી. આગની લાગવાના સમાચાર મળતાં લોકોએ પોતાનો જીવ બચાવવા માટે દોડધામ કરી હતી. આગના કારણે ભારે ધુમાડાને ગોટેગોટા જોવા મળ્યા હતા. આ ઘટનામાં ગૂંગળામળના લીધે એક વ્યક્તિનું મોત નીપજ્યું છે. જોકે એ.સી. કોમ્પ્રેસરમાં બ્લાસ્ટ થતાં આગ લાગી હોવાનું પ્રાથમિક તબક્કે જાણવા મળ્યું છે. પ્રાપ્ત માહિતી અનુસાર સુરતના શિવશક્તિ ટેક્સટાઈલ માર્કેટના બેઝમેન્ટમાં આગ લાગી હોવાનો કોલ મળતાં ફાયર બ્રિગેડની ૨૦થી વધુ ગાડીઓ ઘટનાસ્થળે પહોંચી ગઇ હતી. બેઝમેન્ટમાં આવેલી ચારથી પાંચ દુકાનોમાં આગ પ્રસરી ગઈ હતી. ફાયરની ટીમે આગ પર કાબૂ મેળવવા માટે સતત પાણીનો મારો ચલાવી આગ પર કાબૂ મેળવવાનો પ્રયાસ કર્યો હતો. જોકે આગના લીધે ધુમાડાના ગોટેગોળા જોવા મળ્યા હતા. ધુમાડામાં ગુંગળામણના લીધે એક વ્યક્તિનું મોત નીપજ્યું છે. ફાયર બ્રિગેડના અધિકારીના જણાવ્યા અનુસાર શોર્ટ સર્કિટના લીધે આગ લાગી હોવાનું પ્રાથમિક તબક્કે જણાઈ રહ્યું છે. આગ લાગી ત્યારે બેઝમેન્ટમાં ૫૦થી વધુ લોકો હાજર હતા. આગ લાગતાં લોકોએ પોતાનો જીવ બચાવવા માટે રીતસરની અફરાતફરી મચાવી હતી. ફાયર ટીમે ઘટનાસ્થળે પહોંચી લોકોને બહાર કાઢ્યા હતા. આ આગની ઘટનામાં એક વ્યક્તિનું મોત નીપજ્યું છે, જ્યારે કેટલાક લોકોને ધુમાડાને લીધે ગુંગળામણની સમસ્યા સર્જાઇ છે. હાલ આગ પર કાબૂ મેળવી લેવામાં આવ્યો છે.

## નર્મદા નિગમની બિલ્ડીંગમાં મોડી રાત્રે શ્રમિકો વચ્ચે માથાકૂટ થતા ખૂની ખેલ ખેલાયો

**બે ઈસમોએ મળી એકને મોત ઘાટ ઉતારી દેતા ચકચાર મચી જવા પામી છે જોકે પોલીસે હત્યાના આ બનાવમાં બે આરોપીઓની ધરપકડ કરી લીધી છે**



। વડોદરા,તા.૨૬ ।

મિત્રતામાં મજાક હોય પરંતુ જો એ મજાક તમને મોતના મુખમાં ધકેલી દે તો? વડોદરામાં એક મિત્રને બીજા મિત્ર સાથે મજાક કરવી એટલી ભારે પડી કે તેને આ દુનિયા છોડવાનો વારો આવ્યો. વાઘોડિયાના નિમેટા નર્મદા કેનાલ પાસે આવેલી સરદાર સરોવર નર્મદા નિગમની બિલ્ડીંગમાં મોડી રાત્રે શ્રમિકો વચ્ચે માથાકૂટ થતા ખૂની ખેલ ખેલાયો હતો. જેમાં બે ઈસમોએ મળી એકને મોત ઘાટ ઉતારી દેતા ચકચાર મચી જવા પામી છે. જોકે પોલીસે હત્યાના આ બનાવમાં બે આરોપીઓની ધરપકડ કરી લીધી છે. જેમની પૂછપરછમાં કેટલાક ચોંકાવનારા ખુલાસા થયા છે. ગઈકાલે મોડી રાત્રે આજવા વડોદરા મ્યુનિસિપલ કોર્પોરેશનની પાણીની પાઈપલાઇન નાખવાની મજૂરી કામ કરતા પરપ્રાંતિય શ્રમિકો નિમેટા પાસે આવેલી સરદાર સરોવર નર્મદા નિગમની બિલ્ડીંગની એક રૂમમાં કોઈક વાતને લઈને માથાકૂટ થતા મામલો બીચક્યો હતો. અન્ય શ્રમિકો વચ્ચે છોડાવવા પડતા તેઓ સાથે પણ ગાળાગાળી કરાતા તેઓ રૂમ છોડી બહાર નીકળી ગયા હતા. રૂમમાં બે ઈસમો ભેગા મળી એક ઈસમને માર માર્યો હતો. જેમાં લોખંડની તવી, સળિયો અને સ્ટીલની સ્કેલથી માર મારી ૪૨ વર્ષીય સંજય કુમાર સત્યનારાયણ સિંગને મોતને ઘાટ ઉતાર્યો હતો. રૂમમાં ખેલાયેલા ખૂની ખેલના કારણે દીવાલો અને ફર્સ લોહીથી ખરડાઈ હતી. બંને ઈસમોએ સંજય કુમારને બાથરૂમમાં લઈ જઈ પાણી ચાલુ કરી હોશમાં લાવવાનો પ્રયત્ન કર્યો હતો. જોકે તે પહેલા ઈજાગ્રસ્ત સંજય કુમાર સિંગ મોતને ભેટ્યો હતો. આજે સવારે કોન્ટ્રાક્ટરે ઘટનાની જાણ વાઘોડિયા પોલીસને કરાતા વાઘોડિયા પીઆઈ જાડેજા, ડીવાયએસપી આકાશ પટેલ સહિત પોલીસની ટીમ ઘટના સ્થળે પહોંચી હતી. લોહીના નમૂના અને હત્યામાં વપરાયેલ વસ્તુઓને પોલીસે કબજે કરી હતી. હત્યા કયા કારણોસર કરવામાં આવી છે તે અંગે પોલીસે તપાસ હાથ ધરી હતી. પોલીસે અન્ય શ્રમિકો તેમજ કર્મચારીઓની પૂછપરછ કરી હત્યારાઓની શોધખોળ શરૂ કરતા મોડી રાત્રે બે આરોપીઓની ધરપકડ કરવામાં સફળતા મળી હતી. પોલીસ તપાસમાં રાત્રીના આઠેક વાગે મરણ જનાર સંજયકુમારસિંઘ તથા સદાનંદ વચ્ચે ઝઘડો થતા બાજુના રૂમમાં રહેતો રાહુલ સંજયસિંઘને પોતાના રૂમમાં સૂવા માટે લઈ ગયો હતો. રાત્રીના દસ વાગ્યાની આસપાસ મરણ જનાર સંજયસિંઘે નિંદ્રાધીન રાહુલનું મજાક મજાકમાં પેન્ટ ઉતારી અશ્લીલ હરકત કરતા સબક શીખવાડવાના ઈરાદે સદાનંદ અને રાહુલે ભેગા મળી રૂમમાં જઈ સંજયકુમારસિંઘને નિર્વસ્ત્ર કરી રૂમની અંદર લોખંડની સ્કેલ તથા લોખંડના સળિયાથી બનાવેલ કોસ અને રોટલી બનાવવા માટેના તવા વડે માર મારવાનું શરૂ કર્યું હતુ.

## વિદ્યાર્થીની હત્યાના કેસમાં ૬ શખ્સને સાત વર્ષની કેદ, ફેસબુકની કોમેન્ટની દાઝ રાખી સમજૂતિ કરવા વાડીએ બોલાવી કરાયેલા હુમલામાં યુવાનનું મોત નિપજ્યું હતું

। ભાવનગર, તા.૨૬ ।

મહુવાના કાટીકડા ગામમાં પાંચ વર્ષ પૂર્વે યુવતીને ભગાડી જવામાં મિત્રને મદદ કર્યાની શંકા તેમજ ફેસબુકમાં કરેલી કોમેન્ટની દાઝ રાખી થયેલી વિદ્યાર્થીની હત્યાના કેસમાં મહુવાની સેશન્સ કોર્ટે ૬ આરોપીને ઈપીકો કલમ ૩૦૪ પાર્ટ ૦૨ મુજબ કસુરવાર ગણી સાત વર્ષની કેદ અને રોકડ દંડ ફટકાર્યો છે. આ બનાવની હકિત એવી છે કે, ભાવનગર જિલ્લાના મહુવા તાલુકાના કાટીકડા ગામમાં રહેતા અને અભ્યાસ કરતો પ્રવીણ ગભાભાઈ ઢાપાનો મિત્ર જયદીપ મેરામભાઈની પુખ્ત વયની દીકરીને ભગાડી ગયો હતો જેમાં પ્રવીણનો હાથ હોવાની શંકા રાખી તેની અવારનવાર પૂછપરછ કરવામાં આવતી હતી. તેમજ પ્રવીણે પોતાના ફેસબુક એકાઉન્ટમાં 'રાણો રાણાની રીતે, કોળી સમાજનું નામ રોશન કર્યુ' એવી કોમેન્ટ મૂકી હતી તે બાબતની દાઝ રાખી ગત તા.૨૬ ફેબ્રૂઆરી,૨૦૨૧ના રોજ ભાભલુ કામળિયાએ પ્રવીણ ઢાપાને ખોડુભાઈની જૂની વાડીએ સમજૂતી કરવા બોલાવ્યો હતો. પ્રવીણ તેમના બહેન સાથે મથુરભાઈની વાડીએ જતા પાછળથી દોલુભા કામળીયાની સાથે હાલુ મોભ અને દેવકુ જાજડા બે મોટર સાઈકલ પર આવ્યા હતા અને બળજબરીથી પ્રવીણ ઢાપાને મોટરસાઈકલ પર બેસાડી મંગળુ કામળિયાની વાડીએ લઈ ગયા હતા અને બંને પગ રસ્સીથી બાંધી લાકડી અને લોખંડના પાઈપ વડે માર મારી ગંભીર ઈજા પહોંચાડતા પ્રવીણ ઢાપાનું મોત નીપજ્યું હતું.અને બનાવ હત્યામાં પરિણ્મ્યો હતો. આ બનાવ અંગે મૃતક પ્રવીણના ભાઈ મથુરભાઈ તેજાભાઈ ઢાપાએ દાઠા પોલીસ મથકમાં મહિપત મંગળુભાઈ કામળીયા, મેરા ઓઘડભાઈ કામળિયા, ભાભલુ બાબાભાઈ કામળિયા, દોલુ રાવતભાઈ કામળીયા, હાલુ ભાણભાઈ મોભ ( રહે.તમામ કટીકડા, તા.મહુવા ) અને દેવકુ ભીમભાઈ ઝાઝડા ( રહે. નાના જાદરા ) વિરૂદ્ધ દાઠા પોલીસ મથકમાં હત્યા સહિતની કલમ અન્વયે પોલીસ ફરિયાદ નોંધાવી હતી. આ બનાવ અંગેનો કેસ મહુવાની ચાથી એડિશનલ કોર્ટમાં ચાલી જતા અદાલતે સરકારી વકીલ કમલેશ કેસરીની દલીલો, ૪૬ લેખિત દસ્તાવેજી પુરાવાઓ, ૨૧ મૌખિક પુરાવાઓ ધ્યાને લઈને ઉક્ત તમામ છ આરોપીઓને આઈપીસી કલમ ૩૦૪ પાર્ટ ૦૨ મુજબ કસૂરવાર છેરવ્યા હતા.

## ગાંધીધામમાં ૧૪૦ કિલો ગાંજાના જથ્થા સાથે એકની ધરપકડ, શહેર છોડીને નાસી જવાની ફિરાકમાં હતો



। કચ્છ, તા.૨૬ ।

ગુજરાતમાં સતત ડ્રગ્સ અને દારૂની તસ્કરી સતત વધી રહી છે. આ દરમિયાન પૂર્વ કચ્છ જિલ્લા પોલીસે નશીલા પદાર્થે ગેરકાયદે હેરાફેરીને અટકાવવા માટે નાર્કોટીકસ પદાર્થોનું ખરીદ, વેચાણ કે સેવન કરનારા વિરુદ્ધ કડક કાર્યવાહી કરવામાં આવી રહી છે. આ દરમિયાન શહેર પોલીસે બાતમીને આધારે ગાંધીધામ જી.આઈ.ડી.સી. કુરિયર દ્વારા મંગાવેલો ૧૪૦ કિલો ગાંજાનો જથ્થો જપ્ત કર્યો હતો. જેની કિંમત અંદાજે રૂ. ૧૪,૦૬,૦૦૦ આંકવામાં આવી છે.ગુજરાત ટ્રાવેલ ગાઈડપ્રાપ્ત માહિતી અનુસાર પોલીસને પેટ્રોલિંગ દરમિયાન બાતમી મળી હતી કે ગાંધીધામ જી.આઈ.ડી.સી. વિસ્તારમાં આવેલી કુરિયર સર્વિસની ઑફિસમાં પાર્સલોની આડમાં ૧૪૦ પેકેટ ગાંજાનો જથ્થો મોકલવામાં આવ્યો છે. આ પાર્સલ છોડાવવા આવેલા વ્યક્તિને શંકા જતાં તેણે પાર્સલ છોડાવ્યું ન હતું અને બસ મારફતે શહેર છોડીને નાસી જવાની ફિરાકમાં હતો.જોકે પોલીસે ટેક્કિકલ સર્વેલન્સના આધારે ગેરકાયદેસર રીતે પાર્સલમાં ગાંજો લાવનાર આરોપી ધનચંદકુમાર પંડીતની ધરપકડ કરી ૧૪૦ કિલો ૬૦૦ ગ્રામ ગાંજો જપ્ત કર્યો હતો. આ અંગે પોલીસે ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે. આ પાર્સલ છોડાવવા આવેલા વ્યક્તિને શંકા જતાં તેણે પાર્સલ છોડાવ્યું ન હતું અને બસ મારફતે શહેર છોડીને નાસી જવાની ફિરાકમાં હતો.જોકે પોલીસે ટેક્કિકલ સર્વેલન્સના આધારે ગેરકાયદેસર રીતે પાર્સલમાં ગાંજો લાવનાર આરોપી ધનચંદકુમાર પંડીતની ધરપકડ કરી ૧૪૦ કિલો ૬૦૦ ગ્રામ ગાંજો જપ્ત કર્યો હતો. આ અંગે પોલીસે ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

